ચંદ્રમણિ પ્રકાશન

કિંમત ₹ ૨૦

# મમતા

વર્ષ: ૧, અંક: ૪, ફેબ્રુઆરી - ૨૦૧૨

વાર્તામાસિક

આવતીકાલના વાર્તાકારોનું આજનું માસિક



- રા. વિ. પાઠક
- નીલમ દોશી
- ધરમાભાઈ શ્રીમાળી
- બકુલેશ દેસાઈ
- કલ્પેશ પટેલ
- પ્રફુલભાઈ સી. ત્રિવેદી
- શશિકાન્ત પટેલ
- કમલા દાસ
- વિક્તોર સ્તાવકિન
- વી. એસ. નાયપોલ



**ઇનામ વિતરણ સમારંભ**



# વાર્તાસ્પર્ધાનું પરિણામ

રાજકોટ મુકામે તા. ૩જી માર્ચ, ૨૦૧૨ના રોજ સાહિત્ય પરિષદના મંત્રી રાજેન્દ્ર પટેલના પ્રમુખપદેથી જાહેર થશે. મુખ્ય અતિથિ ગુજરાતના લાડકવાયા કટારલેખક જય વસાવડા, વિશેષ ઉપસ્થિતિ રાજકોટના નાયબ મ્યુનિસિપલ કમિશનર પરેશ વ્યાસ, મૂર્ધન્ય વાર્તાકાર રજનીકુમાર પંડ્યા, અમેરિકાસ્થિત લેખિકા સુચી વ્યાસ. આયોજક ડાયાસ્પોરા સાહિત્યના અભિરક્ષક અને સંશોધક બળવંત જાની (ગાર્ડી રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ કુલ ૩૦૬ વાર્તાઓની આ જબ્બર વાર્તાસ્પર્ધાનું પહેલું ઇનામ 'મમતા'ના પહેલા ગ્રાહકના હાથે અર્પણ થશે. બીજું ઇનામ એક જાણીતા વાર્તાકારના હાથે અને ત્રીજું ઇનામ નવોદિત વાર્તાકાર 'કુજલ ધ લિટલ એન્જલ'ના હાથે અપાશે. **સમય : શનિવાર ૩ માર્ચ, ૨૦૧૨, બપોરના ૪:૩૦ થી ૬:૩૦ સ્થળ : આત્મીય એન્જિનીયરીંગ કોલેજ** સૌ સ્પર્ધકોનો આભાર. અને સર્વ લેખકો અને નવોદિતોને ભાવભીનું આમંત્રણ

ચંદ્રમણિ પ્રકાશન

# મમતા

વાર્તામાસિક

## આવતીકાલના વાર્તાકારોનું આજનું માસિક

સંપાદક મધુ રાય

તંત્રી, મુદ્રક, પ્રકાશક એ. વી. ઠાકર

જેની વાત ગયા સપ્ટેમ્બર મહિનાથી ગાજતી હતી, જેની છેલ્લી તારીખો ત્રણ વાર લંબવાઈ હતી તે ૫૧,૦૦૦ રૂપિયાના પહેલા ઈનામની જબ્બર વાર્તાસ્પર્ધાનો સુખદ અનુભવ સંપાદકનાં ગાત્રોને સંતર્પે છે. આ સ્પર્ધામાં ૧૬થી ૭૨ વર્ષના સ્પર્ધકોએ ભાગ લીધો છે, ઈમેઇલથી, ટપાલથી, કુરિયરથી, હાથોહાથ અને કેટલાકે એ સર્વ રીતે નિજ નિજની રચનાઓ મોકલાવી છે. ઘણાંએ ખાસ નોંધ્યું છે કે તેમણે લવાજમ ભર્યાં છે; કેટલાકે સંપાદકનાં તો બીજાંએ માલિક મુદ્રક પ્રકાશકનાં ભારોભાર વખાણ કીધાં છે.

લેખકોમાં હિંદુ, જૈન, પારસી, ખ્રિસ્તી અને મુસ્લિમ તેમ જ ૮૫ સ્ત્રીઓ અને ૧૯૫ પુરુષોએ કુલ ૩૦૬ વાર્તાઓ મોકલી છે, નિવૃત્ત શિક્ષકો કે અમલદારો, અને ઉત્સાહથી છલછલતા યુવકયુવતીઓ વધુ છે. વાર્તાઓમાં ૧ ઓસ્ટ્રેલિયા, ૧૫ અમેરિકા, ૨ આયર્લેન્ડ, ૨ કેનેડા, ૧ બ્રિટન અને ૧ સિંગાપુરથી આવી છે. ૫૩ અમદાવાદથી, ૩૦ સુરત, ૨૪ મુંબઈ, ૨૦ રાજકોટ, ૧૬ ભાવનગર, ૧૫ વડોદરા, ૭ ગાંધીનગર, ૭ ભરૂચ, ૭ જૂનાગઢ, ૬ જામનગર, ૬ ભુજ, ૪ અમરેલી, ૩ આણંદ, ૩ વેરાવળ, ૩ વ્યારા, ૨ બિલિમોરા, ૨ નવસારી, ૨ વલસાડ, ૨ પોરબંદર, ૨ સુરેન્દ્રનગર, અને એક-એક અમલસાડ, બારડોલી, દામનગર, ધારોલ ધોંધવા, ધોલસા, દ્વારકા, ગાંધીધામ, હાલોલ હિંમતનગર, જમાલપુર, ઝેરાડા, માંડવી, માંગરોળ, મહેસાણા, નડિયા, પડારિયા, પાલનપુર, પીપરડી, વઢવાણ, સાવરકુંડલા, શેરપુરા, થાનગઢ, ઉચ્છલ, ઉપલેટા, વડાલી, વાલોડ, બિકાનેર, કોલકાતા, પૂણે, બેંગલોર અને વર્ધા વગેરે વગેરે સ્થળેથી, ચારે દિશાએથી ને ઈશાન, અગ્નિ, નૈર્ઋત્ય અને વાયવ્યથી આવી છે.

કોઈએ એક, કોઈએ બે, કોઈએ ત્રણ ને કોઈએ સાત સાત વાર્તાઓ પણ મોકલી છે. કોઈએ પોતાનું, પિતાનું અને અટક એમ આખાં નામથી, કોઈએ નામ સાથે ઉપનામથી, અને એકે ફક્ત એકલા પોતાના નામથી અદાકારી નોંધાવી છે. કોઈએ બોર્ડર ને ફૂલબુટાથી શણગારીને, કોઈકે બિલકુલ સાદા કાગળ ઉપર હાથેથી લખીને અને ઘણાંએ કમ્પ્યૂટરથી ટાઈપ કરીને ઉમેદવારી કરી છે. એકવીસ વાર્તાનાં શીર્ષક અંગ્રેજી છે, ૩૨ વાર્તાઓનાં શીર્ષકો 'પાર્ટલી' અંગ્રેજી છે, અને 'આંસુ' શબ્દ ત્રણ શીર્ષકોમાંથી ટપકે છે.

જોડણી ભાગ્યે જ કોઈની સક્ષમ છે, એક કિશોરના હસ્તાક્ષર ચિતચોર છે. કોઈએ સ્ટાઈલિશ ફોટા મોકલ્યા છે, કોઈકે કેમેરાની આંખમાં આંખ નાખીને 'હાય હની' કહેતા ચહેરા સાથે ને કોઈએ એક રથના ચક્ર પાસે ઊભા રહીને પડાવેલી છાયાછબીઓ પ્રેષિત કરી છે. પરિચયમાં કોઈએ ચાર લીટીનો સાદો, કોઈએ ચાર પાનાંનો વિસ્તૃત અને કોઈએ કશો જ પરિચય મોકલ્યો નથી. બાંયધરીમાં મોટાભાગે સાદા કાગળ ઉપર ચાર લીટીમાં વાર્તા મૌલિક અને અપ્રગટ હોવાની બાંયધરી આપી છે, પણ એક આશાવાન સજ્જને બે રૂપિયાના સ્ટેમ્પપેપર ઉપર મેજિસ્ટ્રેટની સાહેદી સાથે સોગંદનામું ધર્યું છે.

વસ્તુમાં 'મા' હજી ઠેર ઠેરથી હાક દે છે, ઘરડાં માબાપની અંતરવ્યથાએ પણ ઘણી કહાણીઓ ઝડપી છે. એક ફેન્ટેસીની વાર્તા છે, એકમાં શૃંગાર છે, એકાદ બેમાં યૌનજીવનની ચર્ચા છે, કેટલીક ભ્રષ્ટાચારની, કેટલીક વ્યર્થ પરિણયની, વગેરે જાણીતા વિષય તો છે જ; પણ અનેક નવા નવા વિષયોની, ધાર્મિક હિંસાની, પારિવારિક મારઝૂડની, દલિતોની, શો બિઝનેસની, વીર્યના સેળભેળની, કેટલીક લગ્નેતર સંબંધોની કથાઓ છે. એક 'ડોક્ટર'એ બીજા લેખકની પ્રકાશિત વાર્તાનો અક્ષરશઃ ઉતારો કરીને, એક વેપારીએ ઈન્ટરનેટ ઉપર ચકરાવા લેતા જોકને ઉપાડીને, કોઈકે પોતે લખીને ને પત્ની પાસે પણ લખાવીને, અને એક શક્કી વાચકના મતે કોઈક વિખ્યાત લેખકે પોતાના ભાઈભત્રીજાના નામે એમ વિધવિધ કૃતિઓ સાદર કરી છે.

આપ સૌ સ્પર્ધકોનો આભાર, સજ્જનો અને સન્નારીઓ, આપે અમારા કાર્યને ધન્ય બનાવ્યું છે. અને આ સ્પર્ધામાં વગડાની આગ જેવો જેમનો ભડકે બળતો ઉત્સાહ અને સેંકડો કલાકની મહેનત છે તે સુચી વ્યાસને ૩૦૬ તોપની સલામી. રજનીકુમાર પંડ્યા, બાબુભાઈ ભૂખણવાળા, ગિરીશ વ્યાસ, બાબુ સુથાર તથા રશ્મિ સત્યદેવને સહકાર અને ઉત્સાહ આપવા બદલ અને મોહનદાસ બિલિમોરિયાને અંતઃકરણપૂર્વક સાધુવાદ. ઈનામ વિતરણ સમારંભમાં ઉપસ્થિત રહેવાની હા કહેવા બદલ જય વસાવડા, રાજેન્દ્ર પટેલ, પરેશ વ્યાસ અને કુંજલ છાયાને તેમ જ સમારંભના આયોજનનો ભાર સ્વીકારવા બદલ બળવંત જાનીનો આભાર. હવે એક મહિનાનાં કપડાં ધોવા, બિલો ભરવા અને દાઢી કરવાનો અવસર મળશે, યારો, જિંદગી જીવવા જેવી લાગે છે.

--મધુ રાય

# નિયમાવલિ

- 'મમતા'માં દર માસની ૧૧મી તારીખે પ્રસિદ્ધ થાય છે.
- 'મમતા' કોઈ સવેતન કર્મચારી નથી તેથી ગ્રાહકો અને વાર્તાકારોના સહયોગની અપેક્ષા છે.
- 'મમતા' આવતી કાલના વાર્તાલેખકોનું આજનું માસિક છે તેથી તેમાં નવા લેખકોને હાર્દિક આવકાર છે.
- 'મમતા' માં કમ્પ્યુટર ઉપર લેટર સાઇઝ કે એફોર સાઇઝના કાગળ ઉપર ટાઇપ કરેલી, ઈ-મેઈલથી (sub: story for mamata) મોકલેલી કૃતિઓ વહેલી ધ્યાનમાં લેવાશે. ઈમેઈલ કરેલી કૃતિની પહોંચ અને નિર્ણય ઈમેઈલથી જણાવાશે.
- ટપાલ કે કુરિયરથી ઉપર મુજબ ટાઇપ કરેલી વાર્તાઓ તે પછી ધ્યાનમાં લેવાશે. હાથે લખેલી વાર્તાઓ પણ સ્વીકારાશે, પણ તેના નિર્ણયમાં વિલંબ થશે. ટપાલ કરેલી વાર્તા સાથે જવાબી પોસ્ટકાર્ડ હશે તો પહોંચ જણાવી શકાશે.
- 'મમતા' માત્ર વાર્તામાસિક છે. તેમાં ફક્ત વાર્તા સ્વીકારવામાં આવશે.
- વાર્તાની સાથે એ કૃતિ પૂર્વે કોઈ પ્રકાશનમાં, ઇન્ટરનેટ કે રેડિયો-ટીવી ઉપર કે બીજે ક્યાંય પણ કોઈ સ્વરૂપે અપ્રકાશિત અને મૌલિક છે તેવો પત્ર, લેખકનો ફોટો, ૫૦ શબ્દોમાં પરિચય તેમ જ ફોન નંબર અને હોય તો ઈ-મેઈલ આઈડી મોકલવાં.
- અનુવાદ કે રૂપાંતર સાથે મૂળ લેખકનું નામ, ૫૦ શબ્દોમાં પરિચય તથા હયાત હોય તો તેમનો અનુમતિપત્ર અને સરનામું, ફોન નંબર તથા ઈ-મેઈલ આઈડી મોકલવાં અનિવાર્ય છે.
- લખાણોની જોડણી સાર્થ જોડણીકોશ મુજબ ઇચ્છનીય છે.
- વાર્તા મળ્યા બાદ એકાદ - બે માસમાં લેખકને નિર્ણય જણાવવામાં આવશે. દરેક વાર્તાની એક નકલ સાચવવી. અસ્વીકૃત વાર્તા પાછી મોકલી શકાશે નહીં.
- પ્રસિદ્ધ થયેલી દરેક કૃતિના પ્રથમ પ્રકાશનનો પુરસ્કાર અપાય છે. તે પછી પ્રકાશનના તમામ હક લેખકના રહેશે.
- 'મમતા'નું (૧૨ અંક) વાર્ષિક લવાજમ રૂ. ૨૦૦ છે. લવાજમનો ચેક કે ડ્રાફ્ટ 'મમતા મન્થલી'ના નામે રીડર્સ પેરેડાઇઝના સરનામે મોકલવો. સંસ્થાઓમાં રોકડેથી પણ લવાજમ આપી શકાશે, જેની પહોંચ સાચવી રાખવી.
- ગ્રાહકોને ૨૦મી તારીખ સુધીમાં અંક ન મળે તો ફરિયાદ નોંધાવવી. કોઈ પણ પત્રવહેવારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો.
- **વાર્તા મોકલવાનું, લવાજમ ભરવાનું, અંક ન મળ્યાની ફરિયાદ કરવાનું તથા તમામ પત્રવહેવારનું સરનામું 'મમતા' કાર્યાલય, કેર ઓફ રીડર્સ પેરેડાઈઝ, ૬ ઉત્સવ રો હાઉસ, સાલ હૉસ્પિટલની સામે, થલતેજ, અમદાવાદ ૩૮૦૦૫૨ અથવા ઈ-મેઈલ** mamatamonthly@hotmail.com
- રજિસ્ટર્ડ ઓફિસઃ 'મમતા' કાર્યાલય, કેર ઓફ એ. વી. ઠાકર, ૯૭૭/૨ સેક્ટર ૭-સી, ગાંધીનગર ૩૮૨-૦૦૭ ઈ-મેઈલ mamatamonthly@hotmail.com

# અનુક્રમ


**૦૩ પંખીનો મેળો...**

**૦૪ રા. વિ. પાઠક / અતીતરાગ**

**૧૦ નીલમ દોશી / અંતરના આયનેથી**

**૧૬ ધરમાભાઈ શ્રીમાળી / પછડાટ**

**૨૧ બકુલેશ દેસાઈ / નજરકેદ**

**૨૪ કલ્પેશ પટેલ / રેશમી લટ**

**૨૭ પ્રફુલભાઈ સી. ત્રિવેદી / વંદના**

**૨૯ શશિકાન્ત પટેલ / ડર**

**૩૨ કમલા દાસ / પરપ્રાન્તીય વાર્તા - દૂધપાક**

**૩૫ વિક્તોર સ્તાવકિન / પરદેશી વાર્તા - વોર અને પીસ**

**૩૭ વી.એસ.નાયપોલ / રાગ વિશ્વરંજની - કેફિયત**



ડિઝાઇન અને લે-આઉટ 'આર્ટ મણિ' રીટા ડાંગોદરા
એફ એફ/૧૩ મૂર્ધન્ય કોમ્પલેક્સ, સુપર સોસાયટીની સામે, રામદેવનગર, સેટેલાઇટ, અમદાવાદ-૩૮૦૦૧૫

રેખાંકન કિશોર રાવળ, અતુલ પડિયા

મુદ્રણ સ્થાન એલાઇડ ઓફ્સેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨ કાલિદાસ મિલ કંપાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ ૩૮૦૦૨૧ ફોન ૨૨૯૪ ૧૧૫૦

પ્રબંધ બિપિન શાહ, રીડર્સ પેરેડાઇઝ, અમદાવાદ

મુખપૃષ્ઠ ડિઝાઇન ધરા રાજપૂત

# પંખીનો મેળો

'એક માણસને મારા માથા ઉપર છત્રી મારવાની કુટેવ છે' વાર્તા આ અંકની એકમાત્ર અદ્‌ભુત કહી શકાય એવી છે! સ્થૂળ ઘટના દ્વારા કેવો સૂક્ષ્મ નિર્દેશ છે! વાહ ક્યા બાત હૈ! શ્રી રઘુવીરભાઈ, તમે આવી એકાદ વાર્તા આપો, એવી મારી કામના જી રે... 'ગોવાલણી' વાર્તા પછી ગુજરાતી વાર્તાસાહિત્યનો વૈભવ કેટલો વધ્યો છે એની ચર્ચા સાહિત્ય અધિવેશનમાં કરશો, વિવેચકશ્રીઓ? 'બારી' વાર્તા રસ પડે એવી છે, પણ 'મારા દાદાની ચુડેલ' વાર્તા 'ઝગમગ' કે 'બાલભાસ્કર'માં મોકલી હોત તો? 'મમતા' દીર્ઘાયુ રહે એવી મનોકામના...

**રમેશ શાહ, અમદાવાદ**

મમતાની વાર્તાઓમાં યોગદાન આપનારા પરિચિત વાર્તાકારોની વાર્તાઓ વાંચી મિશ્ર લાગણી ઉદ્‌ભવી. આશા રાખું છું કે હવે પછીના અંકો પણ આવા જ સમૃદ્ધ હશે. આપના પરિશ્રમ અને નિષ્ઠા બદલ આભાર!

**ચિનુપ્રસાદ જાની, અમદાવાદ**

કશા જ પ્રયોગમાં રાચ્યા વિના પરંપરિત રીતે લખાયેલી 'ગોવાલણી' અને 'શામળશાનો વિવાહ' આજેય એવી જ તાજી લાગી. પહેલા અંક કરતાં બીજા અંકની વાર્તાઓ વિશેષ ગમી. પરદેશ વસતા ગુજરાતી લેખકોની વાર્તાઓમાં નવી જ આબોહવાનો સ્પર્શ અનુભવ્યો. આવા અન્ય પરદેશમાં વસતા ગુજરાતી વાર્તાકારોની વાર્તાઓ વધુ આપતા રહેશો. વાર્તાઓ ગમી. 'મમતા'નાં બાહ્ય રૂપરંગ ન ગમ્યાં. 'પરબ' કે 'અખંડ આનંદ'ના કદનું બાહ્ય ટાપટીપ વિનાનું સાદું-સરળ મમતા ન બની શકે?

**મુનિકુમાર પંડ્યા, જૂનાગઢ**

વિદ્યાર્થીજીવન દરમિયાન અસંખ્ય વાર્તાઓ વાંચવા મળી હતી. 'આરામ', 'ચાંદની', 'સવિતા' - આ ત્રણ માસિકો નવોદિતોને પણ આગવું સ્થાન આપી સુંદર વાર્તાઓને સ્થાન આપતાં હતાં. રસપ્રદ વાર્તાસાહિત્ય અને રસજ્ઞને પ્રોત્સાહનરૂપે અમૂલ્ય ભાથું ગણાતી આ વર્ષો જૂની ખોટ 'મમતા' વાર્તા માસિક પ્રસિદ્ધ કરી પૂરી કરી. ધન્યવાદ અને અભિનંદન. માયાજાળ, કીમિયો વાર્તા ખૂબ જ ગમી. શામળશાનો વિવાહ તથા અન્ય બધી જ રસપ્રદ વાર્તાઓ વાંચવાની મજા પડી ગઈ. અભિનંદન..

**રાયસિંગ, ડી. વળવી,**
**ધરમપુર, જિ. વલસાડ.**

બીજો અંક વધુ સારો બન્યો જણાય છે. પ્રગતિનો એ જ ક્રમ દરેક રીતે જારી રહે. થોડીક છપાઈ ભૂલો રહી ગઈ છે. એક વાર્તાની ઉદ્ધરણ-પંક્તિઓ બીજી વાર્તામાં મુકાઈ જવી અને બે સ્થાને પુનરાવર્તિત થવી, સંવાદમાં જરૂરી અવતરણચિહ્નોનાં અપહરણ થવાં, આવી જે ભૂલો છે તે ભાવિ અંકોમાં નહીં હોય એવી આશા રાખું. આશાવર્ધક વાત તો એ છે કે પહેલા અંક પછી આવેલાં વાચકોનાં યોગ્ય સૂચનો (જુઓ પંખીનો મેળો) બીજા અંકમાં અમલમાં મુકાયાં છે, જેમ કે અનુસંધાન રસક્ષતિ, મોટા ટાઇપની પ્રારંભિક લીટીઓ વગેરે. એક સૂચન કરું. અમુક લેખકોને તેમનું લખાણ છપાવાના પહેલાં પ્રૂફ-રીડિંગ માટે મોકલી શકાય (તો કહીએ, ધ પ્રૂફ ઇઝ ઇન ધ પ્રૂફ-રીડિંગ).

**વિરાફ કાપડિયા,**
**પ્લેન્સબરો, ન્યુ જર્સી, અમેરિકા**

સવિનય 'મમતા' વાર્તામાસિક પ્રવેશાંક વાંચતાં આનંદ અનુભવ્યો. ગુજરાતમાં વાર્તામાસિકની ખોટ હતી એ 'મમતા' દ્વારા દૂર કરી કે વાર્તાભૂખ્યા વાચકોની ભૂખ અવશ્ય ભાંગશે. પ્રથમ પ્રયાસને આવકારું છું. શુભેચ્છાઓ.

**ભૂપેન્દ્ર શેઠ, 'નીલમ', જામનગર**

મારા લેખકમિત્રોની એક વિનંતી આપના સુધી પહોંચાડવા પત્ર લખું છું. 'મમતા' માટે લેખકો ફક્ત એ-ફોર સાઇઝમાં ટાઇપ કરેલી જ વાર્તા મોકલવી એવી માગણી વધુ પડતી છે. મોટા ભાગના લેખકો હાથથી જ લખે છે, વળી દરેક વખતે બહાર ટાઇપ કરાવી, પ્રૂફ જોવું, ફરી કોપી કઢાવવી, આ બધું કામ કડાકૂટવાળું તથા સમયનો વ્યય કરનારું છે. કશો વચલો માર્ગ વિચારી શકાય તો 'મમતા' પ્રત્યે લેખકોને કૂણી લાગણી જળવાઈ રહે. 'મમતા' એ-ફોર સાઇઝમાં જ સારા સુવાચ્ય અક્ષરોથી, હાથેથી લખેલી વાર્તા સ્વીકારે તો લેખકોની અને 'મમતા' સ્ટાફની સુગમતા જળવાઈ રહે.

**કામિની સંઘવી, સુરત**

ફક્ત 'વાર્તા'નું સામયિક 'મમતા' ગતિમાન થાય છે, ત્યારે 'ચાંદની'સમા સામયિકનું પણ સહજ સ્મરણ થાય જ. એમાં પણ 'કવિતા'નો વિભાગ રહેતો, એ વિચારવા યોગ્ય છે. 'ફક્ત વાર્તા'નું લેબલ મર્યાદિત વાચકવર્ગનું જ બની જાય, જે ભવિષ્યમાં પ્રકાશન માટે પણ મર્યાદા બની શકે. વાર્તાસંગ્રહોનાં અવલોકન/વિવેચન, યાદગાર વાર્તાઓ પરથી સર્જાયેલી ફિલ્મો કે નાટકની ચર્ચા લઈ આવતા રસપ્રદ લેખો, વાર્તા નિમિત્તે છેડાયેલા મહત્ત્વના મુદ્દાઓ પર કેન્દ્રિત ચર્ચા, એકાદ રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય સ્તરના વાર્તાકારની તસવીર સાથેનો સંક્ષિપ્ત પરિચય વગેરે સામગ્રી ઉમેરાય તો એકવિધતાને ટાળી શકાય.

**નિર્મિશ ઠાકર, અમદાવાદ**

'આવતી કાલના વાર્તાકારોનું આજનું માસિક' સાચે જ ખૂબ જ પ્રભાવક અને નવોદિતો માટે પ્રોત્સાહન પૂરું પાડે તેવી ક્ષમતા ધરાવે છે. એક જબ્બર વાર્તાસ્પર્ધા નવોદિતો માટે એક મોટા આશ્વાસનરૂપ બની રહેશે... ખૂબ ખૂબ અભિનંદન...

**ફિલિપ ક્લાર્ક, ગાંધીનગર**

***તમને કઈ વાર્તાઓ ગમી? વાચકોનાપત્રો બને તો ઈમેઈલથી (sub: pankhino melo) મોકલવા. 'મમતા' વાર્તામાસિક, કેર ઓફ રીડર્સ પેરેડાઇઝ, ૯ ઉત્સવ રો હાઉસ, સાલ હોસ્પિટાલની સામે, થલતેજ, અમદાવાદ ૩૮૦૦૫૨.***



## રા. વિ. પાઠક / અતીતરાગ

# બે મુલાકાતો

*રામનારાયણ વિશ્વનાથ પાઠકે (૧૯૮૭-૧૯૫૫) રા. વિ. પાઠક, દ્વિરેફ ઉપરાંત શેષ અને સ્વૈરવિહારી જેવાં ઉપનામોથી ગુજરાતી સાહિત્યમાં એકમાત્ર નવલકથાના સ્વરૂપને બાદ કરતાં કવિતા, નવલિકા, હળવા નિબંધો, વિવેચન, છંદશાસ્ત્ર, નાટક, અનુવાદ, સંપાદન જેવાં વિવિધ ક્ષેત્રોમાં વિપુલ માત્રામાં પ્રદાન કર્યું છે. 'પ્રસ્થાન' માસિકના તંત્રી તરીકેની તેમની સેવાને પણ વિશેષરૂપે નોંધનીય લેખવામાં આવે છે. વાર્તાક્ષેત્રે ધૂમકેતુના આગમન પછી બહુ થોડા સમયમાં તેમનું આગમન થયું, પણ તેમણે ધૂમકેતુની જેમ ઊર્મિલ નહિ, પણ વાસ્તવવાદી વાર્તાનો વધુ પુરસ્કાર કર્યો. અહીં લેવામાં આવેલી તેમની વાર્તા 'બે મુલાકાતો' આપણા સ્વાતંત્ર્ય સંગ્રામના વાતાવરણની પડછે સ્વયમ્સ્ફૂર્ત સ્ત્રી-જાગૃતિનું દર્શન તો કરાવે જ છે, પરંતુ એથીય વધુ માનવીય સંબંધોની પરિવર્તનશીલતાનો પણ પરિચય કરાવે છે.*

**વાર્તાસંકલન અને પરિચય**
**રજનીકુમાર પંડ્યા**
**૯૮૯૮૦ ૧૫૫૪૫**
**rajnikumarp@gmail.com**

જેલના મોટા દરવાજા બહાર અનેક સ્ત્રી-પુરુષો પોતાના સ્વજનની મુલાકાત લેવા આવેલાં છે. અત્યંત ઉત્સુક નજરથી તે સર્વ, જાડા સળિયાથી અને અંદરના અંધારાથી લગભગ અપારદર્શક થઈ ગયેલા દરવાજાની અંદરના ભાગમાં નજર નાખે છે. કોઈ દરવાજા પાસે આમથી તેમ ફરે છે, કોઈ મેડી ઉપરની બારી બાજુ જુએ છે, કોઈ રાહ જોવાના કંટાળાનો સમય કાઢવા જેલની અને જેલની બહારની વાતો કરે છે, જેને મળવા આવેલા છે તેનાં વખાણ કરે છે, કોઈ અમલદારોને શાપ આપે છે, કોઈ તેમના અન્યાયની કડવા શબ્દોમાં ફરિયાદો કરે છે, કોઈ કોઈ વાર પૈસાદારો મોટર કે ગાડીમાંથી ઊતરી કરંડિયા લાવી અંદર ખબર આપે છે, ત્યારે એક ઝાડ નીચે લોટામાં પીવાનું પાણી ભરીને બેઠેલી, સાદાં ગામડિયાં લૂગડાં પહેરેલી ડોશી વારંવાર દરવાજા સામે જોતી વધારે દીન બનતી ન સંભળાય તેવા નિશ્વાસ નાખે છે, પણ આ બહારના માણસોની લાગણીની જાણે જરા પણ પરવા કર્યા વિના જેલનું કામ ચાલે છે. બહારની મુક્ત હવા પણ એક વાર અટકાયત વિના, એક વાર બંધાયા વિના અંદર ન જઈ શકે એ જ જેલનું મુખ્ય કામ હોય તેમ, બન્ને સામસામા દરવાજા એકસાથે ઉઘાડા ન રહી જાય તેને માટે સૌથી વધારે ધ્યાન અપાતું હતું. કોઈ વાર બહારનો દરવાજો ખૂલતો, પણ તે માત્ર અંદરના કેદીઓને બહાર કામ ઉપર લઈ જવા અથવા બહારથી કામ કરી આવેલા કેદીઓને અંદર લઈ જવાને અને તે વખતે પીળી ટોપીવાળા અભણ વૉર્ડરોની 'ગિનતી'ની ધમાલ એટલા ભાગમાં પ્રસરી જતી. દર ક્ષણે 'ગિનતી' થતી, કેટલા ગયા, કેટલા આવ્યા, કેટલા બાકી રહ્યા, તેના હિસાબની ભૂલ, ભૂલની આશંકા, બહારનાની અને બાકીનાની ફરી ગિનતી, કોઈ ઑફિસરના આવવા કે જવા વખતની અનેક વારની મારી મારીને બરાબર પઢાવી દીધેલી સલામો, અંદરના ચાલતા પંખા, મોટેથી ઉચ્ચારાતા હુકમો અને તેનો તેથી વધારે મોટા જીકારાથી આપેલો જવાબ એ સર્વના મિશ્રણથી વાતાવરણ ઘન થઈ ગયું હતું.

અંતે વિનાયકનું નામ બોલાયું એટલે એ ડોશી લોટો હાથમાં લઈ ઊભી થઈ. દરવાજાની ભારે જાળી એક પીળી ટોપીવાળાએ ઉઘાડી, ડોશી અંદર ગઈ,અને એ બારી પાછી ધીમે રહીને દેવાઈ ગઈ. ડોશીથી અજાણતાં એ દેવાતી બારી તરફ શંકાની નજરથી જોવાઈ ગયું. પીળી ટોપીવાળા વોર્ડરે આ જોઈને દરવાજાની અંદરની એક ઓરડી બતાવતાં જેલની ભાષામાં કહ્યુંઃ 'બેઠો.' જેમ જેલ સમાજની બહાર છે તેમ જેલની ભાષા પણ સમાજની બહાર છે.

ડોશી એ સામાન ભરેલા ઓરડાના બારણા તરફ જોતાં બેઠાં. એટલામાં થોડી વારે જેલની વિધિ પ્રમાણે અંદરના દરવાજાની બારી ઊઘડી ને વિનાયક આવ્યો. જાણે તેના શરીરને પણ સળિયાની જાળીમાં જકડી લેવું હોય તેમ તેના પહેરણ અને ટૂંકી ચોરણી પર કદરૂપી મોટી ચોકડીની ગળિયેલ ભાત હતી. આ વિચિત્ર પહેરવેશ જોઈને તેની માથી એક વાર તો દબાયેલા સ્વરે 'બાપુ વિનુ' એવી હાય નખાઈ ગઈ. વિનુએ આશ્વાસનથી કહ્યુંઃ 'આવો બા! મજામાં છું.'

'બાપુ, તારું શરીર તો સારું છે ને!'

'હા, બા મારી ફિકર કરશો નહીં.'

'તને ખાવાનું તો ફાવે છે ને!' ખવરાવવું પોષવું એ અનેક યુગોની સાધનાથી માતાના જીવનમાં જેટલું રહસ્યભૂત અને ભવ્ય થયું છે તેટલું બીજા કોઈના જીવનમાં નથી થયું. પત્નીને પણ 'ભોજ્યેષુ

માતા' થવું પડે છે.

'હા! બા મને મજા પડે છે!'

'તને શું ખાવા મળે છે?'

'રોટલા, દાળ-શાક બધું મળે છે અને સવારમાં કાંજી મળે છે તે તો એટલી સરસ હોય છે કે મને લાગે છે કે આપણે ઘેર પણ દાખલ કરવી જોઈએ.'

'મેં તો સાંભળ્યું છે કે રોટલામાં સરકાર સિમેન્ટ નખાવે છે.' શરૂઆતમાં રોટલામાં કાંકરી આવતી હતી તેનો કોલકલ્પનાએ આવો ખુલાસો કર્યો હતો.

'ના રે બા! એવું હોય? મારું તો અહીં વજન પણ વધ્યું છે.'

'વજન' શબ્દ આવ્યો એટલે આ વાતચીત પર કે કારકુનને ચોકી રાખવા મૂક્યો હતો તે એકદમ એની નિદ્રામાંથી જાગૃત થઈ બોલી ઊઠ્યોઃ 'વજનની વાત ન કરો.'

વિનાયકે કહ્યુંઃ 'પણ હું વજન ઘટ્યાની વાત નથી કરતો. વજન વધ્યાની વાત તો કરાય ને!'

જેલના કારકુને હા પાડી. જેલમાં વજન વધ્યાની વાત થઈ શકે અને ઘટ્યાની ન થઈ શકે એ કાયદાના અમંગલ અર્થથી વિનુની મા ફફડી ઊઠી. મૂંઝવણમાં તેની વાત કરવાની શક્તિ કુંઠિત થઈ ગઈ અને તેણે શી શી વાતો કરવાનું નક્કી કર્યું હતું તે સંભારવા લાગી. વિનુએ કહ્યુંઃ 'કેમ બા શો વિચાર કરો છો?' તેની બાએ વિચાર કર્યા વિના જ પૂછ્યુંઃ

'તારે અહીં રહેવાનું કેવું છે? ઓઢવાનું પૂરું મળે છે કે નહિ?'

વિનુ 'હા બા' પૂરું કહી રહે તે પહેલાં અધિકારીનો હુકમ છૂટ્યોઃ 'જેલની કોઈ પણ વાત ન કરતા.'

વિનુ વિશેષ બોલવા જાય તે પહેલાં તેણે ઉમેર્યુંઃ 'તમે તકરારી છો. તમારી મુલાકાતનો વખત પૂરો થયો છે. ઊઠો.'

વિનુ અને તેની બા બન્ને ઊભાં થયાં. માતા પોતાના એકના એક દીકરાની આ હાડછેડથી તદ્દન દીન બની ગઈ હતી. હજી તેની દીકરાને મળવાની ઉત્કંઠા જરાય પૂરી થઈ નહોતી. ઓરડીનાં પગથિયાં પર આવતાં વિનુએ કહ્યુંઃ 'લ્યો બા, હવે જાઓ.' પણ માતાની પ્રેમભરી દીનદૃષ્ટિથી તે એક તસુ પણ ચાલી શક્યો નહીં. અનેક રીતે મૂંઝાયેલી માતા કોઈ નિગૂઢ બળોથી પ્રેરાયેલી એકદમ વિનુને મોઢે, ગાલે અને ગળે પંપાળવા માંડી. 'લ્યો બા, ત્યારે હવે તમે જાઓ' એમ વિનુ બોલતો રહ્યો અને 'બેટા અવાજે હોં!' એવું અર્થ વગરનું વાક્ય બોલતાં બોલતાં માતાએ તેને કેટલીયે વાર પંપાળ્યા જ કર્યું. આ દેવોને દુર્લભ દૃશ્યથી કંઈક જેલનો કારકુન પણ પીગળ્યો કે શું, ઘણી વાર સુધી ગાય વાછરડાને ચાટે તેમ માતા પુત્રને પંપાળતી રહી. થોડી વારે કંઈ તૃપ્તિ થઈ હોય તેમ પંપાળતી રહી જઈ, વર્તમાન સ્થિતિ સમજી વિનુને જુદો પડતાં તેણે કહ્યુંઃ 'બેટા, આવતે વખતે દિવાળીને લેતી આવું? તેને બહુ જ મન છે.' વિનુએ માતાને આ વિચિત્ર સ્થિતિમાં જેમ પંપાળવા દીધું હતું તે જ અધીનત્વથી હા પાડી દીધી, 'બાપુ જાળવીને રહેજે.' કહી માતા ચાલી ગઈ. બારણા આગળ તેને બારી ઉઘાડી આપી નહીં તેથી તે ઊભી રહી. સામેની બારીમાંથી વિનુને બહાર કાઢતા હતા એટલે તેને રોકી હતી. આ કાયદાથી ફરી માએ દીકરાને જોયો. દિવાળીને આવવાની રજા આપી એ ડહાપણ કર્યું કે નહિ




એ વિચારમાં વિનુ નીચું જોઈ ચાલતો હતો, માતા તે સમજી પણ ખરી, પણ દિવાળીને લાવી શકાશે તેના ઉત્સાહમાં ચાલી ગઈ.

ગરીબ બિચારો વિનુ! ત્રણ વરસ ઉપર માના વાત્સલ્યભરી હઠ આગળ તે પીગળી ગયો હતો તેમ તે આ વખતે બીજી વાર પીગળ્યો અને તેણે પોતાની પત્નીને મુલાકાતે આવવા દેવાની હા પાડી! તે મુંબઈ યુનિવર્સિટીનો ગ્રેજ્યુએટ હતો. પૈસેટકે સાધારણ હતો. તેને નાનો મૂકીને તેનો પિતા દેવલોક પામ્યો હતો અને માતાએ કેટકેટલી આશાએ તેને ઉછેર્યો હતો, પણ એટલા માટે તેને ગરીબ બિચારો કહેવા જેવું નહોતું.

આ બધું તેણે સ્વાભાવિક રીતે જ સહન કર્યું હતું, ઊલટાનું, આ મુશ્કેલીઓએ તો તેનું ચારિત્ર ઘડ્યું હતું, તેને મજબૂત, મહત્ત્વાકાંક્ષી અને દૃઢ મનનો બનાવ્યો હતો, પણ છેલ્લાં થોડાં વરસથી તેના જીવનને અને મનને સોસરું વીંધીને એક શલ્ય પીડતું હતું અને તે જે જાણતો હોય તેનાથી તે યાદ આવતાં જરૂર 'ગરીબ બિચારો વિનુ' એમ કહેવાઈ જાય!

નાનપણથી મા-દીકરાને સારું બનતું. મા દીકરાને મોટો સુખી અને શક્તિશાળી જોવા ઇચ્છતી હતી અને હજી સુધી દીકરાએ માતાને કશામાં નિરાશ કરી નહોતી, પણ જુવાન વયમાં અને તે સાથે કોલેજમાં પ્રવેશ કરતાં તેની મહેચ્છાના વિચારો જેમ અનેક વિષયોમાં વળ્યા, પ્રસર્યા, તેમ લગ્ન તરફ પણ વળ્યા હતા. તેને પોતાને જાહેર જિંદગીમાં ઝુકાવવાનો શોખ થતો જતો હતો, તે સાથે તેને પોતાની ચર્ચામાં સહકાર આપે, તેના અર્ધાંગને દીપાવે, અને રસથી તેનો થાક ઉતારે, તેની મહેચ્છા પાર પાડવામાં ઉત્સાહ આપે, એવી એક પત્નીની પણ ઝાંખી કલ્પના થતી જતી હતી. જુવાનીની કલ્પના અનુભવહીન, પોકળ હોય છે. વિનાયકને પોતાની આદર્શભૂત સ્ત્રી જેમ સ્થૂળ શરીરે કેવી હોય તેનો ખ્યાલ નહોતો, તેમ કયા વિશેષ ગુણોથી પત્નીને એવો સહચાર આપી શકશે તેનો પણ ખ્યાલ નહોતો, માત્ર તે પોતાની પત્ની પોતાની મેળે પસંદ કરવાનું ઇચ્છતો હતો - જોકે પત્ની કેમ પસંદ કરવી તે પણ જાણતો નહોતો.

વિનુની માતા જેમ વિનુને ભણવાની સગવડ કરી આપતી, તેનાં કપડાંની, ખાવાની સગવડ કરી આપતી, તેમ જ વિનુ જુવાન થતો લાગ્યો કે તરત તેણે વિનુ માટે કન્યાની શોધ કરવા માંડી. આવી બાબતમાં દીકરાને પૂછવાની કે તેની ઇચ્છા જાણવાની જરૂર હોય એવો તેને તર્ક પણ ન આવ્યો. નાતના એક સારા કુટુંબની થોડું ગુજરાતી ભણેલી છોકરીની સાથે તેણે સગાઈ કરી દીધી, વિનુ કોલેજમાં હતો ને સગાઈ વધાવી દીધી અને વિનુ ઘેર આવ્યો ત્યારે તેને કંસાર જમાડતાં આ વાત કરી.

વિશ્વાસથી ચાલતાં કાંટો ભોંકાય ને માણસ ચમકે તેમ વિનુએ ચમકી કહ્યું: 'પણ મને પૂછવું તો હતું.'

ચતુર માતા કારણ સમજી નહિ, પણ એટલું તો સમજી કે વિનુને અત્યંત દુ:ખ થયું છે. તેણે વહુનાં થોડાં વખાણ કરી જોયાં, તેને એણે જોઈ છે એમ યાદ આપ્યું, પણ કશાથી વિનુને કળ વળતી નથી એમ જાણી, તે વખતે વાતને ખાઈ ગઈ. રજાઓમાં ફરી એ વાત કાઢી નહિ... વિનુ ઘણું મૂંઝાયો, પણ શું કરવું તેનો રસ્તો નહિ જડવાથી તેણે પણ ફરી એ વાત ઉચ્ચારી નહિ.

માણસ અણગમતી વસ્તુનો નિકાલ લાવવા જાણે ડરે છે, અને તેથી નિકાલની મુદત પાડ્યા કરે છે, પણ સમજતો નથી કે વખત તેના ગેરલાભમાં વહે છે. એક વરસ પછી રજાઓમાં કન્યાના પિતાએ લગ્ન લીધાં ત્યારે તેણે જોયું કે પરિસ્થિતિ એટલે સુધી પહોંચી છે કે તેની સામે તે એક પણ પગલાનો વિચાર કરી શકે નહિ. છેવટે મૂંઝાઈને તેણે માતાને કહ્યું: 'મારે નથી પરણવું.'

> દિવાળી જોતી હતી એટલામાં બીજી તરફથી પોલીસનું ધાડું આવ્યું. જાણે કોઈ ગયા ભવનું વેર હોય એમ તેણે યુવાનો પર ધસારો કર્યો. સૌથી પહેલો ફટકો ઝંડો લઈ ચાલનાર પર પડ્યો, પણ તે મજબૂત અખાડિયાએ હાથમાંથી વાંસડો છોડ્યો નહિ.

'પણ બેટા, હવે તો દસ વરધો બાકી રહી છે. કંકોતરીઓ લખાઈ ગઈ છે. વડીપાપડ થઈ ગયાં છે, હવે ના ન પડાય.'

વિનુ માની સામે માત્ર ફરી એ જ નકાર બોલવા ઉપરાંત કંઈ કહી શક્યો નહિ.

માતાએ સાચી સરળતાથી તેને ફેરવી ફેરવીને પૂછ્યું: 'ત્યારે તારે કોને પરણવું છે? શું નથી જ પરણવું? આ વિવાહમાં ખોટું શું છે?' પણ તેને આ પ્રશ્નો નીચે રહેલા માનસ અને પોતાની વિચાર કરવાની પદ્ધતિમાં એવડો મોટો ફરક લાગ્યો કે તે કશાનો જ ઉત્તર આપી શક્યો નહિ. ખરી રીતે આ બધા સવાલોના ઉત્તરો તેની પાસે હતા પણ નહિ. તેને તો માત્ર પોતાની પસંદ કરેલી સ્ત્રીને પરણવું હતું અને એ ઉત્તર તે આપી શકે તેમ નહોતો, આપે તો પણ તેની મા તે સમજી શકે તેમ નહોતી એ તે જાણતો હતો.

છેક પરણવાના દિવસ સુધી તેણે ના પાડ્યા કરી અને બીજી બાજુ પરણવાને માટે જ જાણે આખી સૃષ્ટિ કામ કરી રહી હોય એમ એને લાગતું હતું. છેવટને દિવસે માતાએ વાત્સલ્યથી દીકરાને હાથ ફેરવીને કહ્યું: 'મારા સમ જો બોલે તો. આટલું માની જા. જા મારા દીકરા મીંઢળ બાંધવા દે.' વિનુ નાનો હતો અને તેને બહાર રમવા જવાનું ઘણું જ મન હોય, પણ 'જા મારા દીકરા, જરા તપેલું લઈ આવ તો.' તેમ જ, તે આધીનતાથી તેણે મીંઢળ બંધાવ્યું અને ત્રણ દિવસમાં તો લગ્ન થઈ ગયાં!

માણસ ઘણી વાર લાંબા ચાલતા બનાવનું માત્ર મુખ દેખી શકે છે, આખો બનાવ દેખી શકતો નથી. માણસ સ્થળમાં

જેટલું લાંબું જોઈ શકે છે તેટલું પણ કાલમાં જોઈ શકતો નથી. પરણી રહ્યા પછી જ વિનુને સમજાયું કે લગ્ન બે-ત્રણ દિવસ, મા કે બ્રાહ્મણ કહે તેટલું કરી લઈ છૂટી જવાનો બનાવ નથી, પણ તે જિંદગીભર ચાલતો બનાવ છે અને એ તેને સમજાઈ ગયું તેમ તેમ તેની મૂંઝવણ વધતી ગઈ. આ મૂંઝવણથી તેને પત્નીનું દર્શન પણ અકારું થઈ ગયું. દિવાળી નામ પણ તેને જુનવાણી લાગ્યું. પોતે કરેલા કાર્યને પરિણામે, તેને પત્ની તરફ કંઈ કર્તવ્ય કે ફરજ છે એમ તેનું મન માની જ ન શક્યું. અને આ સઘળી કફોડી સ્થિતિના કારણરૂપ તેની મા તરફ તેને ધીરે ધીરે કંટાળો આવતો ગયો. તે પોતે સમજી ગયો કે તેનો મા તરફનો પ્રેમ ઘટતો જતો હતો. તે ઘણી વાર કેવળ કર્તવ્યબુદ્ધિથી માની સાથે વર્તતો હતો. આથી તેને દુઃખ થતું હતું, પણ મા તરફનો જૂનો પ્રેમ પાછો આવતો નહોતો. બન્ને વચ્ચે જાણે કોઈ અદૃશ્ય પડદો આવી ધીમે ધીમે વધારે ને વધારે અપારદર્શક થતો જતો તેને લાગતો હતો.

જેમ નજીક નજીકનાં બે ઘરો વચ્ચે ધીમે ધીમે વાંકું પડે, તે ઊંડું ને ઊંડું ઊતરતું જાય અને બન્ને ઘર એકબીજાને દુરાસાધ્ય અને છેવટે અનાસાધ્ય થઈ જાય, તેમ બન્ને વચ્ચે અંતર વધતું જતું હતું. કોઈનો પણ દોષ ન હોવા છતાં જાણે સર્વને માઠું લાગ્યું હોય, સર્વ અપ્રસન્ન હોય, કોઈને ખબર ન હોય એવા કોઈ બનાવથી જાણે બધાં દુઃખી હોય, તેમ આ ઘરનો વ્યવહાર ચાલવા માંડ્યો.

> આ મૂંઝવણથી તેને પત્નીનું દર્શન પણ અકારું થઈ ગયું. પોતે કરેલા કાર્યને પરિણામે, તેને પત્ની તરફ કંઈ કર્તવ્ય કે ફરજ છે એમ તેનું મન માની જ ન શક્યું. આ સઘળી કફોડી સ્થિતિના કારણરૂપ તેની મા તરફ તેને ધીરે ધીરે કંટાળો આવતો ગયો.

વિનુ બી.એ.થયો; નોકરી માટે તે કંઈ વિચાર કરે એટલામાં ગાંધીજીએ મીઠાની કૂચ કરી અને આખો દેશ ખળભળી ઊઠ્યો. વિનુએ આ જંગમાં તરત ઝુકાવ્યું. કુટુંબનો ભાર આટલે વરસે ઉતારી દીકરાની કમાણીનો ટેકો લાવવાનો વખત આવ્યો ત્યારે જ વિનુએ ઘરનો ત્યાગ કર્યો તેથી માતાને ઘણું માઠું લાગ્યું, પણ તે અજ્ઞાત રીતે જાણી ગઈ હતી કે વિનુને સમજાવી શકાશે નહિ.

જેલની પ્રથમ મુલાકાતે, એ અમાનુષ વાતાવરણમાં વિનુની માતાનું વાત્સલ્ય ફરી એક વાર પ્રગટી ઊઠ્યું, અને વિનુ પણ તેમાં આધીન થઈ નાહ્યો. બે વરસ ઉપર તેણે જેમ વિચાર્યા વિના મીંઢળ બંધાવવાની હા પાડી હતી, તેમ તેણે ફરી વાર દિવાળીને મુલાકાતે આવવાની રજા આપી.

વિનુની વહુ તરફની ઉદાસીનતાથી માતાને વહુ તરફ અત્યંત વહાલ રહેતું હતું. જેલમાંથી મળવા જવાની વિનુએ આપેલી રજાથી કંઈક ઉત્સાહમાં બન્ને પાછાં ઘરનું કામ કરવા લાગ્યાં.

એક દિવસ બપોરના વિનુના ગામમાં એક અપૂર્વ બનાવ બન્યો. વિનુના ઘર આગળ થોડે દૂર 'ઇન્કિલાબ ઝિન્દાબાદ'ની બૂમો ઘણા જ ઝનૂનથી બોલતી સંભળાવા લાગી. દિવાળીને પતિ કેદમાં ગયા પછી, આ હિલચાલ અને તેમાં ભાગ લેતી વ્યક્તિઓ તરફ, સ્વાભાવિક કૌતુક થયું હતું. શેરી ઉપર પડતી અગાસીએ તે જોવા ગઈ. એક યુવાનોનું ટોળું આ બૂમો પાડતું તેના ઘર તરફ આવતું તેણે જોયું. ટોળામાંથી સૌથી આગળ એક યુવાન મોટા વાંસડા ઉપર ત્રિરંગી વાવટો લઈ ચાલતો હતો.

હવે બૂમો બંધ કરી બધાં યુવાનોએ ગાયુંઃ

ઝંડા ઊંચા રહે હમારા!

દિવાળી જોતી હતી એટલામાં બીજી તરફથી પોલીસનું ધાડું આવ્યું. જાણે કોઈ ગયા ભવનું વેર હોય એમ તેણે યુવાનો પર ધસારો કર્યો. સૌથી પહેલો ફટકો ઝંડો લઈ ચાલનાર પર પડ્યો. પણ તે મજબૂત અખાડિયાએ હાથમાંથી વાંસડો છોડ્યો નહિ. જ્યારે વાંસડો ઝાલી રાખવો પણ અશક્ય થયો ત્યારે તેણે બીજા અખાડિયાને આપ્યો. હવે પોલીસોએ જાણે એ જ મુખ્ય ધ્યેય હોય તેમ ઝંડાધારીને મારવા માંડ્યું. આંખ કબૂલ પણ ન કરે તેટલામાં એકસામટા ત્રણ-ચાર પોલીસ એક પર ચડી જતા. ઝંડાધારી અશક્ત બનતાં બીજાને ઝંડો આપતો એટલે ફરી મલકાતાં મલકાતા, ગાળો દ્વારા વિજય દર્શાવતા તે બીજા ઉપર ચડી જતા.થોડી જ વારમાં એક પછી એક ઘણા યુવાનો પડ્યા. હવે માત્ર એકાદ જ બાકી રહ્યો હશે. પોલીસો આ છેવટનો વિજય નજીક જોઈ ઉત્સાહથી ગાળો દેતાં માર મારતા હતા. એટલામાં આ ચમત્કારહીન જમાનામાં જાણે ચમત્કાર બનતો હોય તેમ, ઝંડો એકદમ ઉપર ચાલ્યો ગયો.થોડી વાર તો સૌ પોલીસ આભા જ બની ગયા. પછી જે તેમણે જાણ્યું કે ઉપર ઊભેલી બાઈએ ઝંડો લઈ લીધો હતો. કોણ જાણે દિવાળીને એકદમ કેમ સૂઝ્યું, એ ઝંડાવાળો પણ કશી નિશાની વિના કેમ સમજી ગયો, અને દિવાળીએ ઝંડો ઉપર ખેંચી લીધો! અગાસી ઉપર તેને ઝાલીને ઊભી રહી! માર ખાધેલા યુવાનો એકદમ

ઉત્સાહમાં આવી ગયા અને તેણે લોહીનીતરતે અને મારથી ખોખરાથયેલા અવાજે પણ ઝંડા સામે હાથ ઊંચા કરી.

ઝંડા ઊંચા રહે હમારા!

ફરી ગાયું. પોલીસ હવે નિરુપાય થઈ ગઈ. દિવાળીને ગાળો ભાંડીને અને એક બેને જરા વધારે 'ચખાડી'ને તેઓ ત્યાંથી ચાલ્યા ગયા. અદશ્ય થઈ ગયા. કોઈ લશ્કર કિલ્લો સર કરે એટલો હર્ષ ત્યાં વ્યાપી ગયો.

કોઈ રાજ્યપ્રકરણનો 'વેદાન્તી' વિચારે કે એક નિરર્થક વાવટા માટે આ માર ખાવાનો શો અર્થ! પણ આમ અનેક માણસોએ માર ખાવાથી વન્દે માતરમ્ ગીત રાષ્ટ્રગીત બન્યું છે, અને એ જ પ્રમાણે અત્યારે આ ત્રિરંગી વાવટો રાષ્ટ્રધ્વજ બને છે અને એ બધાથી રાષ્ટ્રભાવ ઘડાય છે.

પોલીસ ગયા પછી દિવાળીએ ધ્વજ પાછો આપવા માંડ્યો, પણ સ્વયંસેવકોએ એ ધ્વજ ત્યાં જ રાખવા કહ્યું. દિવાળીએ સાસુને બોલાવી. તે સર્વ હકીકત જાણી ચકિત થઈ ગઈ. સ્વયંસેવકોએ વિનુભાઈની ખાતર વાવટો રાખવા કહ્યું અને માતાએ કબૂલ કર્યું. અગાસીમાં એક ઠીકરાની કાણી કોઠી પડી હતી તેમાં છોકરાએ ધૂળ-ઢેફાં નાખી એ વાવટો ખોડ્યો. આખા ગામમાં એ સૌથી ઊંચો વાવટો વિનુના ઘર પર ફરકવા લાગ્યો અને દિવાળીને સૌ ઝંડાવાળી દિવાળી કહી ઓળખવા લાગ્યું.

કેટલીક ક્રિયામાં પોતાની કશી બહાદુરી હોતી નથી, પણ તેથી માણસમાં બહાદુરી આવે છે. દિવાળીએ વાવટો ઊંચો લઈ લીધો તેમાં બહાદુરી કરી નહોતી, પણ તેથી તે બહાદુર બની અને તેનાથી આખા ગામની સ્ત્રીઓમાં નવી બહાદુરી આવી.

એક દિવસ દિવાળી સવારમાં પાણી ભરવા જતી હતી ત્યાં તેણે ભાગોળે એક ગાડી અને તેની આસપાસ કેટલાક ખાદીધારી સ્વયંસેવકો જોયા. સ્વાભાવિક કુતૂહલથી તે જરા રસ્તો મરડી ગાડી પાસે ગઈ. ત્યાં બીજી દિશાથી એક સ્વયંસેવક મારતી બાઈસિકલે આવ્યો, નીચે ઊતર્યો અને હાંફતો હાંફતો કહેવા લાગ્યો કે પોલીસોને આપણા મીઠાની ખબર પડી ગઈ છે. બધા સ્વયંસેવકો મૂંઝાવા લાગ્યા, કારણ કે તેમણે અહીંથી બે ગાઉ દૂર એક ગામમાં મીઠું પહોંચાડી ત્યાં જાહેર રીતે વેચવાની લડત આપવાનું નક્કી કર્યું હતું. સ્વયંસેવકો અંદર અંદર વાતો કરવા લાગ્યા કે ગામમાં ક્યાંય મીઠું રખાય એટલું ઓળખાણ પણ નહોતું. દિવાળીને તરત બુદ્ધિ સૂઝી અને તેણે કહ્યું કે મારા બેડામાં ભરી આપો. પાણી ભરવા જતી બધી પાણિયારીઓને તેણે અટકાવી અને મીઠું વહેવાનું કહ્યું. બધી સ્ત્રીઓએ મીઠું સારવા માંડ્યું. એ પાણી શેરડો ઘડીભર મીઠો શેરડો બની ગયો. તળાવની પાળ ઉપર એક સ્વયંસેવકને ધ્યાન રાખવા ઊભો રાખ્યો હતો. લગભગ ગાડી ખાલી થઈ ગઈ ત્યાં સ્વયંસેવકે નિશાની કરી, સ્ત્રીઓ ત્યાંથી ખસી ગઈ, કેટલીક ગામ તરફ અને કેટલીક કૂવા તરફ ગઈ. સ્વયંસેવકોએ પોલીસને ખોટી દિશાએ ચડાવવા ગાડી ગામ બહાર ગમે તે મારગે દોડાવી, અને રસ્તામાં જ ગમે ત્યાં થોડું મીઠું વેરી નાખ્યું. પોલીસોનાં ધાડાં એમની પાછળ દોડ્યાં. થોડે જઈ તેને પકડી પાડી ઊભી રાખી, પણ ગાડીમાં મીઠું મળ્યું નહિ. ગામમાં આવ્યા પણ કશી ભાળ મળી નહિ. પોલીસો નિરાશ થઈ પાછા ગયા.

હવે ઝંડાવાળી દિવાળીની ખ્યાતિ ગામ બહાર પણ ગઈ.

આ ગામના તાલુકાના મુખ્ય શહેરમાંથી સરકારે અત્યારે ઘણાખરા કાર્યકર્તાઓને પકડી લીધા હતા. બીજા તાલુકાઓમાં કોઈ કોઈ જગ્યાએ સ્ત્રીઓની નિમણૂક 'સરદાર' તરીકે થતી હતી. ઝંડાવાળી દિવાળીની ખ્યાતિ એટલી હદે થઈ હતી કે હવે તેને તાલુકાની સરદાર નીમી.તેને, નિમાતી વખતે તો, શું કામ કરવું પડશે તેની ગમ નહોતી, પણ ધીમે ધીમે તેને બધું સમજાયું, અને થોડા વખત પછી તો તે પોતે લડતનો કાર્યક્રમ ઘડવા માંડી. તેણે ખાદીનું ખાતું ખોલ્યું, દારૂ અને પરદેશી કાપડના પહેરા ગોઠવ્યા, વાનરસૈન્યની વ્યવસ્થા કરી, પ્રભાતફેરી અને સરઘસો નિયમિત કર્યાં, અને પોતે જેલ જવા તૈયાર રહી ઘણાને તૈયાર કર્યા અને મોકલ્યા. હવે તો તેનું નામ વર્તમાનપત્રોમાં પણ આવતું થયું હતું.

વિનુની મુલાકાતનો વખત થયો ત્યારે તે પોતાની સાસુ સાથે જેલમાં ગઈ. જેલની વિધિ પ્રમાણે તેમને દાખલ કરી અંદર બેસાડ્યાં. થોડી વારે વિનુ આવ્યો. તેણે માતાની પાસે કંઈક પ્રગલ્ભ રીતે ખુલ્લા મોઢે બેઠેલી દિવાળી જોઈ, પણ તે તરફથી આંખ ખસેડી તેણે બાના કુશળ સમાચાર પૂછ્યા, અને પોતાના કહ્યા. આટલા માસના અસહકારીઓના સહવાસથી જેલના અધિકારીઓમાં કંઈક માણસાઈની મૃદુતા આવી હતી. આ

હવે ઝંડાવાળી દિવાળીની ખ્યાતિ ગામ બહાર પણ ગઈ. આ ગામના તાલુકાના મુખ્ય શહેરમાંથી સરકારે અત્યારે ઘણાખરા કાર્યકર્તાઓને પકડી લીધા હતા. બીજા તાલુકાઓમાં કોઈ કોઈ જગ્યાએ સ્ત્રીઓની નિમણૂક 'સરદાર' તરીકે થતી હતી.

વખતે અધિકારીઓની દખલ નહોતી, પણ દિવાળીને જોઈને વિનુ જરા ઠંડો થઈને બેઠો.

પણ પંદરેક દિવસમાં વિનુ ઘેર આવવાનો છે એ અપેક્ષાએ તેની માતા વધારે ઉત્સાહમાં હતી. તેણે વિનુને કહેવા માંડ્યું કે તું ઘેર આવીશ ત્યારે ઘર ઉપર મોટો ઝંડો ફરકતો જોઈશ.

'એમ કે? સારું કર્યું બા!' વિનુએ કૃત્રિમ હર્ષ બતાવ્યો.

'પણ જો હવે તું ઘેર આવે ત્યારે દિવાળીયે થોડા દિવસ આપણા ઘેર રહેવા આવે એમ તું ન કહે?'

'બા, એ તો એનાં માબાપને ફાવે તેમ કરે.'

'માબાપને ત્યાં ક્યાં છે? એ તો ભામણા ગામમાં છે ને દેશનું કામ કરવા હવે ત્યાં જ રહે છે. ત્યાંની સરદાર થઈ છે!'

'ભામણામાં ઝંડાવાળી દિવાળી સરદાર થઈ છે તે આ દિવાળી?' વિનુએ જિંદગીમાં પહેલી જ વાર દિવાળી સામું જોયું. 'હા, હા. એની કેસરી સાડી નથી જોતો?'

'અરે શાબાશ રે શાબાશ!' વિનુએ વેગમાં આવી જઈ કહ્યું અને ઘણા જ જોરથી દિવાળીનો બરડો થાબડ્યો. જિંદગીમાં દિવાળીને આ પતિનો પહેલો જ સ્પર્શ હતો. આ આટલી વિચિત્ર જગ્યાએ, લોકોના દેખતાં, સાસુના દેખતાં, પતિએ બતાવેલા ઉમળકાથી તેનું મોં શરમ, આનંદ અને સૌભાગ્યના ઓચિંતા ભાનમાં લાલ થઈ ગયું. વિનુએ પહેલી જ વાર જોયું કે દિવાળી જરા ભીનેવાન હતી, પણ તેજસ્વી અને સુંદર હતી. 'આ ઝંડાવાળી દિવાળી તે તું? અહીં ભામણાથી જગદીશ આવ્યો હતો તે તારી વાત કરતો હતો, પણ મને શી ખબર તું હોઈશ. તને ઝંડાવાળી શાથી કહે છે?' વિનુએ માને નહીં પૂછતાં પત્નીને સીધું જ પૂછ્યું. માતા તેની સામું જોઈ રહી. આ પ્રશ્ન પૂછતાં વિનુની શી આંખો, શો હર્ષ, શો ઉત્સાહ! જાણે કેટલાંયે વર્ષથી મહત્ત્વાકાંક્ષા, ઉત્સાહ અને કોઈ પણ નિર્દિષ્ટ પાત્ર વિનાનો પત્નીપ્રેમ, સંઘરી રાખેલો, એકદમ ધરતી ફાડી સેર ફૂટે એમ ફૂટી નીકળતો તેણે જોયો – તે જોઈ જ રહી!

દિવાળી હવે સ્વસ્થ થઈ હતી. એક સૈનિક સાથે વાત કરતી હોય તેમ 'એમાં કંઈ બહુ મોટી વાત નથી.' એમ કહી બધો વૃત્તાંત કહ્યો.

'અને પેલું મીઠું લઈ આવી'તી એય કહેને!' માતાએ વચમાં ઉમેર્યું.

હવે વાતચીતના પહેરેગીરને માટે આ વધારે પડતું થઈ ગયું. તેણે કહ્યુંઃ 'મીઠાની વાત ન કરો.'

જરા પણ ડઘાયા વિના દિવાળીએ ચલાવ્યુંઃ 'અમે પાણી ભરવા ગયાં'તાં. ત્યાં ઉતરવડથી માલની ગાડી આવી'તી. ગામમાં માલ ક્યાં રાખવો તેની ગાડીધણીઓ ચિંતા કરતા હતા. ઉપર તોફાન ઝઝૂમી રહ્યું હતું. જો વરસે તો બધો માલ બગડે એમ હતું. એટલે હું, નગરશેઠની દીકરી વજી, ને આપણી પાડોશણ રસિકા, ને ગોરની ડાહી અમે બધાએ બેડે બેડે સાર સાર કર્યું.'

વિનુ પત્નીની આ કહેવાની ખૂબીથી, તરતબુદ્ધિથી, પ્રાગલ્ભ્યથી ખુશ થયો અને વળી શાબાશી આપી.

વાત સારી પેઠે થઈ, પણ તેમાં મુખ્ય વાતો કરનારાં હવે વિનુ અને દિવાળી હતાં. ઘણી વારે વિનુએ જ કહ્યુંઃ 'લ્યો હવે જાઓ. સમય પૂરો થઈ ગયો છે.' સાસુ-વહુ ઊઠ્યાં. સાસુ અતિ વહાલથી વહુના ખભા પર હાથ મૂકી ચાલવા માંડી. બારી પાસે આવીને બન્ને ઊભાં રહ્યાં. એ વોર્ડરો, પોલીસો, બીજા અનેક મુલાકાત માટે આવેલા કેદીઓ, બધાના દેખતાં દિવાળીએ જરા પણ શરમ વિના ઇન્તેજાર આંખોથી વિનુ સામે જોયું. વિનુ પણ જોઈ જ રહ્યો. જેલમાં એવી શરમને સ્થાન નથી અને માતાને 'સાચવીને રહેજે' એ શબ્દોથી વધારે, એ મૂક આંખો કહેતી હતી. વિનુ બારી ટપીને અંદર ગયો ત્યારે જ એ આંખોની મુલાકાત બંધ પડી. **મ**

---


## USA readers may subscribe to *Mamata*

For Home Delivery In USA

Please Send Your Name, Address, Phone Number & Email ID

With a Check For $30/12 Issues Payable to

**"Chicago Art Circle"**

**1468-Sandburg Drive, Schaumburg, IL 60173, USA**




નીલમ દોશી


# અંતરના આયનેથી

*જીવનની ગમતી ક્ષણો એટલે મારી શબ્દયાત્રા વાર્તાઓ, લેખો, કાવ્યો, લલિત નિબંધો વગેરે રચના અવારનવાર પ્રકાશિત થતી રહે છે અને ભાવકોના સ્નેહભર્યા પ્રતિભાવોથી છલકી રહું છું. વાર્તા, નાટક અને લલિત નિબંધ જુદી જુદી અનેક સ્પર્ધામાં પ્રથમ નંબર પ્રાપ્ત કરી ચૂક્યાં છે.*


***C/o Harish Doshi***
***Paradeep Phosphate Ltd. P. P. L. Township..***
***Bunglow E/2***
***Paradeep, Dist . Jagatsinghpur***
***Orissa. 754145***
***Mo . 96651 646535***
***nilamhdoshi@yahoo.com***


રાત્રિના બરાબર બારના ટકોરા પડઘાય છે. મારી ચારે તરફ માના ગર્ભ જેવો અંધકાર... ગોરંભાયેલા આસમાનમાં ક્યાંક દૂર દૂર બે ચાર છૂટીછવાઈ હીરકકણીઓ અંધકાર સામે ઝઝૂમી રહી છે. હાથમાં ડાયરી લઈને બેઠી છું. વરસોની મારી એકમાત્ર સાથીદાર. સંવેદનાઓ ઠાલવવાનું મારું એકમાત્ર હાથવગું કે હૈયાવગું સાધન...

એક મહિનો... પૂરા ત્રીસ દિવસ વીતી ગયા. જીવનસફરના અંતિમ પડાવની શરૂઆતમાં જ સાથીનો સાથ છૂટી ગયો. પાંત્રીસ વરસનો સાથ પલક ઝપકતાં જ પૂરો...

દિવસો, મહિના અને પછી વરસો ગણાતાં રહેશે. સમયપંખીની ઉડાન તો વણથંભી...

બધી વિધિઓ પૂરી થઈ ગઈ. આજે નર્મદામાં અસ્થિવિસર્જન... જીવતોજાગતો માનવી એક નાનકડી મટકીમાં સમાઈને નદીનાં નીરમાં ભળી ગયો. મારી નજર સામે જ બકુલને લઈને દૂર દૂર દોડી જતી મટકી... અને મારા લંબાયેલા હાથ ખાલી... સાવ ખાલી....

સગાંસંબંધીઓથી ઘેરાયેલું ઘર આજે ખાલી થઈ ગયું, પરંતુ માનવીનું મન ક્યારેય ખાલી રહી શક્યું છે ખરું? મનમાં તો વિચારોની વણથંભી વણજાર...

'શો મસ્ટ ગો ઓન...' જનારની પાછળ કે તેની સાથે કોઈ જઈ શકતું નથી. જોકે જઈ શકાતું હોત તો પણ ખરેખર કોઈ જાય કે કેમ? શ્વાસ ચાલે ત્યાં સુધીના જ સઘળા સંબંધો... મૃત્યુને કોઈએ સત્યમ્, શિવમ્, સુંદરમ્ કહ્યું છે. ગમે કે ન ગમે. જીવનના એ સત્યનો સ્વીકાર



વહેલો કે મોડો દરેકે કરવાનો જ હોય છે ને? પોતાની અત્યંત નિકટની વ્યક્તિની અણધારી વિદાયથી હચમચી જનાર માનવીની ભીતરનો એક ખૂણો ખાલી થઈ જાય એવું બને… પરંતુ દરેક માનવીના મનમાં બીજા પણ અનેક ખૂણાઓ હોય છે એનું શું?

વીસમે વરસે બકુલ સાથે સહજીવનના શ્રીગણેશ કર્યા હતા. ત્રીસ વરસનો સાથ છૂટતાં પૂરી પાંચ મિનિટ પણ ન થઈ. આમ અચાનક… સાવ અચાનક…

બધા કહે છે…

'થોડા વહેલા ગયા. બાકી બકુલભાઈ મોતમાં ખાટી ગયા. આવું મોત તો નસીબદારને મળે. ઉપરથી તેડું આવ્યું ને કોઈના હાથનું પાણી પીવાયે ન રોકાણા…'

કેમ થયું, શું થયું… કેવી રીતે થયું…? પ્રશ્નોના મારા આજ સુધી ચાલ્યા. આંખો વરસતી રહી. આવનાર વ્યક્તિઓ અલગ અલગ… પરંતુ રડનાર તો એકનું એક જ ને? ચોવીસ કલાક કોઈ રડી શકે ખરું? રડીરડીને થાક્યા પછી આંખનાં આંસુ ખૂટી જાય ત્યારે…

'જોયું? જરાય પડી છે? આંખમાંથી બે આંસુયે પાડ્યાં? બાઈ જબરી હોં. નહિતર બીજું હોય તો ભાંગી પડે.'

'અરે, ભઈ. હું આખી ભાંગી ગઈ છું. એ જ વાતોથી હવે હું ગૂંગળાઉં છું. મને જરી શ્વાસ તો લેવા દો. ચપટીક મોકળાશ તો આપો. જનાર સાથે સૌથી વધારે સગાઈ મારે જ હતી ને?'

પરંતુ જે દુઃખ બધાની સામે દર્શાવી ન શકાય એવાં દુઃખનો લોકો માટે ખાસ કોઈ અર્થ નથી હોતો. દુઃખ હોય એટલું પૂરતું નથી. એ દુઃખ બહાર દર્શાવવું પણ જરૂરી છે. કદાચ એ જ વધારે જરૂરી છે.

બહાર નીકળીને એ બધા શું કહેતા હશે એની કલ્પના જરાય અઘરી નથી.

'અમને તો એમ કે મધુરા રડી રડીને અડધી થઈ ગઈ હશે, પણ અહીં તો એવું કંઈ દેખાયું નહિ. ધણી જેવો ધણી ગયો છે… પણ આંખમાં આંસુનું ટીપુંય હતું?'

'અરે મારી બાઈ, જોઈ શકો તો જુઓને મારી ભીતર… મારા હૈયામાં ઝાંકી જુઓ.'

પરંતુ કોઈના હૈયામાં ક્યારેય કોઈ ઝાંકી શક્યું છે ખરું?

જોકે આમ જુઓ તો એમાં લોકોનો વાંક નથી. અત્યાર સુધી હું પણ એમાંની જ એક હતી ને? કોઈને ત્યાં ખરખરામાં કે બેસણામાં જતી હતી ત્યારે એમની સાથે ટીકા કરવામાં હું પણ ક્યાં નહોતી?

જીવનનાં કેટલાં બધાં સત્યો પોતાના પગ નીચે રેલો આવે ત્યારે જ સમજાતાં હશે અને ક્યારેક તો ત્યારે પણ વણસમજાયાં રહી જતાં હશે.

અ.સૌ.માંથી હું હવે ગં.સ્વ.? નામની આગળ વિશેષણ જ બદલાયું કે પછી…?

આજે સવારે કપાળે ચાંદલો કરવા જતાં હાથ ધ્રૂજી રહ્યો હતો. સદ્‌નસીબે ઘરમાં કોઈ જુનવાણી રિવાજો નથી. છતાં મનમાં એક હિચકિચાહટ જરૂર અનુભવાઈ. પરિવર્તન આવે તો પણ સદીઓના સંસ્કાર છૂટતાં સમય તો લાગવાનો જ ને?

દીકરી અને વહુ બન્નેએ કહ્યું, 'મમ્મી, ચાંદલા વિનાનું તમારું કપાળ જરાય સારું નથી લાગતું. તમે પહેલાં રહેતાં હતાં એમ જ તમારે રહેવાનું છે.

અને દીકરીએ મારા કપાળે નાનકડી ટીપકી જેવડો ચાંદલો ચીપકાવી દીધો. તેને ખબર છે કે મને તો હંમેશાં મોટો, ગોળ, લાલચટ્ટક ચાંદલો જ જોઈએ, પણ… હજી આટલા… ચપટીક સુધારાથી જ સંતોષ માનવાનો રહ્યો. નાનકડો, મરૂન કે કાળો ચાંદલો કરી શકું… એટલો સુધારો… મોટા, ગોળ, લાલચટ્ટક ચાંદલા જેવડો સુધારો ક્યારેય આવી શકશે ખરો? રંગીન કપડાં પહેરવાનાં… પણ હવે બહુ ઘેરા નહિ… બંગડી સોનાની પહેરવાની, લાલ, લીલી બંગડીઓ નહીં રણકાવવાની. નાકની ચૂંક નહીં કાઢો તો ચાલશે… એટલો સુધારો હવે સમાજે માન્ય કરી લીધો છે. અરીસામાં મારો ચહેરો મને જ અપરિચિત લાગે છે. ડાર્ક અને બ્રાઈટ રંગોની હું ચાહક… હવે મારાથી કેસરી, લાલ, લીલાં કપડાં ન પહેરાય… એ સારું ન લાગે. કોને સારું ન લાગે? સમાજને. સમાજ એટલે?

ડાયરી લખવાની મારી જૂની આદત. જોકે રોજ તો નહીં… પરંતુ જ્યારે મનનો ભાર વધી જાય, વાદળો ઘેરાય અને અંતરના આકાશમાં ગોરંભો છવાય ત્યારે શબ્દોરૂપે ડાયરીમાં વરસી રહે… અને ફરી નવાં વાદળો માટે મન તૈયાર… મનનું ચોમાસું તો બારે માસ… અતિવર્ષા થાય, પણ દુકાળની તો ચિંતા જ નહીં.

એક માનવીનું આખ્ખું અસ્તિત્વ ભૂંસાઈ ગયું. ફરી એક વાર રૂટીન ગોઠવાતું જાય છે. બકુલની બધી નિશાનીઓ ધીમે ધીમે ઘરમાંથી અદૃશ્ય થતી રહે છે, પણ મનની નિશાનીઓનું શું? જીવનમાંથી એક વ્યક્તિની હંમેશ માટે બાદબાકી એટલે શું? ભીતરમાં ખડકાયેલી સારી, નરસી સ્મૃતિઓના ગંજનું શું? એને કેમ અદૃશ્ય કરવી? જનારની સાથે એ પણ ભૂંસાઈ જતી હોત તો? તો અતીતના ઓથારમાંથી બહાર આવી શકાય ખરું?

દીકરાએ ખટપટ કરાવીને અહીં બદલી કરાવી લીધી. હવે મમ્મીને એકલી ન રખાય. મને કહેવાનું મન થઈ ગયું,

'બેટા, મમ્મી તો વરસોથી એકલી જ રહી છે. અમારું સહજીવન જરૂર હતું. જેને સખ્યજીવન બનાવવાના મારા ઓરતા અધૂરા જ રહી ગયા. એ પ્રયત્નોમાં હું સફળ થઈ શકી નહીં. હું દુઃખી નહોતી જ… પરંતુ સુખનો અહેસાસ

પણ ક્યાં પામી શકી હતી? ત્રીસ વરસના સહવાસ પછી પણ અમારા સંબંધનો સોનચંપો ક્યારેય મઘમઘી શક્યો નહીં. એ વાસ્તવિકતાથી તમે સદા અજાણ જ રહ્યાં છો અને હવે અજાણ જ રહેવાનાં.'

પરંતુ આવું કશું બોલી નહીં. બસ... એક ખામોશી... ચુપકીદી... વરસોથી જળવાયેલો ભ્રમ અકબંધ રહે તે જ સારું છે. મહોરાં ઓઢીને ફરતા ચહેરાઓની દુનિયામાં ક્યાં ખોટ છે? મનનાં અમુક સત્યો... અમુક રહસ્યો ક્યારેય બહાર આવવા નથી પામતાં. માનવીની સાથે જ ચિતામાં જલી જતાં હોય છે.

અનુજ, અંતરા હવે મારી સાથે જ જમે છે. આજે જમતાં જમતાં આડીઅવળી વાતો કરીને મને ખૂબ હસાવી. મારા દુઃખને ઓછું કરવા માટે દીકરી, દીકરો, વહુ સૌ પોતાની રીતે પ્રયત્ન કરતાં રહે છે.

'બેટા, મને દુઃખ તો અવશ્ય થયું છે... ખૂબ થયું છે, પણ હું કંઈ પડી નથી ભાંગી... અને પડી ભાંગ્યાનું નાટક મારાથી નથી ભજવાતું. દીકરા, વહુના પ્રયત્નો જોઈ મારી આંખો ભીની થતી રહે છે. અનુજ વધારે ઢીલો બને છે. હું એને સમજાવી શકું તેમ નથી. પિતા પ્રત્યેનો તેનો આદર, લાગણી ઓછાં થાય એ મને મંજૂર નથી. એવું ન બને માટે તો જીવનભર...

નજર સમક્ષ કેટલાંય દૃશ્યો ઊભરાય છે, પણ હવે એ બધાનો કોઈ અર્થ નથી. બકુલ હતો ત્યારે તેની સાથે ક્યારેક ઝઘડી લેતી... પરંતુ હવે તો એય ક્યાં શક્ય રહ્યું છે?

વાયરા સંગે થરથરતો અંધકાર બારીમાંથી અંદર ડોકિયું કરે છે. માનવીના મનની જેમ તે પણ કેટકેટલાં રહસ્યો પોતાની અંદર સંગોપીને બેઠો હશે? પહેલાં તો અંધકાર મને હંમેશાં ખુશબોભર્યો લાગતો. હવે બે શ્વાસની આવનજાવન વચ્ચે ઘૂંટાતો ગહન અંધાર થોડો બિહામણો કેમ લાગે છે? મારી સદાની પાણીદાર આંખો હમણાંથી કોરીકટ્ટ કેમ રહે છે? અનેક અનુત્તર પ્રશ્નો...

આજે સાંજે મારી સાથે ભણતો મિહિર મળવા આવ્યો હતો. દેશમાં આવ્યો અને આ સમાચાર મળ્યા તેથી તરત દોડી આવ્યો. આમ તો દર વખતે દેશમાં આવે ત્યારે ઘેર આવતો જ, પણ ક્યારેય તેની સાથે ખૂલીને વાત નહોતી કરી શકી. બકુલથી એ સહન ન થતું. કોલેજમાં મારે મિહિર સાથે બહુ સારું બનતું એ સાંભળ્યા પછી તો એની સાથે વાત કરું એટલે તેના મનમાં શંકાનો કીડો સળવળવાનો જ. બોલે તો કશું નહીં... કેમ કે તો પોતાના ઉદાર હોવાની છાપ કેમ જાળવી શકાય? પોતે એવો જુનવાણી નથી... અને મને બધી સ્વતંત્રતા આપી છે એ દેખાડવું તો તેને ખૂબ ગમે. બાકી અંદરથી કયો પુરુષ બદલાયો છે?

આજે મિહિર સાથે મુક્ત રીતે વાત કરી શકી એનો આનંદ થયો. હવે કોઈનો ખોટો ડર રાખવાનો નથી એ અહેસાસ મનમાં જાગી ગયો. જોકે મનોમન હું એક અપરાધભાવ પણ અનુભવી રહી. બકુલને જે વાત નહોતી ગમતી એ હવે કરાય? અંદર થોડી ડરી ગઈ. ખળભળી ગઈ કે શું બકુલ જતાં હું દુઃખી થવાને બદલે...? ભીતર સળવળતા પ્રશ્નો જાતને હચમચાવી રહ્યા છે.

> વાયરા સંગે થરથરતો અંધકાર બારીમાંથી અંદર ડોકિયું કરે છે. માનવીના મનની જેમ તે પણ કેટલાં રહસ્યો અંદર સંગોપીને બેઠો હશે? અંધકાર મને હંમેશાં ખુશબોભર્યો લાગતો. બે શ્વાસની આવનજાવન વચ્ચે ઘૂંટાતો ગહન અંધાર બિહામણો કેમ લાગે છે?

બકુલની અણધારી અલવિદા મને દુઃખ અને આંચકો આપી ગઈ છે, પણ સાથે સાથે અમુક વાતો, જે મને જીવનસભર ખૂંચતી રહી છે. એક પુરુષના સ્વભાવને લીધે અનેક ઈચ્છાઓને અવગણીને જીવવું પડ્યું છે... અન્યાય સહન કરવા પડ્યા છે... હવે એમાંથી મુક્તિ... એ અહેસાસ આ થોડા દિવસોમાં અનાયાસે થતો રહે છે. પૂરી પ્રામાણિકતાતી એનો સ્વીકાર કરવો જ રહ્યો. બકુલ પ્રત્યેનો એ દ્રોહ નથી. ફક્ત અંતરમાં ચૂભતી રહેલી સચ્ચાઈ છે અને ડાયરીમાં મારી જાત આગળ પણ પ્રામાણિક ન રહી શકું તો લખવાનો કોઈ અર્થ ખરો? બસ મનને ખુલ્લું કરવાનો આ એક સંનિષ્ઠ પ્રયત્ન છે. હળવા થવાનો એક અખતરો માત્ર...

પહેલાં અઠવાડિયે ફોન કરતી દીકરી હવે રોજ ફોન કરે છે... મમ્મીની ચિંતા કરે છે. શક્ય હોય ત્યાં દીકરો, વહુ બધી જગ્યાએ મને સાથે લઈને જાય છે. મમ્મી હવે એકલાં પડી ન જાય એ જોવાની પોતાની ફરજ બરાબર બજાવે છે. પપ્પા હતા ત્યાં સુધી એવી કોઈ જરૂર નથી એમ માનતો દીકરો હવે મારું સતત ધ્યાન રાખે છે. બેટા, પપ્પા હતા ત્યારેય તારી મા અંદરથી એકાકી જ રહી છે. તમારી હૂંફની જરૂર કદાચ ત્યારે વધારે હતી, પરંતુ તમને એ કેમ સમજાવી શકાય? અમે સાથે હતાં અને છતાં નહોતાં... એ સત્યથી તમે તો સાવ અપરિચિત...

ખેર! બકુલ હતા ત્યારે અનેક વાર ઝઘડો કરતી, આંસુઓ

સારતી. હવે તો એ પણ અશક્ય... કોઈ પુરુષ પોતાની પત્નીના અંતરને... એની આરજૂને સમજી શકશે ખરો? એના આગવા, સ્વતંત્ર વ્યક્તિત્વનો સ્વીકાર કરી એને થોડી મોકળાશ, થોડી અંગત સ્પેસ... આપી શકશે ખરો? કે પછી એના અંગત ખૂણા સુધી પોતે પહોંચી શકે... એને પામી શકે એટલી ઊંચાઈ પ્રાપ્ત કરી શકશે ખરો? સ્ત્રી પરનો હક, માલિકીભાવ જતો કરવો સહેલો નથી, પરંતુ હકની, અધિકારની એ ભાવના એને ક્યારેય કશું આપી શકે નહીં... એ વાત એ સમજીને સ્વીકારી શકે ખરો? નારીવાદ કહીને એની હાંસી કરનાર પુરુષ સ્ત્રીના મનથી કેટલો દૂર ચાલી જાય છે એ એને કેમ સમજાતું નથી? એ વિરોધ નથી કરતી... કે નથી કરી શકતી... પણ એનું ભીતર તો સતત વિરોધ...વિદ્રોહ કરતું જ રહે છે એ તેને કેમ સમજાતું નથી? અને એ વિદ્રોહ ક્યારેક એને...

આ વખતે ઘણા સમય બાદ ડાયરી હાથમાં લેવાઈ. હમણાંથી વાદળો જલદી ઘેરાતાં નથી. કદાચ તેથી... ડાયરીનો નાતો કદાચ વાદળો સાથે વધારે રહ્યો છે.

હકીકતે પૂરા દસ દિવસ હમણાં ફરી આવી. અમારી મહિલા સંસ્થાએ દર વરસની જેમ આ વખતે પણ દસ દિવસની ટુર ગોઠવી હતી. આમ તો આવી રીતે બહેનપણીઓ સાથે ક્યારેય જઈ શકી નથી, પરંતુ દીકરાવહુએ ખૂબ આગ્રહ કરેલો...

'મમ્મી, તમારે જવાનું જ છે. તમે બધા સાથે હળો... મળો... ફરો તો તમને થોડો ચેન્જ મળશે... અને સારું લાગશે.' અને ખરેખર ખૂબ સારું લાગ્યું. આખું રાજસ્થાન ફરી આવ્યાં. બધાએ સાથે મળી ખૂબ આનંદ કર્યો. આમ તો બકુલ હતા ત્યારે પણ રાજસ્થાન તો ગયેલાં જ, પરંતુ બહારગામ જવું એટલે બકુલને મન સારી હોટેલમાં રહેવું...ખાવું...પીવું... અને એકાદ બે કલાક ક્યાંક આંટો મારી લેવો. આખો દિવસ ચોરના માથાની જેમ ભટકવા થોડા આવ્યા છીએ? થોડા દિવસ શાંતિથી રહી શકાય... આરામ મળી રહે એ માટે આવ્યા છીએ.'

તેની કોઈ પણ ફિલોસોફી... કોઈ પણ વિચાર સાથે હું સંમત થાઉં છું કે નહીં... એ જોવાની... જાણવાની જરૂર એને ક્યારેય લાગી નથી. ફરવાનો આનંદ કદાચ આ વખતે પહેલી વાર જ માણી શકી. બકુલ, આવું લખવા બદલ તારી માફી માગું છું, પણ... જાત સામે આયનો ધર્યો છે અને આયનો કદી જૂઠું બોલે ખરો?

'મમ્મી, તારી બહેનપણીઓને ક્યારેક ઘેર બોલાવતી હો તો? તમે બધા સાથે મળીને તમારું ગ્રુપ બનાવો તો તમને સારું લાગશે અને એકલવાયું નહીં લાગે. એમ બન્ને નોકરીને લીધે તમને વધારે સમય નથી આપી શકતાં એનો અમને ખ્યાલ છે.'

'મધુરા, તારી બહેનપણીઓ સમયે, કસમયે ઘરે આવી ચડે છે એ મને જરાય નથી ગમતું. એમને જરા સમજાવી દેજે.' આ કયા અવાજની ભેળસેળ ચાલી રહી છે?

ક્યારેક કહેવાઈ જતું...

'બકુલ, તમારા મિત્રો તો ગમે તે સમયે આવી ચડે છે અને આવીને કંઈ ને કંઈ બનાવવાની ફરમાઈશ પણ કરે છે. ને હું બનાવીને એમને ખવડાવું પણ છું. મારી બહેનપણીઓ માટે તો તમારે કશું કરવાનું હોતું નથી છતાં...'

અને બકુલનો જવાબ...

'હા, થોડું ભણ્યા એટલે સરખામણી કરવાનાં... સ્ત્રી સ્વતંત્રતાનો ઝંડો લઈને ફરવાની હવે ફેશન ચાલે છે ને? પણ મારા ઘરમાં મને એ બધું નહીં પોસાય.'

'મારું ઘર...' બકુલના આ શબ્દો સાથે મારા ભીતરમાં ખળભળાટ.. ધરતીકંપ...

હું મૌન... સાવ મૌન... બોલીને ઝંઝાવાત ઊભો કરવાની મારામાં નહોતી હિંમત કે નહોતી ઇચ્છા... મારી પાસે બીજો કોઈ વિકલ્પ પણ ક્યાં હતો? તે દિવસે અનરાધાર વાદળો વરસ્યાં હતાં... પણ...

શું મારી પાસે કોઈ વિકલ્પ હોત તો..? તો શું મેં વિકલ્પ પસંદ કર્યો હોત?

પ્રામાણિક જવાબ શોધવા માટે જાતને આખ્ખેઅખ્ખી ઉલેચવી પડે, પરંતુ....

આજે દીકરાના શબ્દોએ મારા મનમાં ભરબપોરે ચંદનની શીતળતા પ્રસરાવી દીધી. કહેવાનું મન થઈ આવ્યું કે 'બેટા, આટલો સમય તો મારા માટે ક્યારેય કોઈએ કાઢ્યો નથી. જીવનભર બધાની સગવડો સાચવતી, જરૂરિયાતો પૂરી કરતી હું...

આજે મારી સગવડ કોઈ સાચવે છે, મારો વિચાર કરે છે એ અહેસાસ જ મનને એક ટાઢક... એક હાશકારો આપી જાય

> આજે મારી સગવડ કોઈ સાચવે છે, મારો વિચાર કરે છે એ અહેસાસ જ મનને ટાઢક આપી જાય છે. પંચાવન વરસની ઉંમરે કોઈ અબોધ શિશુ સમ એ પ્રથમ અહેસાસની અનુભૂતિનો રોમાંચ મારી અંદર ઊછળે છે. બહારથી ઠાવકી સ્ત્રીનું મહોરું અકબંધ...

છે. પંચાવન વરસની ઉંમરે કોઈ અબોધ શિશુ સમ એ પ્રથમ અહેસાસની અનુભૂતિનો રોમાંચ મારી અંદર ઊછળે છે. જોકે બહારથી તો ઠાવકી, ઠરેલ સ્ત્રીનું મહોરું અકબંધ...

મારી ભીતરની સાથીદાર... સાક્ષી આ ડાયરીનાં પાનાંઓને પણ કદાચ આશ્ચર્ય થતું હશે કે આજે મારાં પાનાંઓમાં આ નવી વાતો કેમ ચીતરાય છે? મને પોતાનેય મારી અંદર ઊઠતી આ બધી વાતોનું, આ અનુભૂતિઓનું આશ્ચર્ય થાય છે.

હમણાં અચાનક અંતરા કહે,

મમ્મી, તમે તો ભરતનાટ્યમમાં આરંગેત્રમ કરેલું છે. તો પછી ચાલુ કેમ ન રાખ્યું?

જાત સાથે જ આનાકાની... પણ પછી તો... મારી અંદરની પેલી સોળ વરસની યુવતી જાણે સજીવન થઈ ઊઠી... કોલેજના એ દિવસો જાણે ફરી એક વાર જિવાતા હતા અને વચ્ચેનાં સઘળાં વરસો એકીસામટાં ખરી પડ્યાં... ક્યારેક મનમાં કંઈક ખટકતું પણ ખરું...

શું જવાબ આપું હું વહુને?

પણ જવાબની રાહ જોયા સિવાય તેણે કહ્યું,

'મમ્મી, હજી તમે કંઈ એવાં મોટાં નથી થયાં. થોડું તાજું કરી લો. તમને શીખવું ને પછી શીખવાડવું પણ ગમશે. કંઈક મનગમતી પ્રવૃત્તિમાં મન પરોવાશે તો સારું લાગશે. પપ્પાજીની ખોટ તો અમે કોઈ પૂરી નથી કરી શકવાનાં, પણ... કહેતાં અંતરાનો અવાજ ભીનો થયો. અંતરા બહુ સંવેદનશીલ છોકરી છે. આવી વહુ મળવા બદલ હું નસીબદાર છું.

મને તો એ વિચાર જ હાસ્યાસ્પદ... સાવ અશક્ય...

પણ અંતરા જેનું નામ... મનમાં એક ધૂન ચડે પછી કરીને જ જંપે. પચાસ વરસની ઉંમરે મને ડાન્સિંગ ક્લાસમાં મોકલ્યે જ છૂટકો કર્યો. શરૂઆતમાં થોડો ક્ષોભ... જાત સાથે જ આનાકાની... પણ પછી તો... મારી અંદરની પેલી સોળ વરસની યુવતી જાણે સજીવન થઈ ઊઠી... કોલેજના એ દિવસો જાણે ફરી એક વાર જિવાતા હતા અને વચ્ચેનાં સઘળાં વરસો એકીસામટાં ખરી પડ્યાં... ક્યારેક મનમાં કંઈક ખટકતું પણ ખરું... મારા જતાં આ શું માંડ્યું છે મધુરા? એક ખટકો... એક બેચેની... ગૂંગળામણ... જેને ખંખેરતાં ક્યારેક દિવસો નીકળી જતા, પણ અંતરા અને અનુજના પ્રયત્નો... એમની સમજદારી ફરી રંગ લાવતી.

મારા જેવા અનુભવો બીજી સ્ત્રીઓને પણ થતા હશે કે કેમ? કે પછી મારી સંવેદનશીલતા વધુ પડતી હશે? મનમાં એક રંજ પણ ઊભરાતો રહે છે. આ રંજના અનેક રંગો છે. કાચિંડાની માફક એ બદલાતા રહે છે.

બકુલની અનેક ન ગમતી વાતો સાથે સતત સમાધાન કરી જીવન જિવાતું હતું. ક્યારેક એ મૂડમાં હોય ત્યારે પૂછતો, 'મધુરા, આપણે તો સાત જનમ સાથે રહેવાનું છે ને?'

'હા, પણ આ સાતમો જનમ છે.'

એવું મનમાં બોલતી ખરી, પણ એ જવાબ હસવા ખાતર પણ બકુલ સહન કરી શકે નહીં. તેથી હું જરાક સ્મિત ફરકાવીને મૌન બની રહેતી. એ સ્મિતમાંથી બકુલ પોતાને મનગમતો જવાબ તારવતો રહેતો.

કેટલી સ્ત્રીઓ સાચા દિલથી આવતા જન્મે પણ આ જ પતિ મળે એવું ઇચ્છતી હશે? જોકે આ પ્રશ્ન પતિઓને પણ જરૂર પૂછી શકાય અને પૂરી પ્રામાણિકતાથી જવાબ મળે તો એ શો હોઈ શકે એની કલ્પના અઘરી નથી જ. આમ પણ માનવી માત્રને પરિવર્તન ગમે છે અને ડુંગરા દૂરથી જ રળિયામણા લાગે. બધાને કદાચ પારકી બૈરી કે પારકો ધણી જ સારો લાગતો હશે? ઘર કી મુર્ગી દાલ બરાબર... અને પારકા ભાણાનો લાડુ મોટો જ લાગવાનો.

પારકા સાથે કંઈ દાળ-ચોખાના ભાવની માથાફોડ થોડી જ કરવાની હોય? ત્યાં તો સરસ મજાના તૈયાર થઈને સારા દેખાવાના સઘળા જોરદાર પ્રયત્નો...

પોતાના માણસ પાસે વળી સારા દેખાવાની શી જરૂર?

આવી માનસિકતામાંથી સ્ત્રી કે પુરુષ કોઈ બાકાત ક્યાં રહી શક્યું છે?

અન્યની ખોટી વાતને પણ હું ઉદારતાથી સહી લઉં છું. મારે એની સાથે ક્યાં જિંદગી કાઢવી છે?

અને જેની સાથે જિંદગી કાઢવી છે એની સાથે સહિષ્ણુ બનવું કેવું અઘરું બની રહે છે?

મનમાં ગાંડાઘેલા વિચારોની ઊથલપાથલ ચાલતી રહે છે.

આજે મારો જન્મદિવસ હતો. સવારથી અનુજ અને અંતરા મંડ્યાં હતાં. મારી જાણ બહાર ન જાણે શીયે તૈયારી ચાલી રહી હતી. પપ્પા નથી તેથી મમ્મીને એના જન્મદિવસે જરાય ઓછું ન આવવું જોઈએ. નહીંતર તો દર જન્મદિવસે દીકરી, જમાઈ, અનુજ, અંતરા બધા ફોન કરીને વિશ કરી લેતાં, પણ આ વખતે તો હું એકાંકી હતી ને?

ના, બેટા, આ વખતે તો તમે મારી સાથે છો... એકાંકી તો

પહેલાં હતી. જતાં જતાં બકુલ જાણે મને મારાં સંતાનો પાછાં આપતો ગયો હતો.

'અંતરા, આટલાં વરસો સુધી હું તો જાણે મમ્મી, પપ્પાને સાવ ભૂલી જ ગયો હતો. ભણવા માટે હોસ્ટેલમાં ગયો. પછી નોકરી માટે દૂર રહ્યો. લગ્ન કરીને પણ દૂર જ.... ખેર! ... હવે જાગ્યા ત્યાંથી સવાર. પપ્પા માટે તો હવે કશું કરી શકીએ તેમ નથી, પણ...'

અનુજના અવાજમાં શ્રાવણી ભીનાશ ઘૂંટાઈ રહી. મારા કાને અનાયાસે અથડાયેલા આ શબ્દો....

અનુજ સરસ મજાની કેક લાવ્યો હતો. અંતરા સુંદર ડ્રેસ લાવી હતી અને સાંજે તો આશ્ચર્યની અવધિ જ... દીકરી, જમાઈ અને મારા મિત્રો આવી પહોંચ્યાં ત્યારે તો... હું છલોછલ...

દીકરા, વહુ સામે હું આભારભરી નજરે જોઈ રહી. કશું બોલી ન શકી. પછી તો પાર્ટી જામી. બધાએ સાથે મળી ગીતો ગાયાં... દસ વાગ્યે બધાં વિખેરાયાં ત્યારે હું એક સાવ નવા જ અનુભવથી લથપથ.

બાકી તો...

'હવે આપણે થોડાં નાનાં છીએ તે જન્મદિવસ ઊજવીએ? એવી ફોર્માલિટીની શી જરૂર? અને આપણે કંઈ દુનિયામાં આવીને કોઈ ધાડ નથી મારી દીધી. આ બધાં નવી પેઢીનાં તૂત છે. પશ્ચિમનું આંધળું અનુકરણ...' મારી દલીલો બધી બૂમરેંગ જ સાબિત થવાની એની જાણ હોવાનો મૌન સ્વીકાર માત્ર...

આમ પણ પોતાની સામે કોઈ દલીલ કરે એ બકુલ ક્યારેય સહન કરી શકતો નહીં. તેની સાથે ચર્ચાને કોઈ અવકાશ ક્યારેય રહેતો જ નહીં... તેની માન્યતાઓ સામે બધા વિકલ્પોના દરવાજા બંધ જ...

બકુલ જતાં મારું જીવન બદલાયું છે. કદીક એક ખૂણો ખાલીપાનો અહેસાસ કરાવી રહે છે. તો બીજા અનેક ખૂણા લીલાછમ્મ થતા રહે છે. ક્યાંક વાંચેલી એક પંક્તિ આ ક્ષણે મનમાં પડઘાય છે.

હવે રોજ સવારે મારે મોર્નિંગ વોક માટે જવું પડે છે, દીકરા, વહુ અને દીકરી, જમાઈ બધાનો હુકમ છે. આમ પણ હવે મારે સવારે કોઈનો સમય સાચવવાનો નથી. ગરમ નાસ્તો બનાવવાનો નથી. સવારમાં બકુલની બૂમે રઘવાયા થઈને દોડવાનું નથી. તેણે આડીઅવળી મૂકી દીધેલી વસ્તુઓ શોધવાનું ટેન્શન નથી. મિત્રોના ફોન બકુલની હાજરીમાં આવે અને લાંબા ચાલે તો ફફડવાનું નથી. બહારથી આવવામાં વહેલુંમોડું થઈ જાય તો કોઈ ખુલાસાઓ આપવાના નથી. રાત્રે મનપસંદ સિરિયલ જોવા માટે કોઈ ટોકતું નથી. હું ક્યાં... ક્યારે... કોની સાથે ગઈ હતી તેના પુરાવાઓ આપવાના નથી. ઘરમાં હવે બધું મને પૂછીને થાય છે. પોણી જિંદગી વીતી ગયા પછી હવે મારી ઇચ્છા મુજબ જીવવાની આઝાદી મળી છે. બકુલ, હું ખુશ છું એ બદલ સોરી, પણ આજે મારી આસપાસ છલોછલ સુખ રેલાઈ રહ્યું છે. ભીતરના ઘણા ખૂણાઓ કોળી ઊઠ્યા છે. પણ બકુલ, સાવ સાચું કહું...? એ બધાની સામે પેલા ખાલી ખૂણાનો ખાલીપો મને વધારે કનડે છે. તમને ન ગમતી વાત કરું છું ત્યારે મનમાં એક ટીસ કેમ ઊઠે છે? કોઈ ગિલ્ટની ફીલિંગ કેમ જાગે છે? આનંદનો અનુભવ થાય છે ત્યારે એક

કાલથી દિલની સઘળી વાતોને અંતરમાં જ ધરબી દઈ, સામે આવતી દરેક પળને અતીતના તાણાવાણા કે ભાવિના વિચારોથી મુક્ત રાખીને જીવવાનો પ્રયત્ન કરીશ અને પછી એક દિવસ હું પણ અચાનક... સાવ અચાનક તારી સામે આવીને ઊભી રહી જઈશ.

અપરાધભાવ કેમ પીડે છે? તમારી સામે લાખો ફરિયાદો છતાં તમારાં પગલાંના ભણકારાની ઝંખના કેમ જમી નથી?

બધાનો જવાબ કદાચ એક જ... બકુલ, હું તમને ચાહું છું... સાચા દિલથી ચાહું છું. મારી સમસ્ત ફરિયાદો સાચી હોવા છતાં ચાહું છું. એક નાનકડા અઢી અક્ષરના શબ્દની અનુભૂતિ આ ક્ષણે તીવ્રતાથી કરી રહી છું.

આવતી કાલથી કદાચ હવે ડાયરી નહીં લખું... સુખી છું... ખુશ છું... એવું લખતી વખતે જાણે તારો દ્રોહ કરી રહી હોઉં એવું ફીલ થાય છે.

કાલથી દિલની સઘળી વાતોને અંતરમાં જ ધરબી દઈ, સામે આવતી દરેક પળને અતીતના તાણાવાણા કે ભાવિના વિચારોથી મુક્ત રાખીને જીવવાનો પ્રયત્ન કરીશ અને પછી એક દિવસ હું પણ અચાનક... સાવ અચાનક તારી સામે આવીને ઊભી રહી જઈશ.

બકુલ, ત્યારે તું એમ તો નહીં પૂછે ને?

'આટલી બધી વાર?'

અને તો હું શું ખુલાસો આપીશ? **મ**

---

**તમને મમતાની કઈ કઈ વાર્તાઓ ગમી ને કઈ ન ગમી તે લખશો?**

---



# ધરમાભાઈ શ્રીમાળી

# પછડાટ

*ત્રણ વાર્તાસંગ્રહોને ગુજરાતી સાહિત્ય અકાદમી, ગાંધીનગર, ગુજરાતી સાહિત્ય પરિષદ અમદાવાદ અને મુંબઈ કલાગુર્જરીનાં પારિતોષિક પ્રાપ્ત થયેલ છે. અને ગુજરાત સરકારનો 'દાસી જીવણ' એવોર્ડ એનાયત થયેલ છે.*

***એમ-૨, સરકારી વસાહત (જૂની), કલ્યાણતંત્ર ભવનની પાસે, પાલનપુર, જિ. બનાસકાંઠા (ઉ.ગુ.)***
***ફો - ૯૯૨૪૭૭૭૨૮૬***
**dashrath.parmar02@gmail.com**

પાછલી રાતનો પવન પડી ગયો હતો. અમાસનું અંધારું વધુ ને વધુ ઘટ્ટ બનતું જતું હતું. વિલાસે પડખાં ઘસ્યાં કર્યાં. કેમેય ઊંઘી શકાયું નહીં. રહી રહીને સરલાનો ચહેરો આંખોમાં તગતગતો હતો. બારીમાંથી સરલાના ઘર સામે જોવાઈ ગયું. મહિનો-દોઢ મહિનો થયો સરલાને શહેરમાં રહેવા ગયે. બંધ ઘરના તાળાને ટીકી ટીકીને જોવા વિલાસે પ્રયત્ન કર્યો. આંખોમાં દિવસો ધસી આવ્યા...

વિલાસના પિયરમાં સરલાનું મોસાળ. સરલા મોટા ભાગે મોસાળમાં ઊછરેલી. મા-બાપ નાનપણમાં મરી ગયેલાં. એકની એક સરલા. ન ભાઈ કે ન બહેન. કાકી સરલાને વગડાનું કામ સોંપ્યા કરે. લાકડાં વીણવા મોકલે. પારકા ખેતરમાં મજૂરીએ મોકલે. કૂવેથી પાણી ભરી લાવવા કે પછી નદીકાંઠા બાજુ કપડાં ધોવા મોકલે. કચરો-પોતું કરાવે. રસોડામાં પેસવા ન દે. સરલા રોતી રોતી મામાના ઘરે આવે. મામી સરલાનાં કાકા-કાકીને સંભળાવતાં હોય, એમ મોટા અવાજે બોલ્યા કરે. વાસની વસતિ ભેગી થઈ જતી. 'ભાંણી બાપડી નોંધારી છે... પીટ્યાંને રાખતાં જોર આવે છે ને ભાંણીને કનડે છે. શું થાય, માંમાને ઘેર જ આવે છે!' ટોળે વળેલાં મોસાળ પક્ષનાં સૌ દયા ખાતાં. વિલાસ એ બધાં વચ્ચે ઊભી ઊભી સરલાને જોયા કરતી. એનેય દયા આવતી.

નદીની કોતરોમાં લાકડાં વીણવા જતાં સરલાનો સંગાથ થતો. સરલા ઝાઝું બોલતી નહીં. ક્યારેક સામે જોતી ને પાછી સૂનમૂન ચહેરે લાકડાં વીણ્યા કરતી.

તે દિવસે સરલાનો કાકો લેવા આવ્યો હતો. સરલાને જવું નહોતું, પણ એ લીધા વગર જાય તેમ નહોતા. સરલાનાં લગ્ન લેવાનાં હતાં. બાપા જીવતાં સગપણ થયેલું. ઝટપટ પરણાવી દેવાની ગણતરીએ લગ્ન નક્કી કર્યાં હતાં. સરલાને કાલે તો જવાનું હતું. એની ઇચ્છા નહોતી પણ લગ્નની વાતે મામી સમજાવતાં હતાં. 'કાલે સૌ સારાં વાનાં થશે.. જવું પડે દીકરી.'

વિલાસને સરલા સાથે વાત કરવાની ઇચ્છા થયેલી. એણે લાકડાં વીણતાં વીણતાં પાસે જઈને જોયું તો સરલા જે કોતરમાં ઝુંડ કાપી રહી હતી ત્યાંથી સાપ પસાર થઈ રહ્યો હતો. 'સરલા... સાપ છે સાપ!' કરતી એ સરલાનો હાથ ઝાલીને દૂર ખેંચી ગયેલી. પણ સરલા તો - 'મને ખબર છે. ભલેને રહ્યો. આપણું શું લેવાનો છે...' કરતી ઊભી રહેલી.

'કેમ, તને બીક નથી લાગતી?'

'ના.'

'ક્યાંક કરડ્યો હોત તો!'

'ભલેને કરડતો... અહીં જીવવું જ છે કોને?'

'એવું ન વિચારાય ગાંડી, લે ચાલ ઘરે.'

•••

વિલાસ ફરી પડખું ફરવા ગઈ ને એનો હાથ બારીએ અથડાયો. બારી ધડામ કરતી બંધ થઈ ગઈ. ઘરનાં સૌ ભરઊંઘમાં હતાં.

વિલાસનો પતિ આધેડ અને બીજવર. પરણેતર આણું કરીને વિલાસને તેડી લાવવાની ઘડીએ ભાગી ગયેલો. લોક કહે છે - એ બાવો થઈ ગયેલો. બીજા હારે વળાવી નદી પારનો વિસ્તાર. ચારે

બાજુ ડુંગરા. માટીનાં ઘર. વિલાસનું મન કેમેય ત્યાં રહેવા માને જ નહીં. એ પિયર ભાગી આવેલી. ફરી વાર ત્યાં ન ગઈ તે ન જ ગઈ.

•••

વેળા થવામાં હજુ વાર હતી.

વિલાસને ઘડીક આંખ ઘેરાતી લાગી. ઘેરાતી આંખ મીંચાય ત્યાં મનમાં ભરેલું બધું ઊડી આવે પાંપણે. ભારઝલાં પાંપણ ફટાક કરતાં ખૂલી જાય. શરીર અમળાય-ખેંચાય. થડકારો અનુભવાય. હમણાં હમણાંથી રોજ આવું થવા માંડેલું. વચ્ચે દવા લીધેલી. ડોક્ટરે કહેલું, 'બહુ વિચારો કરવા નહીં. ટાઇમસર જમવું અને આરામ કરવો, ઉજાગરો કરવો નહીં...' દવાથી ઘેરણ જેવું લાગે. થોડીક વાર થાય ત્યાં ફરી પાછું જાગી જવાય. પછી મોડે સુધી જાગતાં જ પડ્યાં રહેવાય.

•••

સરલા પરણી ગયેલી. મામાને ઘેર આવવાનું ઓછું થઈ ગયેલું. વિલાસને સરલા ભુલાઈ ગઈ હોય, એમ દિવસો પસાર થતા ગયેલા. વિલાસની જુવાની ખીલેલી. બે જગ્યાએ ઠેકાણું ન પડેલું. ત્રીજી જગ્યાનું કંઈ નક્કી નહોતું. એવામાં સરલાની સાસરીમાંથી માગું આવેલું. આધેડ જેવા પુરુષને જોતાં જ ભીતરમાં શારડી મુકાઈ જાણે! પણ પિયરિયાં કંટાળ્યાં હતાં, બાપા મરી ગયા હતા. ભાઈ આગળ કોઈનું ચાલે એમ નહોતું. ઘડીક થયેલું - 'સરલા તો છે... એની સાથે બોલવા-ચાલવાનું ઠીક રહેશે.'

વિલાસે મન મનાવેલું.

સામા ઘરે સરલા રહે. સરલાનો વર રૂપાળો, પાતળો, ઊંચો, ગોરટિયો. પાછો નોકરિયાત. એ કમાડની આડમાં સરલાના વરને જોયા કરે. વળતી ક્ષણે એની નજર પોતાના આધેડ પતિ પર તરડ થઈને તૂટી પડે. ભર્યા ઘરમાં છતાં અજવાળે અંધારું વરતાય. મનને કશું ગાંઠે નહીં. પિયરમાં પાછાં જવાની ઇચ્છા થાય, પણ ત્યાં પિયરમાં તો ભાઈનો ગુસ્સો સાતમા આસમાને. અહીં ઘર પાછળ વાડામાં થુવેરની ઊંચી વાડ. વાડ પાછળ નર્યાં કેર અને કંથેર. એને પિયરનું આંબાવાડિયું સાંભરે. નદી સાંભરે. કોતર સાંભરે અને અહીં સાસરીમાં કશાક કામે બહાર નીકળે ને રસ્તે-ચોરે ઊભેલા જુવાનિયા...

સામેના ઘરે સરલાનો પતિ નાહીને વાળ ઓળતો ઊભેલો દેખાય. મન ખિન્ન થઈ જાય. ઘરકામમાં ધ્યાન ન રહે. હાથમાંનાં વાસણ છટકે. પતિ કશું બોલે એ પહેલાં એ છણક-ભણક થઈ, પગ પછાડતી ઘડીક ઘરમાં, ઓસરીમાં તો ઘડીક આંગણામાં અટવાયા કરે. પતિ સાથે વાતવાતમાં વાંકું પડે. રાતવેળા પતિ જાતજાતનું, ખાવા-પીવા-પહેરવા-ઓઢવા ચીજવસ્તુ લાવે. પ્રેમ પાથરે, પણ કોણ જાણે વિલાસનો ચહેરો કેમેય રાજી ન થાય.

એક સવારે સરલાના ઘરમાં કશીક ચીજવસ્તુ લેવા ગઈ ને બારણામાં જ ખોડાઈ ગઈ. સરલા એના પતિ સાથે જબરી ગમ્મતે ચડેલી. ગળામાં ડચૂરા જેવું થયું. ખોંખારો અટકી ગયેલો. ઝડપથી પાછી વળી ઘરે જતાં જ કમાડ ભીડી દીધેલાં. ભીડેલાં કમાડ અઢેલી તળેઉપર થવા માંડેલી. પાણિયારેથી લોટો ભરીને પાણી ગટગટાવ્યું. કળ ન વળી. ઢાળેલા ખાટલે બેસી પડી. બારી આરપાર સરલા એના પતિ સાથે ઊભેલી દેખાઈ. એ ત્યાં ઊભાં ઊભાં એકબીજાને તાળી આપતાં હસી રહ્યાં હોય એવું લાગ્યું. એણે ફટાક દઈને બારી બંધ કરેલી. મન ચક્કર-વક્કર થવા



માંડેલું. 'કાલ બપોરે તો રોતી રોતી મામાને ઘેર આવતી'તી ને આજ...' એ ક્યાંય સુધી સૂનમૂન બેસી રહેલી.

રવિવારે સરલા પતિ સાથે ફરવા જાય. બની-ઠનીને નીકળતી સરલાને એ જોયા કરે. ખુશીભર્યા ચહેરે આ સાડી કેવી લાગે છે વિલાસબહેન...' બોલતી એ વિલાસના ઘરે આવે ને વિલાસ કશું બોલ્યા વગર ઊભી રહે. ચહેરા પર અણગમો છવાઈ જતો લાગે.

પતિ પગમાં જોડા ઘાલીને ખેતરે મજૂરી કરવા ચાલ્યો જતો. પતિનો કાળોભટ દેહ એને ભાદરવાના તડકા જેમ વાગવા માંડે. આખો દિવસ પાવડો કૂટી-કૂટીને છાલાં પડેલાં. લીમડાની છાલ જેવા હાથના પંજા... વધેલી દાઢી અને મોઢામાં તમાકુની વાસ... વિલાસ પડખું ફરી જતી.

શરૂશરૂમાં બધી સ્ત્રીઓ અને યુવતીઓ વિલાસની પાસે આવી બેસતી, બોલતી-ચાલતી અને હસી-મજાક પણ કરી લેતી. તો વિલાસનાં વખાણ કરીને રાજી થતી, પણ પછી આધેડ પતિની સામે જોઈને એ બધી અંદરોઅંદર હસતી હોય એમ વિલાસને લાગવા માંડેલું. એમનું આ રીતે હસવું એને પસંદ નહોતું. એ અતડી રહેવા માંડી. ધીરેધીરે એ બધાંની અવર-જવર ઘટી ગયેલી. હવે બધાં સરલા સાથે બેસતાં-ઊઠતાં થયાં હતાં. ક્યારેક સાવ એકલી પડતી ને આસપાસમાં કોઈની પાસે બેસવા જતી, પણ 'ચાલો સરલાવહુને ત્યાં ઠીક રહેશે.' કહીને બધાં સરલાને ઘરે જવા ઊઠતાં. વિલાસને આ ઠીક લાગતું નહોતું. પોતે સરલાથી મોટી છે-નો વિચાર મનમાં આવી ભરાતો. એ કશુંક બહાનું ધરીને ઘરે આવતી રહેતી, પણ મન તો સરલાના ઘર બાજુ જ લાગેલું રહેતું. સરલાના ઘરે ભેગી થયેલી સ્ત્રીઓની વાતચીત, હસીમજાક અને ચા-પાણી... મનમાં ચચરાટ વધવા માંડતો.

સવારે ઊઠતાંવેંત વિલાસ ઘરઅંગણું સાફ કરવા મંડી પડે. સૂપડીમાં કચરો ભેગો કરીને ઉકરડે નાખી આવે, પણ એક સવારે એના પગ સરલાના આંગણામાં અટકી પડેલા. સરલાનું ચોખ્ખુંચણાક આંગણું મલકી રહ્યું હતું. એણે સરલાના ઘરમાં નજર નાખી. મનમાં ઊડી આવતા કચરા જેવું પ્રવેશવા માંડ્યું...

પોતાની ઓસરીમાં પતિ હજી ઘોરતો હતો. એનો ચહેરો કદરૂપો લાગતો હતો. એનાથી 'હા ક્ થૂ..' થઈ ગયેલું. આસપાસ જોયું. સરલા ઘરમાં કામ કરતી કરતી ગીત ગણગણી રહી હતી. સરલાનો પતિ અરીસામાં જોઈને દાઢી પર સાબુ લગાવતો ઊભો હતો. વિલાસનું મન આળું થઈ ગયેલું. એનાથી સૂપડી ભરેલો કચરો સરલાના આંગણામાં ઠલવાઈ ગયેલો. આળા થતા મનને શાંતિ વળેલી. પછી પોતાનો કચરો સરલાને વાળતી, ઉપાડતી જોવાની એને મજા પડવા માંડેલી.

શરૂમાં તો સરલાનું કોઈ ધ્યાન ગયું નહીં. એ રોજની જેમ જ હસતી-બોલતી, કામ કરતી સૌની સાથે બેસતી-ઊઠતી હતી. ક્યારેક નવરી પડતી તો - 'કેમ છો વિલાસબેન? શું કરો છો...' કરતી એકાદ આંટો મારી જતી.

> પતિ પગમાં જોડા ઘાલીને ખેતરે મજૂરી કરવા ચાલ્યો જતો. પતિનો કાળોભટ દેહ એને ભાદરવાના તડકા જેમ વાગવા માંડે. આખો દિવસ પાવડો કૂટીને છાલાં પડેલાં. લીમડાની છાલ જેવા હાથના પંજા, વધેલી દાઢી અને મોઢામાં તમાકુની વાસ... વિલાસ પડખું ફરી જતી.

ઘરમાં જૂનીનાં છોકરાંનું તોફાન.. ન ગમતા પતિનો ઓછાયો... પોતાની રૂપાળી જુવાનીનો ભાર અને સામી છાતીએ એક સમયની દુખિયારી સરલાનું સુખી દામ્પત્ય... વિલાસથી સરલાના આંગણામાં કચરો ઠલવવાનો ક્રમ રોજનો થઈ ગયેલો.

એક-બે વાર સરલાને બોલતી સાંભળેલી.

'શું છે, સરલાવહુ... કોને બોલો છો?' બાજુનાં પસીડોશીએ કહેલું.

'આ જુઓને પસીમા, હું રોજ વહેલી ઊઠીને આંગણું વાળું છું ને આ કચરો ક્યાંથી ઊડી આવે છે!'

'ઊડી તો ક્યાંથી આવે વહુ, તમારા વાળવામાં ઉતાવળ હશે કે પછી અંધારામાં રહી જતું હશે..?' પસીડોશી સરલાને સમજાવતાં.

વિલાસ મનોમન હરખાતી. ક્યારેક સરલા વિચારતી, 'કોણ હશે આવું માણસ... તે મારા આંગણામાં કચરો ઠલવે છે?'

સવાર સવારમાં સરલાનો ચહેરો ઉદાસ થઈ જતો. વિલાસને સરલાની આ ઉદાસી ગમવા માંડેલી, પણ આ તો ઘડીકની મજા. પછી આખો દિવસ પાછી સરલાના સુખી સંસારની ઝાળ વાગ્યા કરે.

તે દિવસે બરાબરની જામી ગયેલી.

'કેમ, વિલાસબહેન આવું કરો છો?'

'શું છે તારે?' એ તાડૂકેલી.

'આ તમારો કચરો ઉ કરડે નાખોને... અહીં મારા આંગણામાં...' સરલા હજી પૂરું બોલી રહે એ પહેલાં એણે,

‘હવે જા, જા આંગણાવાળી! કાંય તું એકલી જ ચોખલી છે? અમને કશી ખબર જ નહીં પડતી હોય શું... ન જોઈ હોય તો મોટી સફાઈ કરનારી! તારા બાપના ત્યાં તો કશું ભાળ્યું નથી ને અહીં જુઓને આ બાઈને ખેલ કરવા મળે છે!’

સરલા કશુંય બોલ્યા વગર અંદર ચાલી ગયેલી. વિલાસ બોલતાં બોલતાં હાંફવા માંડેલી. ખાસી વારે ચહેરા પરનો રોષ ઓછો થયેલો. કચરો પોતે ઠલવે છે છતાં સૌની વચ્ચે સરલાને પાછી પાડવામાં ભભૂકી ગયેલો રોષ એને પોતાને નવાઈ પમાડી ગયેલો. તો સરલાને સૌની વચ્ચે કેવી ઉતારી પાડીનો આનંદ છવાઈ ગયો, પણ કોણ જાણે ઘડીક પછી એના મનમાં ખારોપાટ છવાવા માંડેલો.

સવાર સવારમાં સૌ ટોળે વળી જતાં. સવાર-બપોર કે સાંજ કચરો વાળવા કે પાણી ઢોળવાના બહાને ઝઘડા શરૂ થઈ જતા. કોઈ સરલાનું ઉપરાણું લે તો એ બરાબરની ખિજાઈ જતી. કોઈથી પાછી પડતી નહોતી. પછી સરલાના અકળાયેલા ચહેરાને બારીમાંથી જોતી હરખાતી રહેતી.

વિલાસનો પતિ ક્યારેક ઊકળી ઊઠતો. ‘શું લેવા આમ કરે છે? ભૂંડી લાગે છે ભૂંડી!’

એણે રીતસરનો આંગણા વચ્ચે જ ઠૂઠવો મૂકેલો. જબરો તાલ થયેલો. આ બધું તો સવારથી ચાલુ થઈ જતું, પણ રાત પડે ને સૌ પોતપોતાના ઘરમાં પુરાય ત્યાં વિલાસને કશુંક ખૂટતું લાગે. લાઈટ બંધ કરીને એનો પતિ પડખે ભરવા મથતો. એ પડખું ફરી જતી. સરખી ઉંમરની સરલા, નોંધારી સરલા, કાકાના ઘરેથી રોતી રોતી મોસાળમાં આવતી સરલા અને અહીં...’ વિલાસને પડખામાં શૂળ ભોંકાવા જેવું લાગતું.

વાર-તહેવાર આવે. સરલા બધું ભૂલીને વિલાસને ત્યાં આવે. મેંદી મૂકવાની હોય કે પછી વ્રત-ઉપવાસ હોય, એ વિલાસને બોલાવવા પ્રયત્ન કરતી. મોં મચકોડતી વિલાસ કેમેય રાજી ન થાય. વાતવાતમાં સરલા સાથે વાંકું પડે. ‘શું છે તારે તે દોડી જાય છે? હું જોયા કરું છું કે એ તને ખુશ રહેતી જોઈ શકતી નથી. મને એનો સ્વભાવ નથી ગમતો....’ સરલાના પતિએ સરલાને વિલાસના ઘરે જતી રોકતાં કહેલું. વિલાસ કાળઝાળ થઈ ઊઠેલી. સરલાના પતિ પર એને વાંકું પડવા માંડેલું. ‘ન જોયો હોય તો મોટો લાટસાહેબ! બે પૈસાની નોકરીનો પાવર આવી ગયો છે...’

•••

સરલાને સારા દિવસો જતા હતા. વિલાસે રોજનો ઝઘડો વધારવા માંડ્યો હતો. વાસના સૌ કંટાળી ગયા હતા. એ બધા સરલાને શરીરની કાળજી અને શાંતિ રાખવાનું કહેતા હતા. વિલાસને કોઈ કશું કહી શકતું નહોતું. એ મનોમન ફુલાતી જતી હતી, પણ આખો દિવસ ખાસ કોઈ એની સાથે બોલતું નહીં. ‘મૂઈ કજિયાળી છે...’ વિચારતાં આસપાસનાની અવરજવર ખૂબ ઓછી રહેતી. એ એકલી પડવા માંડી હતી. પેલી તરફ સરલા પ્રત્યે દરેકની હૂંફ જોઈને એ અંદરથી બળ્યા કરતી. જૂનીનાં છોકરાંને વગર વાંકે ધીબી નાખતી. છોકરાં રાડમ્રાડ કરી નાખતાં. પતિ સાથે વાતવાતમાં લડી પડતી. હાથમાં હોય તે ચીજવસ્તુ ફેંકી દેતી. પગ પછાડતી ઘરમાં, ઓસરીમાં ને આંગણામાં આઘી-પાછી થયા કરતી હતી. કોઈ વાતે એને ચેન નહોતું. મનમાં એવું પણ આવી ભરાણું કે, ‘આવી આ કંટાળીને ક્યાંક બીજે રહેવા જતી રહે તો સારું...’

સરલાને દીકરો જન્મ્યો ને વાસ રાજી રાજી થઈ ગયેલો.

વાર-તહેવાર આવે. સરલા બધું ભૂલીને વિલાસને ત્યાં આવે. મેંદી મૂકવાની હોય કે પછી વ્રત-ઉપવાસ હોય, એ વિલાસને બોલાવવા પ્રયત્ન કરતી. મોં મચકોડતી વિલાસ કેમેય રાજી ન થાય. વાતવાતમાં સરલા સાથે વાંકું પડે. ‘શું છે તારે તે દોડી જાય છે?

વિલાસનું શરીર જાણે ભડ ભડ થવા માંડ્યું. ‘હવે કાં તો એ રહે કાં તો હું... બાકી ચેનથી તો સામી છાતીએ નહીં જ રહેવા દઉં...’ મનના વિચારો વળ ખાઈને ટટ્ટાર થવા માંડેલા અને એવું જ થયેલું.

રોજની જેમ જ એક સવારે સરલાના આંગણામાં કચરો ઠલવવા ગઈ ને એ ઊભી રહી ગયેલી. સરલાના ઘરને તાળું મારેલું હતું. ‘ક્યાં ગઈ હશે આવી આ?’નો સવાલ થયેલો. પછી ‘કશેક બહારગામ ગઈ હશે. આપણે શું... લે, લેતી જા...’ કરતાં એણે સરલાના આંગણામાં કચરો ઠલવી દીધેલો. બીજા દિવસેય એમ કર્યું. ‘પાછી આવશે ને આંગણામાં ઢગલો વળેલો ભાળશે ત્યારે ઠીક રહેશે. ભલેને મથ્યા કરતી...’ પણ પછી એ લોકો તો શહેરમાં રહેવા ચાલ્યાં ગયાં છે જાણીને એણે થયેલું ‘હાશ! હવે શાંતિ!’

•••

ધડામ્ કરતી બારી ફરી પાછી આઘી-પાછી થવા માંડી. વિલાસને બારી પર ચીડ ચડી આવી. બારી બંધ કરીને એ બેસી રહી. મૂંઝારો વધવા માંડ્યો. બારી ખોલે ને સામે સરલાનું બંધ

ઘર દેખાય. કચરાનો ઢગલો દેખાય. 'હવે નથી નાખવો. એ છે નહીં પછી કચરો નાખવાની શી મજા!' પણ જેવો કચરો સૂપડીમાં ભરે કે સરલાના આંગણામાં રોજની જેમ પગ અટકી પડે. કચરો ઠલવાઈ જાય.

પરમ દિવસે સરલા આવેલી. 'સાફ-સફાઈ કરવા જ આવી હશે! બાબો રડતો સંભળાયો. કામમાં હશે. આંગણામાં કચરાનો ઢગલો થઈ ગયો હતો. એ બોલશે. કકળી ઊઠશે. વાસનાં બૈરાં એના કકળાટમાં સૂર પુરાવશે, પણ આ ફેરા તો કશું બાકી નથી રાખવું. ભલેને મોટો ઝઘડો થઈ જતો. વળીને પાછી ન આવે એવું કરી મૂકું...' વિલાસ મનોમન વિચારતી રહેલી.

કેટલાક દિવસોથી કચરાનો ઢગ વળેલું આંગણું સરલાએ મોટું-છોટુંવાળી નાખેલું. કશું બોલ્યા કે બબડ્યા વગર. વિલાસને નવાઈ લાગેલી. 'કેમ, એનું મોં સાવ...' પાછું થયું, 'એનો વર

આંખ આગળ છબિમાં મઢેલો સુખી પરિવાર કિલકિલાટ કરતો ખડો થઈ જતો હતો. ખાટલા પરની ગોદડી સાફસુથરી અને ખંખેરી-ઝાપટીને પાથરી હતી. તોય કશુંક ચળ જેવું શરીરે ચટક્યા કરતું હતું. ખૂબ મોડેથી આંખ મળી ગયેલી. ઠંડો પવન વાઈ રહ્યો હતો.

સાથે નથી તે ઝઘડાથી બીતી હશે કે પછી એના રૂપાળા વરને બોલવાની ના પાડી હશે. પાછી મીંઢી ખરીને!

●●●

ઘટ્ટ બનતા જતા અમાસના અંધારામાં વિલાસે મોડે સુધી પડખાં ઘસ્યાં. શરીરમાં ઝીણો ઝીણો તાવ આવી ભરાયો. ડોક્ટરની સલાહ યાદ આવી ગયેલી, પણ ઊંઘ તો આભલે ચોંટી ગઈ હતી!' કોઈએ કહેલું - 'રૂપાળા બંગલા જેવું મકાન ભાડે રાખ્યું છે. એય ને સરલાને તો જલસા છે જલસા... એના પતિએ નવી બાઈક લીધી છે.'

આંખ આગળ છબિમાં મઢેલો સુખી પરિવાર કિલકિલાટ કરતો ખડો થઈ જતો હતો. ખાટલા પરની ગોદડી સાફસુથરી અને ખંખેરી-ઝાપટીને પાથરી હતી. તોય કશુંક ચળ જેવું શરીરે ચટક્યા કરતું હતું. ખૂબ મોડેથી આંખ મળી ગયેલી. ઠંડો પવન વાઈ રહ્યો હતો. બારી અથડાવાનો અવાજ થતાં એ જાગી.

સરલા ગઈ કાલે સાંજે ચાલી ગઈ હતી.

વિલાસે ઝટપટ કચરો ભેગો કર્યો. ગઈ કાલે સરલાએ મોટું-છાંટું વાળેલું આંગણું એવું ને એવું પડ્યું હતું. 'કેમ એણે આંગણું બરાબર વાળ્યું નથી?'નો સવાલ થયો. પાછું મનોમન જવાબ વાળતી હોય, એમ - 'કેવી ભાગી છે! આંગણુંય વાળવા ન રહી - બહુ ફાળે થઈ'તી!' બબડતાં રોજની જેમ જ સરલાના આંગણામાં કચરાનો ઢગલો કરીને એ પાછી વળી ગઈ.

પોતાનું આંગણું ચોખ્ખું હતું ને સરલાના આંગણામાં પોતાનો કચરો! એનેય સરલાની જેમ કશુંક ગીત ગણગણવાની ઇચ્છા થઈ આવી, પણ ભીતરમાં જ સમાઈ ગઈ.

પવનનું જોર વધવા માંડ્યું.

સરલાના આંગણાનો કચરો પોતાના આંગણા બાજુ ઊડી આવતો ભળાયો. એ સાવરણો લઈને ઊઠી, પવન ગાંઠતો નહોતો. કચરો વળી વળીને પાછો આવતો હતો. એણે જોરથી સાવરણો ફેરવવા માંડ્યો. બાજુનાં પસીડોશી અને ચંપા કશીક વાતે ગુસપુસ કરતાં હતાં. એને થયું - 'આ મૂઈઓ મારી જ વાત કરતી હશે...' સાવરણો જરીક હળવો રાખીને કાન સરવા કર્યા.

'કેમ પસીમા, સરલા કંઈ ખાસ બોલી-ચાલી નહીં?'

'શું બોલે? બિચારી પિયરની બળેલી માંડ ઠરી'તી ને પાછાં ઉપાધિનાં પોટલાં! એનો વર કોઈ મોટી બીમારીમાં સપડાયો છે.'

'હેં! શું થયું એના વરને?'

'કેવો રૂપાળો'તો... કે'તાં જીભ નથી ઊપડતી. બચારાને લોહીનું કેન્સર... મૂઈ બોર બોર આંસુડે રોતી'તી...'

વિલાસના હાથમાંથી સાવરણો સરકી ગયો. એની આગળ વર્ષો પહેલાં કાકીના ત્રાસથી મોસાળમાં ચાલી આવતી સરલાનો રડતો, દયામણો ચહેરો હાલકડોલક થવા માંડ્યો. 'હત્ તારીની! મેં મૂઈએ આ બિચારીને... આ તો પાછી નોંધારી!' એ આગળ કશું વિચારે - કરે ત્યાં ઊડી આવતો કચરો આંખમાં ભરાયો. આંખ પર સાડલાનો છેડો દબાવતી વિલાસને પસીડોશી અને ચંપાની પાસે જવાની ઇચ્છા થઈ. એણે પગ ઉપાડ્યા. સરલાના આંગણા સુધી આવતાંમાં આંખમાં ખટકો ઊપડ્યો. આંખે અંધારાં વળવા જેવું થયું. હળવે હાથે સાડલાની કોર ફેરવીને કચરું ખેંચી કાઢ્યું. આંખમાં લાલ-પીળાં ઝાવાં ઊઠ્યાં. ગઈ કાલે જોયેલો સરલાનો ચહેરો ઝાંખો-પાંખો થતો ઊઘડવા માંડ્યો. આંખમાં ખટકો હજી મટ્યો નહોતો, એ લથડિયું ખાઈ ગઈ. પેલી બાજુથી પસીડોશી અને ચંપા, 'અલી આને વળી મૂઈને શું થયું એકદમ!' કરતાં ટેકો આપવા દોડી આવ્યાં.

વિલાસ કચરાના ઢગ વચ્ચે જ પછડાટ ખાતી હેઠી બેઠી હતી. **મ**



# બકુલેશ દેસાઈ

# નજરકેદ


*નિવૃત્ત માધ્યમિક શિક્ષક ૧૯૭૫થી ગઝલસર્જન શરૂ ત્રણ ગઝલ સંગ્રહો, બે સંપાદનો. વાર્તાલિખન, હાસ્યલેખો અને આસ્વાદલેખો તરફ પણ ઊંડી રુચિ અને સંનિષ્ઠ પ્રયાસો છે.*

***૩૦૧, મહર્ષિ, ભરૂચા સોસાયટી. એસએમસી, ન્યુ ડબલ્યુ. ઝેડ. ઓફિસ સામે, ન્યુ રાંદેર રોડ, સુરત-૩૯૫૦૦૯. ફો. (૦૨૬૧) ૨૭૬૯૫૯૮ મો. ૯૮૨૫૧૫૨૯૨૩ beedeesai@gmail.com***


'મોં ખોલો... જોઉં... પપ્પા, જીભ બતાવો જોઈએ!' નિશા તોફાની મૂડમાં હતી. ડોક્ટરના લહેજાથી તે પછી આગળ બોલી, 'આ... આ... કરો જોઉં.'

'બેટા, તારી મમ્મીની હાજરીમાં મારાથી મોં ખૂલે ખરું? મારાથી આ કે ઉં પણ ન થાય. ચૂં કે ચાં કરી બેસું તો હંસા 'જા' જ કહી દે. ઘરમાં મારી હાલત રાહુલ દ્રવિડ જેવી છે. મને કોઈ 'ધ વૉલ' નથી કહેતું એટલું જ, બાકી મારે તો રક્ષણાત્મક રીતે જ રમવાનું. કેચ છૂટે તો ઘુરકિયાંનો ભોગ બનવાનું, સમજી?'

એક બાજુ હું આ નિશાડીનો ઈરાદો સમજવાનો પ્રયાસ કરતો હતો, તો બીજી બાજુ હંસા કોનો પક્ષ લેશે? તેની અટકળો કરતો હતો. કોણે કહ્યું કે ગૃહિણી જ એકસાથે બબ્બે-ત્રણ ત્રણ કામ આટોપતી હોય છે?

મારા જેવો 'ગૃહ-પતિ' પણ 'બહુ-અવધાની' બની કરતબ દેખાડતો હોય છે. પેલા શતાવધાનીઓ પરણ્યા હોત તો તેમનીયે કસોટી થઈ જાત. ઘરનો નારીવર્ગ ઘણી વાર પુરુષો પાસેથી બહુ અપેક્ષા રાખતો હોય છે.

મારે પણ વધુમાં કેટલીક વાર 'હા કહું તો હાથ કપાય ને ના કહું તો નાક' એવી પરિસ્થિતિ સર્જાય છે. જોકે પરિણીત પુરુષનું નાક તો કદાચ શબ્દાર્થમાં જ અકબંધ હોય છે. લગ્ન વખતે સાસુ તો કદાચ પ્રતીકાત્મક રીતે નાક ખેંચીને (ચેતવણી આપીને) જમાઈને જવા દે છે, પરંતુ સાસુ-પુત્રી તો પતિનું નાક વારંવાર દબાવતી હોય છે, ખરું ને?

'મમ્મી, ટોર્ચ લાવ તો. પપ્પાની જીભ પર કાળો તલ તો નથી ને? તે જોવું છે.' નિશાએ થોડે દૂર 'શબ્દગુંફન'નાં ચોકઠાં ભરી રહેલી હંસાને ઉદ્દેશીને કહ્યું, 'શું છે, અલી? વળી કશું નવું રમખાણ માંડ્યું છે?' ચશ્માંને કપાળે ચઢાવી, પેન ને છાપું બાજુએ મૂકી તે અમારી પાસે આવતાં બોલી, 'જોને, આ નિશાડી આર.જે. (રેડિયો-જોકી)ની ભૂમિકા છોડી ડોક્ટરના રોલમાં કેમ ઘૂસી ગઈ છે? મારા મચકોડાયેલા પગની પીડા માથે ચઢવા લાગી છે. મેં જરા જોરથી કહ્યું.'

'મમ્મી, કહતે હૈ કિ જીસકી જુબાન પર કાલા તિલ હોતા હૈ, ઉસકી કહી હુઈ હર બાત સહી બન જાતી હૈ. નથી હું ડોક્ટર કે નથી હું જ્યોતિષી. કદાચ સામુદ્રિકશાસ્ત્રી બની શકું.' નિશાનો લહેકો ને અંગભંગિમા હવે કંઈક સમજાય તેવી શક્યતા સૂચવતાં હતાં.

તે ભલેને જે કંઈ કહેતી - સૂચવતી હોય, પણ તેનો ભોગ તો મારે જ બનવાનું હતું તે સ્પષ્ટ હતું. એક સમાચારવાચક કે રેડિયો કોમેન્ટેટર બીજાને આગળ બોલવાનું સૂચવે તેમ 'ઓવર ટુ હંસા' કહ્યા વગર નિશાએ તેની મમ્મીને વિવરણ, સોરી, શાબ્દિક આક્રમણ ચાલુ રાખવા જણાવ્યું.

ક્રિકેટની પરિભાષામાં કહું તો એક છેડેથી ફાસ્ટ બોલિંગ અને બીજે છેડેથી સ્પિન એટેક.. દુઃખના ભાવના સાતત્ય સાથે સાથે વચ્ચે ગુસ્સારૂપી 'દૂસરા' પ્રકારના બોલ પણ નાખવા માંડ્યા.

'શી જરૂર હતી ચંદનસિંહને ત્યાં એક દિવસ વહેલા બેસણે જવાની? ગયા તો ગયા, પણ એવું કેમ બોલ્યા કે શુક્રવારે ઘણી વાર દુર્ઘટનાઓ બને છે... હું પણ કદાચ તેનો ભોગ બનું તો? એટલે

એક દિવસ વહેલો આવી ગયો!'

'મમ્મી, બા પણ કહે છે ને કે 'વાણી બોલાવે જાણી.' સ્પોકન વર્ડમાં બહુ તાકાત હોય છે. પછી નિશા મારી સામે જોઈને બોલી, 'લેખિત - મુદ્રિત શબ્દ કરતાં પણ વધારે તાકાત હોય છે.' 'લો, ભોગવો હવે, મચકોડાયેલો પગ લઈને બેસો હવે ઘરમાં. અમે પણ પોપટ પાળ્યો હોય તેમ તમારા આ પગની આળપંપાળ કરીશું, બીજું શું?' હંસાને હું સાંત્વન પણ કેવી રીતે આપી શકું? કેમ કે આ કૃત્ય પતિ-સર્જિત હતું. ટ્રાફિક હવાલદાર લાઈસન્સ માટે ગાડી રોકે તે પહેલાં જ તેની પર ગાડી ચઢાવી દેવા જેવું હતું.

મારી પેનમાં જો કેમેરાનું 'ફીચર' સામેલ હોત તો અત્યારે મારા જમણા પગ આગળ 'ઝૂમ-ઇન' કર્યું હોત. પગની પાટલીથી લગભગ ઘૂંટીની ઉપર સુધી ગુલાબી રંગનો પાટો બાંધવામાં આવ્યો હતો. એ વિવાદિત પગ ટીપોય પર મોખરાનું સ્થાન શોભાવતો હતો. પરાજિત ધોનીની ટીમની સમૂહ છબિમાં રવીન્દ્ર જાડેજા કે વિનયકુમાર સસંકોચ માંડ માંડ પોતાનાં મોં દેખાડતા હોય તેમ શેષ જગ્યામાં એક-બે વિવેચનસંગ્રહો ને શબ્દકોશ દૃશ્યમાન હતા.

વિવેચકીય પરિભાષા-પ્રચુર લેખોનો મૂંગો માર તો હું સહી શકું, પણ આરોપી એવી મારી જીભની કામગીરી અંગે મારે શું કહેવું? કદાચ શ્વાન પોતાનો ઘા જીભ વડે ચાટી ચાટીને રૂઝવતો હશે, પણ અફસોસ! હું માણસ છું. સામાજિક માણસ છું. થોડી અવળચંડાઈ ધરાવતો માણસ છું. જાતજાતના પ્રશ્નોથી, રૂઢિઓથી, વટવ્યવહારની ફરજથી ઘેરાયેલો, ભીંસાયેલો માણસ છું.

ટૂંકમાં અર્ધગંભીર રીતે મેં ત્યાં જે કંઈ કહ્યું તે ખરું પડી ગયું. જીભના વાંકે પગને સજા થઈ. પરિણામે ઘાયલ તનમનને હવે નજરકેદ થવાનું આવ્યું. ઘણી વાર અનિશ્ચિત મુદત માટે કરફ્યુ લદાતો હોય છે તે મને વિના સંદર્ભે યાદ આવી ગયું! પરંતુ બેઉ પરિસ્થિતિમાં તફાવત પણ ખરો જ ને? રમખાણની આશંકા વખતે દૂધ, શાકભાજી, સૂકો નાસ્તો, ચોપાનિયાં વગેરેનો અગાઉથી સ્ટોક કરી શકાય છે તેવું મારી આ સ્વ-સર્જિત કટોકટીમાં શક્ય નહોતું.

ચંદનસિંહના પુણ્યશાળી બાપાની તો સદ્ગતિ થઈ જ જશે. લાંબી માંદગી પછીના વડીલના મરણ વખતે કુટુંબીજનોએ ગજા મુજબ, સંજોગો અનુસાર 'છૂટ્યા'નો ભાવ પણ અનુભવ્યો



હશે. પરંતુ મારા આ ‘પાળેલા પોપટ’ની બંધનમુક્તિ વિશે કંઈ પણ કહેવાનું - છાપાના તંત્રીલેખની રૂઢ સંજ્ઞા યોજીને કહું તો - ઘણું વહેલું ને કસમયનું ગણાય. ચાલો, થોભો ને રાહ જોઈએ. આશા રાખીએ કે...

પતિ-પત્નીનો સહવાસ વિલક્ષણ હોય છે. ‘ઘરમાં તમારો તો ટાંટિયો જ ટકતો નથી.’ એવું દોષારોષણ થાય તે પરિસ્થિતિ પણ પત્નીને અકળામણ પ્રેરે છે અને નજરકેદ રહેલા બિચારા પતિની લાચાર ગૃહોપસ્થિતિ પણ પેલીનો મૂડ ઓફ કરી દે છે, નહિ?

એકાદ દિવસ તો હંસાએ મારું સતત ને સખત ધ્યાન રાખ્યું. તેના ખભે હાથ મૂકીને બાથરૂમ સુધી જવાનું, પરત આવવાનું ગમ્યું. ટીવીનું રિમોટ કંટ્રોલ નિશાડીને આમતેમ છુપાવી દેવાની ટેવ હતી. એટલે તે પણ મને એક બૂમે મળી જતું. અન્યથા ટીવીને રિમોટ કંટ્રોલ એક અને ઉમેદવાર બે - હું અને નિશા. કારણ વગર મને પેલી જૂની હિન્દી ફિલ્મ યાદ આવી જતી ‘એક ફૂલ દો માલી.’ આવા ઢંગધડા વગરના વિચારો પણ પુરુષોને આવી નજરકેદ દરમિયાન જ આવતા હશે. શી ખબર? રાત્રે વિચારવાયુ પણ થઈ જાય. એવા ડરે મને ઘેરી લીધો.

જોકે એટલું ખરું કે આ ત્રણચાર દિવસ દરમિયાન હું થોડો અંતર્મુખી થઈ ગયો છું. મનમાં જે કંઈ વિચારો કબડ્ડી રમે તે હું પ્રગટ કરતો નથી. બોલવાનાં માઠાં ફળ તો ભોગવું જ છુંને? આ તાજો બોધપાઠ મેં ગાઠે બાંધ્યો છે.

તો પણ કપડાં બદલતી વખતે હંસાની સહાય સહજભાવે આવી મળતી ત્યારે, આટલે વર્ષે પણ રંગદર્શિતા અનુભવું છું. હંસા તો આવી બાબતે સરેરાશ પત્નીઓની જેમ એકસો એંસી અંશને ખૂણે, મારી સામેના જ છેડે હોય.

તો પણ કપડાં બદલતી વખતે હંસાની સહાય સહજભાવે આવી મળતી ત્યારે, આટલે વર્ષે પણ રંગદર્શિતા અનુભવું છું. હંસા તો આવી બાબતે સરેરાશ પત્નીઓની જેમ એકસો એંસી અંશને ખૂણે, મારી સામેના જ છેડે હોય. મનોમન નિઃશ્વાસ રુકાઈ જાય ને યંત્રવત્ કપડાં બદલાઈ જાય.

ઓફિસમાંથી થોડા દિવસની રજા લીધી, પણ સાચું કારણ નથી કહ્યું. હંસાની સલાહથી પગ મચકોડાઈ જાય તે બાબત આમેય અઠવાડિયાની રજા માટે કારણ નહિ, પણ બહાનું જ ગણાયને?

ઘરને રંગરોગાન કરાવવાનું છે એવું બહાનું પણ હંસાએ જ સૂચવ્યું... અને મેં તે વાત સ્વીકારી પણ લીધી. અન્યથા, મારા આહત પગના હાલચાલ જોવા-પૂછવા સ્ટાફ મેમ્બરો આવવા માંડત. મને તો કોઈ આવે તો ટાઈમ પાસ થાય, પણ હંસા માટે ઘરના કાયદો-વ્યવસ્થા અંગેની સ્થિતિ સંભાળવી મુશ્કેલ બને તેમ હતું.

મારી આ નજરકેદ દરમિયાન હંસાએ પહેલું કામ મારી ચા-નાસ્તાની અમર્યાદ ફરમાઈશ પર અંકુશ મૂકવાનું કર્યું. જમવામાં પણ તીખું-તળેલું, મિષ્ટાન્ન ન બને તેની કાળજી રાખવા માંડી છે. તેને સતત ચિંતા રહે છે કે મારું વજન, પેટ્રોલના વધતા જતા ભાવ જેવું બેફામ નહીં વધે.

હા, છાપાં વાંચવાની કે ટી.વી. જોવાની છૂટ છે. બપોરે જમ્યા પછી સૂતાં સૂતાં વાંચું છું ને વાંચતાં વાંચાં સૂઈ જાઉં છું. આ ઐશ્વર્ય તો ભોગવું છું, પણ હંસાએ ચાલાકીપૂર્વક શાક સુધારવાનું કે કપડાંની ગડી વાળવાનું કામ મને વળગાડી દીધું છે. કૈદ-એ-મુશક્કત જેવું જ કે? મજૂરી સાથેની જેલની સજા!

આ બધામાં ચારેક દિવસ નીકળી ગયા. આજે રાતની જ વાત. નિશા ડ્યુટી પરથી આવી છે. થોડી ત્રસ્ત, થાકેલી, ચિડાયેલી તો તે હોય જ. વધારામાં તેને કંઈ બીજું પણ ટેન્શન હોય તેમ લાગ્યું.

રોજ તો આવતાંવેંત જ ચાલુ ટી.વી. બંધ કરી દે. સોફા પર જોરથી પડતું મૂકે. મમ્મી પાસે પાણી માગે ને પંખો ફૂલ સ્પીડે કરવા કહે.

આજે તો તેણે સોફા પર પડતું તો મૂક્યું, પણ ટી.વી.ની ચેનલ ઉપરાઉપરી બદલવા માંડી. એક-બે ફોન કર્યા. ટૂંકી ને ધીમા સ્વરે વાતચીત કરી. દરમિયાન હંસાએ આપેલો પાણીનો ગ્લાસ ઝડપથી પીને ખાલી કર્યો. પછી તે બોલી, ‘મમ્મી, પપ્પા... મારે ભોપાળ ટ્રેનિંગ માટે જવાનું આવ્યું છે. ગયા વગર ચાલે તેમ નથી ને જવાનું મન જ નથી થતું.’

હંસા ટેન્શનમાં આવી ગઈ હતી, તે તેની ચુપકીદીથી ને ચકળવકળ થતી આંખ પરથી જણાઈ આવ્યું. મારી આદત મુજબ હું બોલવા લાગ્યો, ‘કંઈ નહિ, બેટા, ન જ જવું હોય તો કંઈ નહીં. ક્યાંક ટ્રેન રોકો આંદોલન શરૂ થઈ જશે, કાં તો ટ્રેન જ કેન્સલ થઈ જશે. કાં તો...’

હું આગળ બોલી ન શક્યો, કેમ કે હંસાએ મને ડોળા કાઢી આગળ નહીં બોલવા ફરમાવ્યું અને નિશાએ મ્યુઝિકલ ચેનલ સિલેક્ટ કરી દીધી અને મોટા અવાજે ગીત ગાવા માંડ્યું. **મ**



# કલ્પેશ પટેલ

# રેશમી લટ

*આધુનિક ગુજરાતી યુવા વાર્તાકારોમાં આ સર્જકનું નામ જાણીતું થયું છે. ઉત્તર ગુજરાતની તળપદી બોલીમાં નવલકથાઓ અને બે વાર્તાસંગ્રહો પ્રસિદ્ધ થયા છે. વ્યવસાયે શિક્ષક છે.*

**૫૯૨/૨, કિશનનગર,**
**સેક્ટર-૨૬, ગાંધીનગર**
**મો. ૯૯૭૯૯૯૧૯૦૯**
**kalpeshpatel_909@gmiail.com**

ઇન્ટરકોમથી ઓર્ડર નોંધાવ્યાને વાર થઈ. ત્યાં લગી એમ જ બેસી રહીને સિગારેટ ફૂંક્યા કરી. આ વખતે અરસા બાદ આવ્યો છું પિન્કસિટીમાં. વચ્ચે થોડો સમય રસ્તોગીને મોકલતો. નીકળ્યો ત્યારથી જ ગાંઠ વાળી હતી. બિઝનેસના ટાઇટ શિડ્યુલમાં કોઈ વાર આવી હળવાશ... એય આઉટિંગમાં. ઓફિસમાં કદી કેરેક્ટરને આંચ આવવા દીધી નથી. સોબર ને સોફિસ્ટિકેટેડ બોસ તરીકે સૌ ઇજ્જત કરે છે.

વાર લાગી એથી બેચેની વધી. શરીરમાં જાણે જર્નીનો થાક ભરાઈ ગયો છે. ખાસ તો પગ દુ:ખે છે. બાથ લેવું છે, પણ... થોડી વાર રહીને... પાર્ટી આવી જાય પછી એકદમ ફ્રેશ થઈ ગયા પછી ઠીક રહે. ફરીથી ફોન કરીને રિમાઇન્ડ કરાવું? પણ - સંકોચ જતો નથી હજી પણ... આટઆટલી વખતના એક્સપિરિયન્સ પછી પણ. ટ્રેડિશનલ મેન્ટાલિટી જ. બીજું વળી શું? નહિ, તો આ તો પ્રોફેશનલ વાત છે. ઊભો થઈને બેડમાં આડો થયો. પહેલી જ વાર જ્યારે બોલાવેલી ત્યારે તો રિડિક્યુલસ સિચ્યુએશનમાં મુકાઈ ગયેલો. નિષ્ફળ જવાયેલું બેડમાં. આંખ આગળ પત્ની આવી ગયેલી. ગિલ્ટી કોન્શિયસ, સામેથી મજાકિયું હાસ્ય. 'ફર્સ્ટ ટાઇમ છે ને મિસ્ટર! તમારા પૈસા વસૂલ ન થયા. સૉરી!' કહીને અન્ડર ગાર્મેન્ટ પહેરવા લાગેલી. ઘવાયેલો યોદ્ધો શસ્ત્રો ઢાળીને ઊભો રહે એમ જ ઊભો રહેલો. ગુસ્સો આવતો હતો જાત પર. અપમાનની પીડા અસહ્ય હતી, પણ કશું થઈ શકે એમ નહોતું. શરીર શિથિલ થઈ ગયેલું. એ ભલી પેરે પરિચિત હતી. મોકાનો લાભ ઉઠાવી રહી હતી. 'બાય!' કહીને ચાલવા માંડી હતી...

આજે તો તન અને મનનો થાક ઉતારવો છે, રિયલી! હમણાં-હમણાંથી 'ટેન્સ' રહ્યો છું સતત! ઓફિસ ટ્વેન્ટી ફોર અવર વળગેલી રહી છે. ખાવા-પીવાની કોઈ રેગ્યુલારિટી નહિ, સેક્સ લાઇફનુંય એવું... સમજ્યા જેવું... ક્યારેક એવી ફીલિંગ પણ થાય કે, આવી હડિયાપાટીની જિંદગીનો શો મીનિંગ? એટલે જ જયપુરની ટુરમાં આવવાનું જાતે જ પસંદ કર્યું. ટુરની ટુર અને મોજની મોજ!

વિચારમાં જ હતો ને ડોરબેલ રણકી ઊઠી... ચાલો ત્યારે બહુ તપ ન કરવું પડ્યું... ફતેહ!

ડોર ઉઘાડીને જોઉં છું તો સુંદરીને બદલે વેઇટર!

- વૉટ?

- સર! સૉરી, પણ ક્રાઇસિસ છે સિટીમાં. શું છે કે ફેસ્ટિવલ સીઝન ખરીને! એટલે...

નિરાશ થયો એથીય વધુ તો ગુસ્સે થઈ ગયો. વૉટ ઇઝ



ધીસ! તમે શું કામધંધો લઈને બેઠા હશો? કસ્ટમર્સને સાચવતાં તો આવડતું નથી અને... ઉશ્કેરાઈને બોલી ઊઠ્યો: 'તારા મેનેજરને કહે કે મને ફોન કરે. જે ચીજ માટે છેક ગુજરાતથી આવ્યા હોઈએ એ ચીજ માટે આ રીતે... ઈનટોલરેબલ! કદી ચલાવ્યું નથી. પૈસા ફેંકો, તમાશા દેખો! ક્રાઇસિસ? વૉટ ક્રાઈસિસ? હાઉ ફૂલિશ!

વધુ ગુસ્સે થાઉં એટલામાં મારો મોબાઈલ રણકી ઊઠ્યો. સ્ક્રીન પર જોઉં તો રિદ્ધિ! હું એકાએક ભોંઠો પડી ગયો. નિર્જીવ ફોનનું ઈન્સ્ટ્રુમેન્ટ ખડ ખડ હસી રહ્યું મારી સામે. મેં ગ્રીન બટન દાબીને ઉપાડ્યો.

હલો પાપા! પહોંચી ગયા? તબિયત સાચવજો પાછા. બીપીની ટેબ્લેટ યાદ કરીને લઈ લેજો. બહુ જંકફૂડ ન ખાતા પાછા. પેટ કેવું ગાગર જેવું થઈ ગયું છે! અને હા, આવો ત્યારે મારે માટે રાજસ્થાની ફોક સોન્ગની બે સીડી લેતા આવજો. ભૂલી ન જતા, નહીં તો હું રિસાઈ જઈશ અને કેમ કંઈ બોલતા નથી? રિસાઈ ગયા છો?

- તુંય ખરી છે, રિદ્ધિ! તક આપે તો બોલુંને!.. બોલવા સાથે જ ગળગળા થઈ જવાયું.

'સૉરી પાપા! વી મિસ યુ અ લોટ! ચાલો પાપા! બાય, ટેઇક કેર... તમારે કામ હશે પાછું!... ફોન પરનો સંવાદ વિરમી ગયો. મેં સામે ઊભેલા વેઈટર સામે ટગરટગર જોઈને કંટાળા સાથે પૂછ્યું- 'કેમ ઊભો છે અહીં?'

- તમે જ ઊભો રાખ્યો છે, સર!.. વેઈટરના અવાજમાં વ્યાવસાયિક નમ્રતા હતી. હું અસંમત હતો. જઈને સોફામાં બેસી ગયો. સિગારેટ પેટાવી. કશું જ ન સૂઝ્યું એટલે કહ્યું- 'યુ કેન ગો!'

- બટ સર! છોકરી... આઈ મીન!...

- ગેટ આઉટ ફ્રોમ હિયર. તું ને તારો મેનેજર પડો ખાડામાં... બિચ્ચારો... બાઘાની જેમ ઊભો હતો, લાચાર મોઢે. શું કરે? વળી, લેન્ડલાઈન ફોન રણક્યો. કિંચિત્ અણગમા સાથે મેં ઉપાડ્યો. મેનેજર હતો: - 'સૉરી સર! પણ વ્યવસ્થા થઈ ગઈ છે. સૉરી ફોર લેઈટ. બટ યુ આર ઈન પ્રોફિટ સર! દેર આયે દુરસ્ત આયે. ફ્રેશ એન્ડ અનટચ! એન્જોય! હી-હી-હી...'

મારી નસોમાં લોહી ઊછળી રહ્યું. વેઈટરને મેં જવાનો ઈશારો કર્યો. એ પગે લાગીને ગયો. માંડ માંડ છૂટ્યાના ભાવ સાથે. હું વૉશબેસિને જઈને મોં ધોઈ આવ્યો. એસીની સ્પીડ વધારી. યાદ આવ્યું - લાસ્ટ ટાઈમે આવ્યો ત્યારે ઢળતી વયની સ્ત્રી આવેલી. એને પેસિવ સ્મોકિંગની આદત હતી. એણે નોટી હાસ્ય વેરીને કહેલું- એઇ હેન્ડસમ! તું સ્મોક કરે છેને? મને ટોબેકોની વાસ જબરદસ્ત એક્સાઇટ કરે છે!... જરાક સ્ટ્રેન્જ હતી એ. બટ ફુલ્લી એક્સપિરિયન્સ્ડ!... અમારી બેઉની કેમિસ્ટ્રી ગજબની મળી હતી. માત્ર પ્રોફેશનલ રહી નહોતી. તન-મનથી ધરવી જ દીધેલો... આજે કેમ રહે છે... જોઈએ! તરોતાજા છોકરી છે, પણ શું ખરેખર અનટચ હશે? શું એ શક્ય છે? હોય પણ ખરી... પણ એ સંકોચ રાખશે તો? કેટકેટલી સ્ત્રીઓના કોન્ટેક્ટમાં મુકાયો, પણ દરેક વખતે સ્ત્રી જુદો જ અનુભવ આપે છે.

વધુ વિચારું એટલામાં બે બનાવો એકસાથે જ બન્યા. ડોરબેલ વાગી અને તરત જ લાઇટ પણ ગઈ. ચોમેરથી અંધારું વીંટળાઈ વળ્યું. મેં ઝટ પ્રત્યાઘાત ન આપ્યો એટલે બારણે ટકોરા થયા. અલબત્ત, બારણું ભીડેલું નહોતું.

મારી નસોમાં લોહી ઊછળી રહ્યું. વેઇટરને મેં જવાનો ઇશારો કર્યો. એ પગે લાગીને ગયો. માંડ માંડ છૂટ્યાના ભાવ સાથે. હું વોશબેસિને જઇને મોં ધોઇ આવ્યો. એસીની સ્પીડ વધારી. યાદ આવ્યું - લાસ્ટ ટાઇમે આવ્યો ત્યારે ઢળતી વયની સ્ત્રી આવેલી.

યસ... કમ ઇન! મેં કહ્યું. મધ્યમ ચાલે કોઈ આગળ વધ્યું.

- બેસો... મેં વિવેકપૂર્વક કહ્યું - 'લાઇટ હેઝ ગોન જસ્ટ. તમારા જયપુરમાં રોજ આવું થાય છે?' જવાબ ન મળ્યો. માત્ર શ્વાસોચ્છ્વાસ સંભળાયા. ભોંઠો પડ્યો હતો એટલે મેં વળી સિગારેટ પેટાવી. લાઇટરથી થયેલા અજવાશમાં એનો ચહેરો ચમકી ઊઠ્યો. લંબગોળ ચહેરો! કપાળ પર વાળની લટ... એક ક્ષણિક દર્શન - પાણી આપું?

- ના. એકાક્ષરીમાં જ જવાબ.

- અંધારામાં ડર લાગતો હશે, નહિ?

- ના.

- ખરેખર?

- અજવાળાનો ડર લાગે છે મને તો!... અવાજમાં કોઈ હિરોઇનના અવાજની ખરજ અનુભવી મેં. કદાચ રાની મુખર્જીની...

- ઓહ... વેરી ફિલોસોફિક... હું બોલ્યો. એટલામાં લાઈટ આવી ગઈ. ચક્કાચૌંધ રોશનીએ અમને બેઉને આંજી જ ન દીધાં, છળાવી પણ દીધાં. મારી સામે કોણ બેઠું છે આ? ૧૮-૧૯ની છોકરી? કોલેજથી છૂટીને સીધી જ ઘરે આવી હોય એ રીતે... અને... અને...

એ મને ધારી ધારીને જોઈ લઈને પછી રૂમમાં નજર ફેરવી રહી. એની આંખોમાં તરોતાજા ચમક હતી. હું અસંતુલિત થઈ ઊઠ્યો. માંડ-માંડ બોલ્યોઃ 'હું જરા ફ્રેશ થઈ આવું?'

- એઝ યુ લાઈક! બોલીને એણે વાળની લટને જરા પસવારી લીધી. મેં જોયું કે એના વાળ નેચરલી સિલ્કી હતા. વાળની લટ વારંવાર આગળ આવી જતી હતી. ભાગતો હોઉં એમ હું બાથરૂમમાં ગયો. આમ તો હું નિરાંતે નાહનારો જીવ, પણ આજે તો નાહવા ખાતર જ નાહ્યો. મૂડ કેમ ખરાબ થઈ ગયો એકાએક? છોકરી તો સરસ છે. નાની અને નવી જ. મેનેજર કહેતો હતો એમ ફ્રેશ... મને એની રેશમી લટ યાદ આવ્યા કરી.

જેમ-તેમ બેથિંગ પતાવીને બહાર આવ્યો, નાઈટ ડ્રેસ પહેરીને. હળવા થવાયું કંઈક. યુવતી બેઠી બેઠી મેગેઝિન ફેંદી રહી હતી.

- તારે નથી થવું ફ્રેશ?

- ફ્રેશ થઈને શું? વાસી જ થવાનુંને? એણે મેગેઝીનમાંથી નજર ન હટાવી.

- તું સ્ટડી કરે છે? મેં પૂછ્યું. મને લાગ્યું કે હું ફસાઈ ગયો છું. મેનેજરે મને ભેખડે ભરાવી દીધો. ફ્રેશ. શું ફ્રેશ!

- હા. નર્સિંગ કરું છું.

- અને?

- અને શું? એના અવાજમાં એક વેલ એજ્યુકેટેડ માણસની શાર્પનેસ હતી. મારા સવાલનો મર્મ પામી ગઈ હતી એ. એની આંખોમાં તણખા હતા. મારી નજર વળીને એની રેશમી લટ પર સ્થિર થઈ.

બેચેની વધતી રહી. હું એની સામે બેસી ગયો. એ એકેય એન્ગલથી ચીજ નહોતી લાગતી. એની પર્સનાલિટી જ એવી જબરદસ્ત હતી કે-

નવાઈ તો એ વાતની હતી કે એ લાચાર પણ નહોતી લાગતી. જાણે એ કોઈને મળવા આવી હોય એવી છટાથી બેઠી હતી.

- તમે કશુંક પૂછતા હતા! ધારદાર આંખે મારી સામે જોઈને એ બોલી, મેગેઝિન એક બાજુ પર મૂકી દઈને. મારા ગળામાં શબ્દો સલવાઈ ગયા. એની ચમકતી પારદર્શક આંખોએ મને સાવ જ તોડી-મરોડી નાખ્યો. માંડ-માંડ મારાથી બોલાયું- 'ખાસ કંઈ નહિ! તું રાજસ્થાની નથી લાગતી!'

- ગુજરાતી છું, તમારી જેમ!... કેમ? તમે રાજસ્થાની છોકરી મગાવી હતી?... આ વખતના એના અવાજનો રણકો મને એટલો તો પોતીકો લાગ્યો કે હું એક સાવ સાદો ગૃહસ્થ બની ઊઠ્યો.

- એ વાત જવા દે, બકા! મને શરમિંદો ન કર! તું કહે, તારે કેમ આવવું પડ્યું અહીં? તું તો... સ્ટડી કરવા આવી છે અહીં...

- અને... તમે? બિઝનેસ માટે. કેમ? એણે વાળની લટને રમાડી લઈને કહ્યું.

- સૉરી, બેટા! પણ તું...

- હું એમ જ આવી હતી, બસ! એક એક્સપિરિયન્સ ખાતર!

- શું? પણ આવો રિસ્કી એક્સપિરિયન્સ?

- હા. યુ નો અંકલ! મને ક્રિયેટિવ રાઈટિંગમાં બહુ જ ઈન્ટરેસ્ટ છે. આઈ વૉન્ટ ટુ રાઈટ અ નૉવેલ ઓન ધ લાઈફ ઓફ કૉલગર્લ! મને થયું કે, મારે દંભી મરદોની જાતને નજીકથી જોવી જોઈએ.

- પણ... આવું સાહસ? રિસ્ક?

- લાઈફ ઈટસેલ્ફ અ રિસ્ક! હું અહીં આવી હતી, કારણ કે, આ હોટેલ શહેરમાં બદનામ છે. મેનેજર તમારી સાથે ફોન પર 'ડીલ' કરતો હતો ત્યારે મેં જ એને સામેથી કહ્યું.

- તને... તને ડર ન લાગ્યો?

- બિલકુલ નહિ. એમ તો હું થોડી-ઝાઝી કરાટે પણ જાણું છું અને કામુક અને શરાબી પુરુષોની શી મજાલ છે કે, મને ઈજા પહોંચાડી શકે?'

- બ્રેવ ગર્લ! મારાથી સહજપણે બોલાઈ ગયું - 'બેટા! તારું નામ?'


- દૈવી!

- દૈવી! હું તને મૂકી જાઉં તારા રેસિડેન્સ સુધી?

- 'ના.' મક્કમતાથી એ બોલી - 'દૈવી એકલી હરીફરી શકે છે. ડોન્ટ વરી!'

- બેટા; એક કામ કરીશ મારું? હું ભાવુક થઈ ઊઠ્યો. એણે મારી સામે સ્નેહપૂર્વક જોયું. બિલકુલ એવી રીતે, જેવી રીતે મારી સામે રિદ્ધિ જુએ છે.

- રાજસ્થાની ફોક સોન્ગ્સની બે સીડી જોઈએ છે મારે! રિદ્ધિએ મગાવી છે. શી ઈઝ માય ડૉટર! કહું? એના વાળ પણ તારી જેમ જ સિલ્કી છે... અને નવાઈની વાત તો એ છે કે, લટ પણ... દૈવીએ સ્મિત કર્યું. મારી સામે બેસીને રિદ્ધિ જ હસી રહી હતી જાણે... **મ**



# પ્રફુલભાઈ સી. ત્રિવેદી

# વંદના

આમતો વાંચનનો શોખ મને નાનપણથી જ હતો. નાની નાની વાર્તાઓ લખવાની મેં શરૂઆત કરી. મારી પહેલી લખેલી વાર્તા જ દૈનિક પેપરની પૂર્તિમાં છપાઇ ત્યારબાદ મારી કલમ અટકી નથી. મને વિવિધ વિષયો ઉપર લખવું ગમે છે.

**'હરસિદ્ધિ', ખોજાખાના શેરી, લીંબડી - ૩૬૩૪૨૧, જિ. સુરેન્દ્રનગર. મો.૯૯૮૦૮૬૮૨૪૭**

બસ... બસ હવે બહુ થયું... મેં એક વાર કહ્યું ને કે મારી પાસે તને દેવા એક પણ રૂપિયો નથી.. હવે જવું છે કે... પોલીસને ફોન કરી બોલાવું! ના.. ના... ફોન કરવાની જરૂર નથી.. હું ચાલ્યો જઈશ... બસ મને દસ રૂપિયા આપ... આ સંવાદો એસ. ટી. બસસ્ટેન્ડ પર દસ નંબરના પ્લેટફોર્મ પર ઉગ્ર સ્વરૂપે બોલાયા ને મારા કાને પડ્યા.... અને મેં તે બાજુ ડગ ભર્યાં.

વાત જાણે એમ હતી કે એક વીસેક વર્ષની છોકરી... સુંદર ચહેરો, બાંધો સામાન્ય, ખભે ટિંગાડેલી સ્કૂલબેગ જેવો થેલો લઈ ઊભી હતી અને તેનાથી પાંચ સાત ફૂટ દૂર ઊભો રહેલો એક આધેડ વયનો માણસ, દેખાવે ઘઉંવર્ણ ધરાવતો માથાના વાળને હેરડાય કરી આજના હીરોની જેમ વાળને ગોઠવવા પ્રયત્ન કરતો. મોઢામાં ખાખી બીડી સાથે ધીમા અવાજે પેલી છોકરી પાસે પરાણે પૈસા કઢાવવા પ્રયત્ન કરતો હતો. દેશી દારૂની દુર્ગંધ તેના મોંમાંથી આવતી હતી. પેલી છોકરી અનેક વાર તેને પૈસા નહીં આપવા માટે ચોખ્ખી ભાષામાં તેને કહી રહી હતી, પણ પેલો માણસ તેની પાસેથી હટવાનું નામ જ લેતો નહોતો. મામલો ધીરે ધીરે ગંભીર રૂપ લે તેવું જણાતું હતું, પણ આ તમાશો જોતા આજુબાજુ ઊભેલા લોકો આવા મામલાથી દૂર રહેવા માગતા હોય તેમ જોયા કરતા હતા એટલે પેલા માણસને વધુ શૂરાતન ચડતું હતું. તેના સ્વરમાં પણ જોશ આવતું જતું હતું... અને તેની માગણી ઉગ્ર બનતી જતી હતી. 'બસ... મને દસ રૂપિયા આપ એટલે હું ચાલ્યો જાઉં...'



બસ આવવામાં હજી દસેક મિનિટની વાર હતી. ધીમે ધીમે બસમાં જવાવાળાઓની ભીડ વધતી જતી હતી. ખાસ કરીને વિદ્યાર્થીઓ સ્કૂલેથી છૂટીને પોતાના ઘરે જવા ઉતાવળા હતા... સૌ પોતપોતાના ગ્રુપમાં વાતોની મજા લૂંટતા હતા. પેલી છોકરી પણ બસ આવવાની ઉતાવળમાં આંટા મારતી હતી અને પેલો માણસ તેનાથી અંતર રાખી પોતાની પૈસાની માગ ચાલુ રાખતો તેની પાછળ ને પાછળ તે પણ આંટા મારતો હતો. હું પણ બસ આવવાની રાહમાં જ ઊભો હતો. બસ આવે તો આ નાટકનો અંત આવે... પણ બસ આવવાના હજી કોઈ અણસાર દેખાતા ન હતા...

આવા ઉગ્ર સંવાદો સાંભળ્યા પછી દસેક મિનિટથી મારી નજર બંને પર હતી. અંતે છોકરી એકદમ રડમસ અવાજે બોલી, 'આને હવે કોઈ મારાથી દૂર કરો.' આ શબ્દોમાં તેની લાચારી હતી... એક આધેડ વયનો માણસ પીધેલી હાલતમાં એક અબળા છોકરીની જાહેરમાં સતામણી કરે તે કેમ સહન થાય? મારાથી ના રહેવાયું... અને મેં તે માણસનો કોલર પકડી, તેને એક બાજુ ખેંચીને લઈ ગયો. તે કંઈ પણ બોલે તે પહેલાં બે-ત્રણ તમાચા ગાલ પર ચોડી દીધા. તેમાં વિદ્યાર્થીના ગ્રુપમાંથી કોઈક જોરથી બોલ્યું કે 'કાકાને ઝઘડો થયો...'

એટલે ત્યાં ઊભેલા બધા પરિચિત વિદ્યાર્થીઓ પણ આધેડ માણસ પર તૂટી પડ્યા... પાંચેક મિનિટ આવો ટપલીદાવ ચાલ્યો હશે ત્યાં બસ આવી... અને બધા પેલા માણસને મૂકી બસમાં ચડવા ધક્કામુક્કી કરવા લાગ્યા. પેલો આધેડ ઉંમરનો માણસ કણસતો કણસતો ત્યાં જ પડ્યો રહ્યો. અમારી બસ ઊપડી ત્યારે પણ તે ત્યાં જ બેઠો હતો... પેલી છોકરીએ પણ મને મારઝૂડ નહીં કરવા માટે સમજાવવા પ્રયત્ન કરેલો, પણ આવેશમાં આવું થઈ ગયું તેનું મને પણ અંદરથી દુઃખ હતું, પણ થઈ ગયા પછી શું? ... બસ બસસ્ટેન્ડમાંથી નીકળતાં જ મને પેલી છોકરીએ સાદ દીધો. 'કાકા... આ બાજુ... અહીંયાં તમારી જગ્યા રાખી છે... અને હું તેની પાસે જઈ ગોઠવાયો...

'કાકા... પેલાની સાથે મારઝૂડ નહોતી કરવી... તેને ખાલી ધમકી આપી હોત તો પણ ચાલત.' પેલી છોકરી હજી પણ તેના વિચારોમાં ખોવાયેલી હતી... કદાચ તેને શંકા હતી કે અપ-ડાઉન કરવામાં તે માણસ તેને બીજે ગમે તે જગ્યાએ હેરાન કરશે તો? પણ મેં તેને નૈતિક હિંમત આપી. અને કહ્યું કે આવા માણસોને તો થોડો ઘણો મેથીપાક આપવો જ જોઈએ, જેથી ફરી વાર આવું કરતાં બે વાર વિચારે... બેટા... તમે મને કાકા કહ્યું છે તેથી કહું છું કે તે સમયે તમારી અસહ્યભરી લાચારી જોઈ, મને તમારામાં મારી દીકરીની પ્રતિકૃતિ દેખાઈ. તેથી હું મારા મગજ પર કાબૂ રાખી ન શક્યો... ખરેખર તમારી વાત તો સાચી છે. આપણાથી આવું પગલું ન જ ભરાય... પણ આવેશમાં આમ થઈ ગયું... હા, સાથે સાથે એક વાત પૂછવાનું મને મન થઈ આવે છે કે તમે એને ઓળખો છો?

હા કાકા... હું તે માણસને ઓળખું છું. તે એક ડિવોર્સી છે. તેના છૂટાછેડા થયાને લગભગ ત્રણેક વર્ષ થઈ ગયાં. તેની ઓફિસમાં કામ કરતી એક સ્વરૂપવાન સ્ત્રીના તે પ્રેમમાં પડ્યો... અને તેની સાથે લગ્ન કરવા તેણે છૂટાછેડા લીધા... પરિણામે પેલી સ્વરૂપવાન સ્ત્રીએ તેને લૂંટી લીધો અને પોતાની બદલી કરાવી બીજે ચાલી ગઈ. તે આઘાત સહન કરવા તેણે દારૂનો સહારો લીધો. એટલે નોકરી ચાલી ગઈ. હાલ તે ટી.બી.ના છેલ્લા સ્ટેજ પર છે. તેની આવી હાલતની જાણ મારા જાણવામાં આવી ત્યારે મને તેના તરફ થોડી કરુણા જાગી.. એટલે બે-ત્રણ વખત મેં તેને પાંચ-પંદર રૂપિયાની મદદ કરેલી, પણ તે પૈસાથી તે દારૂ જ પીતો હતો તે જાણ્યા પછી મેં પૈસા આપવાનું બંધ કર્યું છે. આજે તે અમારી હોસ્પિટલમાં દવા લેવા આવેલો ત્યારે હું ડોક્ટર પાસે જ મારી ઇન્ટર્નશિપની પ્રેક્ટિસ અંગે સાથે બેઠી હતી. તેનો એક્સ-રે જોતાં તે છેલ્લા સ્ટેજ પર છે.

બેટા... તમે તો આનો ઈતિહાસ જાણતાં હો તેમ લાગે છો... પણ આ પહેલા મેં તમને ક્યારેય જોયાં હોય તેવું નથી લાગતું... મેં પેલી છોકરીમાં વધુ રસ લીધો. કાકા, તમારી વાત સાચી છે. મારું નામ વંદના છે. હું બે મહિનાથી અહીંથી ૩૦ કિ.મી. દૂર રાજગઢમાં મારાં માસીના ઘરે રહેવા આવી છું. હું એમ.બી.બી.એસ.ની વિદ્યાર્થિની છું અને હાલ ગવર્નમેન્ટ હોસ્પિટલમાં ઇન્ટર્નશિપ કરું છું. આજે ઘરે વહેલા જવું પડે તેમ હતું. તેથી અડધા દિવસની રજા લઈ ઘરે જતી હતી ત્યાં આ માણસનો મને બસસ્ટેન્ડ પર ભેટો થઈ ગયો. વંદનાએ પોતાનો ટૂંકો પરિચય આપ્યો.

જોગાનુજોગ હું પણ રાજગઢનો વતની હતો અને તેમના બતાવેલા સરનામા પ્રમાણે તેમના ઘેરથી થોડે જ દૂર મારું ઘર હતું. વધુ કંઈ ન કહેતાં એક ગામના હોવાથી મેં આશ્વાસનના બે શબ્દો કહ્યા, 'બસ હવે જો કોઈ તકલીફ હોય તો તમે બેધડક, મૂંઝાયા વગર મને જણાવજો. વધુ વાત કહું તે પહેલાં રાજગઢનું સ્ટેન્ડ આવી ગયું અને અમે પોતપોતાના ઘરે જવા રવાના થયાં.

ઉપરના બનાવને પંદરેક દિવસ થયા હશે અને સવારના દૈનિકની જિલ્લાપૂર્તિમાં એક ફોટા સાથે અપમૃત્યુના સમાચાર પર મારી નજર પડી, ફોટો પેલા પીધેલા માણસનો જ હતો અને વિગતમાં પણ કંઈક એવું જ લખાયેલું હતું કે, 'નશામાં ચકચૂર એક આધેડ વયના માણસે તળાવમાં પડી આપઘાતનું શરણું લીધું.' તે સમાચાર વાંચતાં જ મને થયું, હાશ... પેલી પારેવડા જેવી વંદનાને હેરાન કરતો પેલો આધેડ વયનો માણસ. અંતે તેણે આપઘાત કર્યો. એ સમાચાર હું વંદનાને બતાવવા તેના ઘર તરફ રવાના થયો... ત્યાં તે મને રસ્તામાં જ મળી ગઈ.

બેટા... તને હેરાન કરનાર પેલો માણસ... તેણે તળાવમાં પડી આપઘાત કરી લીધો... જો આ પેપરમાં ફોટા સહિત આપ્યું છે અને મેં તે દૈનિકપૂર્તિ તેના હાથમાં આપી દીધી.

અધ્ધરશ્વાસે ઝડપથી વંદના તે સમાચાર મનમાં વાંચી ગઈ અને મને પકડી ધ્રુસકે-ધ્રુસકે રડવા લાગી. કાકા... ઓ કાકા...

હું ગભરાઈ ગયો. આને એકાએક શું થયું? મેં આશ્વાસન દેતાં કહ્યું... બેટા... વંદના, તને જે હેરાન કરતો હતો તે જ આ માણસ છે. તું રડે છે શું કામ?

કાકા... તે... મને હેરાન જરૂર કરતો હતો પણ..

પણ શું... પણ...

'એ જ મારો બાપ હતો...' મારી માની સાથે છૂટાછેડા લીધેલો. 'એ... મારો બાપ...' **મ**




# શશિકાન્ત પટેલ

# ડર

૧૯૭૪થી વિવિધ કોલેજોમાં અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા. ૧૯૯૫માં ખટોદરા લાયન્સ ક્લબ સુરત દ્વારા આયોજિત અખિલ ગુજરાત હાઇકુ સ્પર્ધામાં પ્રથમ. નવયુગ કોમર્સ કોલેજ સુરત ખાતે અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા તરીકે સેવારત. વાર્તાસંગ્રહ (કટાક્ષકથાઓ) ૨૦૦૯માં પ્રગટ.

**૧૧૫, આનંદનગર સોસાયટી,**
**મોરા ભાગળ, રાંદેર, સુરત**
**મો. ૯૪૨૯૩૭૦૨૦૦**
**ફો.(૦૨૬૧) ૨૭૭૯૯૯૧**



રજનીકાન્તભાઈએ સુમનભાઈનો ત્રણ દિવસથી ફોન દ્વારા સંપર્ક સાધવા પ્રયત્ન કર્યો. કોઈ ફોન ઉઠાવતું જ નહોતું. કંટાળીને પોતે જ સુમનભાઈના ઘરે મળવા આવ્યા. ડોરબેલ રણકાવ્યો. સુમનભાઈની પત્ની રાધાબહેને રજનીકાન્તભાઈને આવકાર્યા અને કહ્યું, 'આવો બેસો.'

'તમે બધા એવા તે શું કામમાં પડી ગયા છો કે ત્રણ દિવસથી કોઈ ફોન જ નથી ઊંચકતું?' રજનીકાન્તભાઈએ પૂછ્યું.

રાધાબહેને સુમનભાઈના ડ્રોઈંગરૂમ તરફ આંગળી ચીંધતાં કહ્યું, 'તમારા ભાઈબંધ પેલા રૂમમાં કબાટ ફંફોસે છે.'

'લાવ મને જાતે જ જોવા દે', એમ બોલતાં બોલતાં રજનીકાન્તભાઈ સુમનભાઈના ડ્રોઈંગરૂમમાં દાખલ થયા. રજનીકાન્તભાઈને જોઈને સુમનભાઈ બોલ્યા, 'આવો આવો, હું પરવાર્યો જ છું.' એમના એક હાથમાં એક્સ-રે રિપોર્ટ હતો.

'શું કરવા માંડ્યું છે સવારના પહોરમાં?' રજનીકાન્તભાઈએ સુમનભાઈને પૂછ્યું.

'મારો ગયે મહિને કઢાવેલો કોલેસ્ટ્રોલનો રિપોર્ટ જડતો નથી,' સુમનભાઈએ કબાટ બંધ કરતાં કહ્યું. 'મળશે. પછી ખોળીશું.' એમ બોલતાં બોલતાં સુમનભાઈ રજનીકાન્તભાઈ સાથે બહાર આવ્યા. સુમનભાઈના રૂમમાં ઢગલાબંધ એક્સ-રે રિપોર્ટ, વાપરેલી અને ન વપરાયેલી દવાની બાટલીઓ, જુદા જુદા ડોક્ટરની ફાઈલો રજનીકાન્તભાઈને સુમનભાઈના રૂમમાં જોવા મળ્યા આથી નવાઈ પામ્યા. રાધાબહેનને બધું સરખું કરવાની સૂચના આપી. આથી રાધાભાભી ચિડાઈને બોલ્યાં, 'એમનો રૂમ સરખો કરતાં તો મારે નાકે દમ આવી જાય છે.' થોડી વાર પછી બન્ને મિત્રો બેઠા હતા ત્યાં રાધાભાભીએ આવીને કહ્યું, 'બેસો. હું ચા બનાવી લાવું છું.'

'મારી ચામાં...' સુમનભાઈ બોલતાં અટકી ગયા.

'હા, તો તમારી ચામાં શું? અટકી કેમ ગયા.' રજનીકાન્તભાઈ બોલ્યા.

'હું રાધાને કહેતો હતો કે મારી ચામાં ખાંડ નાખવી નહીં.' સુમનભાઈ બોલ્યા.

'કેમ?' રજનીકાન્તભાઈએ પૂછ્યું.

'કાલે જ બ્લડસુગર રિપોર્ટ આવ્યો છે. તેમાં બ્લડસુગરનું પ્રમાણ જરાક વધારે છે. જોકે ડોક્ટરે કહ્યું છે કે બોર્ડર લાઇન પર જ છે. એટલે ખાસ ચિંતા કરવા જેવું નથી, પણ કાળજી રાખવી સારી.' સુમનભાઈ બોલ્યા.

'હવે આ ઉંમરે શું કાળજી રાખવાની. ખાઓ, પીઓ અને મજા કરો.' રજનીકાન્તભાઈ બોલ્યા.

'ના ના, તમારી વાત બરાબર નથી. આફ્ટર ફોર્ટી યુ આર અ ફિઝિશિયન ઓર ફુલ.' (ચાળીસની વય પછી તમે તમારા ડોક્ટર છો અથવા મૂર્ખ છો) પછી રજનીકાન્તભાઈને કહ્યું 'તમે રાધા જોડે ગપ્પાં મારો એટલે હું મારી સ્નાનવિધિ પતાવી દઉં', એમ કહીને સુમનભાઈ સ્નાનગૃહ તરફ વળ્યા. રજનીકાન્તભાઈ રાધાબહેન

જોડે વાતે વળગ્યા.

રાધાબહેને રજનીકાન્તભાઈને કહ્યું ‘તમારા મિત્ર પોતાના શરીરની ખૂબ જ કાળજી રાખે છે. સવારે મોર્નિંગ વોક, ઈવનિંગ વોક, દર મહિને સુગર ટેસ્ટ, કોલેસ્ટ્રોલની તપાસ, કાર્ડિયોગ્રામ, વહેલા ઊઠવું, જમવામાં મીઠું જરા પણ વધારે ન પડવા દેવાની સખત તાકીદ. હું તો એમની સાથે ઝઘડું પણ છું કે મારાથી એમને સાચવી શકાતા નથી.’

‘પણ શરીરની નિયમિત તપાસ તો કરાવતાં તો રહેવું જ જોઈએને.’ રજનીકાન્તભાઈએ કહ્યું,

‘પણ તેઓ તો બીજું બધું તો ઠીક, પણ બીકના માર્યા જ આ બધું કર્યા કરતાં હોય તેમ લાગે છે. શરીરની આટલી બધી શી કાળજી લેવાની? જે થવાનું તે થવાનું જ છે.’ પછી બન્ને બાળકોની, સમાજની, રાજકારણની વાતે વળગ્યાં. થોડી વાર

> સુમનભાઈ થોડી વાર અટક્યા અને બોલ્યા, ‘આજકાલ શહેરમાં હાસ્યોપચાર માટે જાહેર બાગોમાં લાફ્ંગિ ક્લબ ચાલે છે. તારી ભાભીને આની ખબર પડી એટલે મને કહ્યું કે લાફ્ંગિ ક્લબમાં આપણે જોડાઈ જવું જોઈએ.

પછી સુમનભાઈ સ્નાનવિધિ પતાવીને બહાર આવ્યા. એમને વાત કરતાં છોડીને રાધાબહેન રસોડામાં ગયાં. ‘રાધાભાભી ફરિયાદ કરતાં હતાં કે તમને સાચવતાં તેઓ થાકી જાય છે.’

સુમનભાઈએ કહ્યું, ‘તારી ભાભીની તકલીફ મારા કરતાં જુદી જ છે.’

‘શું તકલીફ છે એમને?’ રજનીકાન્તભાઈએ પૂછ્યું.

સુમનભાઈએ રજનીકાન્તભાઈને રાધાબહેનનો કબાટ ખોલીને છાપાનાં કટિંગ્સ બતાવ્યાં.

‘આનો શો અર્થ?’ રજનીકાન્તભાઈએ કહ્યું, ‘આ બધા છાપાનાં કટિંગ્સ એક જ વિષયનાં છે.’

‘આરોગ્યને લગતી બાબતોનાં.’ સુમનભાઈ બોલ્યા.

પછી રજનીકાન્તભાઈએ બધાં કટિંગ્સ જોયાં તો એ જાત જાતની ચિકિત્સાપદ્ધતિઓ આયુર્વેદ, એલોપથી, હોમિયોપથી, નિસર્ગોપચાર, શિવામ્બુ ચિકિત્સા, ખરતા વાળના ઉપાયો, જાત જાતનાં કસરતોનાં સાધનોની જાહેરાતો, જાત જાતની શક્તિવર્ધક ટીકડીઓ અને કેપ્સુલ્સનાં હતાં.

સુમનભાઈએ કહ્યું કે ‘તારી ભાભી છાપાંઓ, ટી.વી. પર જાત જાતનાં મેગેઝિનોમાં જાત જાતની તકલીફો વિશે વાંચે છે અને મને થકવે છે.’

‘એક તો આજકાલ છાપાંઓમાં આરોગ્યને લગતી કોલમો જ વધુ લખાય છે. તેમાં તમારે શું થાકવાનું?’ રજનીકાન્તભાઈએ સામો સવાલ કર્યો.

‘ખરી મુસીબત અહીં જ છે. તારી ભાભી કોઈ પણ તકલીફ વિશે વાંચે છે એટલે મને વાંચીને કહે કે આ લક્ષણોમાંથી કેટલાંક લક્ષણો મને જણાય છે. આપણે ડોક્ટર પાસે જવું જ જોઈએ. એક વાર તો મારો કાર્ડિયોગ્રામ કઢાવવા ડોક્ટરની ભલામણચિઠ્ઠી લખાવવા હું એની સાથે ફેમિલી ફિઝિશિયન પાસે ગયો હતો તો એણે પોતાનો પણ કાર્ડિયોગ્રામ કઢાવવા ડોક્ટરની ભલામણચિઠ્ઠી લખી આપવા જીદ કરી હતી. ડોક્ટરને કહ્યું, સાહેબ મને પણ છાતીમાં તકલીફ રહે છે અને છેવટે કાર્ડિયોગ્રામ કઢાવીને જંપી, નીકળ્યું કંઈ જ નહીં.’

સુમનભાઈ થોડી વાર અટક્યા અને બોલ્યા, ‘આજકાલ શહેરમાં હાસ્યોપચાર માટે જાહેર બાગોમાં લાફિંગ ક્લબ ચાલે છે. તારી ભાભીને આની ખબર પડી એટલે મને કહ્યું કે લાફિંગ ક્લબમાં આપણે જોડાઈ જવું જોઈએ. મારી ખાસ મરજી નથી છતાં અઠવાડિયે એક વાર રવિવારે સવારે મારે એની સાથે લાફિંગ ક્લબમાં જવું જ પડે છે. કોઈ એને યોગ વિશે વાતો કરી ગયું હોય તો સાચું માનીને ‘યોગા’નાં ગુણગાન ગાવા લાગે છે.’ થોડી વાર અટક્યા અને બોલ્યા ‘મારે મારી તબિયત સાચવવા તો દોડવાનું જ, પણ તારી ભાભી તો ડરની મારી મને દોડાવીને થકવી મારે છે. તને ખબર છે ને કે એક વાર ઈંગ્લેન્ડમાં પ્લેગ ફેલાયો હતો ત્યારે પ્લેગ કરતાં પ્લેગના ડરને કારણે વધુ લોકો મરી ગયા હતા.’

સુમનભાઈ રજનીકાન્તભાઈને પોતાના ડ્રોઈંગરૂમમાં બેસાડી ઘરની અંદરના રૂમમાં ગયા. એટલામાં સુમનભાઈનો નાનો ભાઈ વિજય અને તેની પત્ની ઘરમાં દાખલ થયાં અને સોફા પર બેઠાં. રાધાભાભી પણ રસોડામાંથી બહાર આવ્યાં. વિજયભાઈને પત્નીએ કહ્યું, ‘ત્રણ વાર અમે તમારા ઘરે મળવા આવ્યાં, પણ તાળું લટકતું હતું. રાધાએ કહ્યું, ‘ડોક્ટરને ત્યાં દોડધામ રહે છે.’

‘કેમ, શું કંઈ ખાસ તકલીફ છે?’ વિજયભાઈએ પૂછ્યું,

‘ના રે ના, એ તો મારા મેડિકલ ચેકઅપ માટે દોડધામ ચાલતી હતી. બેસો, હું ચા લઈ આવું.’ એમ કહી વિજયભાઈની પત્ની સાથે રસોડામાં ગયાં. રજનીકાન્તભાઈ અને વિજયભાઈ એકલા પડ્યા. ગઈ કાલે બન્ને પાંઉભાજીની લારી પર ચોપાટી પર ભેગા થઈ ગયા હતા. બન્નેને સારો પરિચય હતો. વાત

પરથી આરોગ્ય, લોકોની ટેવો, લોકોની જાત જાતની તકલીફો વિશેની વાત નીકળી એટલે વિજયભાઈએ કહ્યું, 'ડોક્ટરી તપાસ અને દવાઓ બધું જ મને તો નકામું લાગે છે. ખાઓ, પીઓ અને મજા કરો. જે થવાનું છે તેને કોઈ રોકી શકવાનું નથી. નકામી ચિંતા કરી કરીને અડધા થઈ જવાનું.'

રજનીકાન્તભાઈએ કહ્યું, 'તમારા ગુરુ ચાર્વાકમુનિ હોય એમ લાગે છે.'

'ખરી વાત તો એ છે કે હું તો આવી તપાસમાં માનતો જ નથી. તપાસ કરાવીએ અને ખબર પડે તો જાણીને વધારે ચિંતા થાય. તેના કરતાં તો તપાસબપાસ કંઈ કરાવવું જ નહીં.' વિજયભાઈએ કહ્યું, છેલ્લા શબ્દો ડ્રોઇંગરૂમમાં પ્રવેશેલી વિજયભાઈની પત્નીના કાન પર પડ્યા એટલે તેણે વાતનો તંતુ પકડીને રજનીકાન્તભાઈને વાત કરી. 'આમેય વિજય અંતર્મુખી છે જ. નિવૃત્ત થયા પછી તો ઠીક, પણ તે પહેલાં પણ એમને કોઈને ત્યાં જવું ગમે નહીં. ખાસ મિત્રો પણ નહીં. રસના વિષયો પણ ઓછા, શરીર પ્રત્યે બેદરકાર, કોઈ દવા ઇલાજ કરાવવામાં માને નહીં. મનમાં ગભરાયા કરે, મનમાં મૂંઝાયા કરે, પણ કોઈને શું થાય છે તે કહે પણ નહીં.' વિજયભાઈની પત્નીએ બળાપો કાઢ્યો. વિજયભાઈએ વાતને હળવાશથી લેતાં કહ્યું, 'આ જાત જાતની થેરપીઓ - જળચિકિત્સા, આયુર્વેદ, યુનાની, હોમિયોપથી, એલોપથી... હું તો મૂંઝાઈ જાઉં છું કે કઈ પદ્ધતિ અપનાવવી? આથી આપણે તો ખાવુંપીવું અને મજા કરવામાં જ માનીએ છીએ' પછી આગળ ચલાવ્યું કે 'એક બાપના બે દીકરાઓ ડોક્ટર. એક એલોપથીની પ્રેક્ટિસ કરે અને બીજો આયુર્વેદની પ્રેક્ટિસ કરે. બાપ માંદો પડે તો આયુર્વેદિક પદ્ધતિ પ્રમાણે દવા કરાવે તો એલોપથીની પ્રેક્ટિસ કરતો દીકરો ખીજવાય છે અને એલોપથીનો ઉપચાર કરાવે તો આયુર્વેદની પ્રેક્ટિસ કરતો દીકરો ખીજવાય છે અને બન્ને છોડીને ત્રીજાની દવા કરાવે તો બન્ને ખીજવાય છે. તો બે ડોક્ટર દીકરાના બાપની મૂંઝવણ એ જ છે કે દવા કોની કરાવવી?' બધા જોરથી હસ્યા.

'આધિ, વ્યાધિ અને ઉપાધિ તો જીવન સાથે સંકળાયેલી છે. જાણીએ તો વધારે દુઃખ થાય. એના કરતાં તો ડોક્ટર પાસે જવું જ નહીં. આજે તો ડોક્ટરોમાં પણ સ્પેશિયલિસ્ટોનો નવો વર્ગ ઊભો થયો છે. એક વાર હું કાનની તકલીફ માટે ઇએનટી પાસે ગયો તો ડોક્ટર કહે, હું તો ડાબા કાનનો સ્પેશિયલિસ્ટ છું. તમારી તકલીફ જમણા કાનમાં છે, એટલે જમણા કાનના સ્પેશિયલિસ્ટને મળો. હું તો જે થવાનું હોય તે થાય એમ ગણીને ઘરે જ આવતો રહ્યો.'

વિજયભાઈ બોલ્યા. બધા ફરી જોરથી હસ્યા. વિજયભાઈની પત્નીએ કહ્યું, 'વિજયભાઈ ભાગ્યે જ કોઈ જોડે વાતો કરે છે કે કોઈને ત્યાં જાય છે. એમને ખાસ ડર તો આજના સ્પેશિયલિસ્ટોનો લાગે છે.' સૌ પોતપોતાના ઘરે ગયા.

સાંજે રજનીકાન્તભાઈના દીકરાનો સુમનભાઈને ત્યાં ફોન હતો કે, રજનીકાન્તભાઈને બ્રેઇન હેમરેજ થઈ ગયું છે અને મહાવીર હોસ્પિટલમાં આઈસીયુમાં દાખલ કરેલા છે. **મ**


**What nobody can flexi...can**

**flexican®**

**BELLOWS & HOSES PVT. LTD.**

**(Member - Zaverchand Gaekwad Ltd.)**

283, G.I.D.C., Makarpura, Baroda-390010, INDIA.
Ph. : 0265-2634614/15; Fax. : 0265-23043202.
E-mail : admin@flexicanbellows.com
Web : www.flexicanbellows.com

Manufacturers of :

**All types of METAL BELLOWS EXPANSION JOINTS / COMPENSATORS as per EJMA (USA) in all grades viz. Austenitic Stainless Steel, Inconel and Incoloy Material with/without Third Party Inspection. Size: Circular 40 NB to 7000 NB Dia. & Square / Rectangular of any shape & construction.**

***"flexican"* produces Bellows for All Industries Engineering, Sugar, Shipping, Paper, Textile, Cement, Power, Steel etc.**

# કમલા દાસ/પરપ્રાન્તીય વાર્તા



# દૂધપાક

કમલા દાસ (૧૯૩૪ - ૨૦૦૯) ભારતીય અંગ્રેજી-મલયાલમ ભાષાનાં પ્રખ્યાત ગદ્ય-પદ્ય લેખિકા છે. તેમણે કાલ્પનિક અને વાસ્તવિક ભૂમિ પર અંગ્રેજી-મલયાલમ ભાષામાં ખેડાણ કર્યું છે.

**વાર્તાસંકલન અને ગુજરાતીકરણ**
**તન્મય ગંગોપાધ્યાય**
**ફો. ૯૮૨૫૫ ૮૮૯૩૫**
**samparkhrd@yahoo.co.in**

અત્યન્ત સાદગીપૂર્વક અને ઓછામાં ઓછા ખર્ચે અિગ્ન સંસ્કાર કર્યા પછી એણે એના અોિફસના સહકર્મચારીઓનો વિધવત આભાર માન્યો. તતના ઘરે પાછી આવનાર આ વ્યિકતને આપણે ‘અછત’ (બાપુજી)ના નામે ઓળખીશું. એનું કારણ એ છે કે એ શહેરમાં માત્ર ત્રણ બાળકો જ એનું મૂલ્ય સમજી શકે છે. તેઓ એને ‘અછા’ (બાપુજી)કહીને બોલાવે છે.

બસમાં અપિરિચત વ્યિકતઓની વચ્ચે બેસીને મુસાફરી કરતાં એ આખાય દિવસના દરેકે દરેક ક્ષણનો અને પ્રત્યેક ઘટનાને અલગ પાડીને એમનો તાળો મેળવતો રહયો. તે દિવસે ઊંઘમાંથી જાગ્યો હતો પણ એનો જ સાદ સાંભળીને ઉન્ની, આમ આખા શરીરે ઓઢીને આટલે મોડે સુધી સુઇ રહેવાનું પોસાય ખરૂં? બેટા, આજે સોમવાર છે કે નહીં? એ સૌથી મોટા દીકરાને ઉઠાડવાની કોિશષ કરી રહી હતી. તે પછી એક ચોળાયેલી સફેદ સાડી પહેરીને એણે રસોડાનું કામ શરૂ કર્યું હતું. એક મોટા મગમાં એને માટે કોફી બનાવીને આપી ગઇ હતી. તે પછી.......હં.......તે પછી...હં, શું શું બન્યું હતું? શું એણે ભૂલાય નહી એવા કોઇ શબ્દો ઉચ્ચાર્યા હતા ખરા? ઘણી કોિશષ કર્યા છતાંય તે પછી એણે શું શું કહયું હતું તે કેમેય કરીને યાદ ન આવ્યું. માત્ર આ જ વાકયો એની સ્મૃતિમાં કોરાઇ ગયા હતા. ઉન્ની, આમ આખા શરીરે ઓઢીને આટલે મોડે સુધી સુઈ રહેવાનું પોસાય ખરૂં? બેટા, આજે સોમવાર છે કે નહી? મંત્રોચ્ચાર કરતો હોય એમ એણે ધીમા સાદે આ શબ્દો ઉચ્ચાર્યા. એને એમ થયું કે જો એ આ શબ્દો ભૂલી જશે તો એની ખોટ એકાએક અસહય બની જશે.

ઓફિસ જતી વખતે બાળકો એની સાથે જ હતા. એની પત્નીએ બાળકો માટે સ્કૂલમાં ખાવા સારૂ નાસ્તો બનાવીને દરેકને ઍલ્યુમિનયમનો ટીફીન બૉકસમાં ભરીને આપે હતો. એના જમણા હાથમાં પડેલો કેસરી રંગનો પાઉડરનો ડાઘો દેખાતો હતો.

ઑફિસમાં એકે વખત એની યાદ આવી નહોતી. એમનું લગ્ન એકાદ-બે વર્ષ ટકેલા પ્રેમનું પિરણામ હતું. લગ્ન માટે પિરવારની મંજુરી ન હતી. પણ તેમ છતાંય કોઇ દિવસ એ વિશે કોઇ અફસોસ ન હતો. અાિર્થક તકલીફ, બાળકોની માંદગી આવી મુશ્કેલીઓથી (ધીમે ધીમે એમની શારીરીક અને માનિસક શિકતઓનો હ્રાસ થતો ગયો) વખત જતાં તેઓ શારીરીક રીતે નબળા પડતા ગયા. ધેરાતાં વ્યિવસ્થત રીતે સારા કપડાં પહેરવામાં એની પત્નીને જરાય રસ નહતો રહયો. અને એ પોતે સ્વયંસ્ફૂર્તિથી ખડખડાટ હસવાનું તદ્દન ભૂલી ગયો હતો.

તેમ છતાંય તેઓ એક-બીજાને ચાહતા હતા. એમના ત્રણ બાળકો પણ એમને ચાહતા હતા. એમનો મોટો દીકરો ઉન્ની દસ વર્ષનો, વચલો બાલના સાત વર્ષનો અને સૌથી નાનો રાજન પાંચ વર્ષનો હતો. એમના મોઢાં લાળને લીધે કાયમ ગંદા રહેતા. તેઓ ન તો દેખાવડા હતા કે ન તો ચબરાક. તેમ છતાંય મા-બાપ એક બીજાને કહેતા રહેતા, આપણા ઉન્નીમાં એન્જિનયર બનવાનાં લક્ષણ છે. એ હમેંશા કંઇક ને કંઇક બનાવ્યા કરતો હોય છે.

‘‘બાલનને ડૉકટર બનવાની તાલિમ આપવી પડશે. એનું કપાળ તો જુઓ! આવું વિશાળ કપાળ બુધ્ધિમત્તાની નિશાની છે.’’ રાજન કદીયે અંધારામાં ચાલતા ગભરાતો નથી. એ લશ્કરમાં જોડાય એવું લાગે છે.

તેઓ શહેરનો મધ્યમ વર્ગ રહેતો હોય એવા વિસ્તારની એક નાની ગલીમાં એમનો ત્રણ રૂમવાળો

ફલેટ બીજા માળે આવેલો છે. એક રૂમની સામે એક વરંડો છે જેમાં બે માણસો બહુ મુશ્કેલીથી જોડે જોડ ઉભા રહી શકે છે. એમાં એક ગુલાબનો છોડ રોપેલો છે. મા નિયિમતપણે એને પાણી પાય છે, પણ હજી સુધી એમાં ફુલ આવ્યાં નથી.

રસોડાના દીવાલ પરની ખીંટીઓ પરથી તાંબાના વાસણ, કડછી વગેરે લટકે છે. ચૂલા પાસે એક ઘસાયેલું અને નીચું સ્ટુલ પડેલું છે. જેના પર સામાન્યપણે મા બેસે છે. બાપુજી સામાન્યપણે સાંજે ઑફિસેથી ઘરે આવે છે, જયારે મા સ્ટુલ પર બેઠા બેઠા રોટલીઓ ઉતારતી હોય છે.

બસ ઉભી રહી. એમાંથી ઉતરતી વખતે એનાં ઘૂંટણમાં સ્હેજ દુઃખ્યું. વા હશે કે શું? એ જો અશકત બની જશે તો બાળકોને




કોણ સંભાળશે? તરત જ એને રડવું આવ્યું. એણે ગંદા રૂમાલથી મોં લૂછયું અને ઉતાવળા ઘર તરફ ડગ માંડયા. છોકરાઓ સૂઇ ગયા હશે કે શું? એ લોકોએ કશું ખાધું હશે ખરૂં? કે પછી રડ રડ કરવાને લીધે થાકયા પાકયા સૂઇ ગયા હશે? રડવા માટે જરૂરી પ્રગિતશીલતા તો એમનામાં હજી છે નહી. નહી તો જયારે માને ટૅકસી તરફ ઉંચકીને લઇ જતા ત્યારે ઉન્ની કેમ રડયા વગર સ્તબ્ધ દ્રિષ્ટથી તાકી રહયો હતો? ખાલી નાનકુ જ રડી પડયો હતો. પણ તે તો ટૅકસીમાં બેસવાની હઠને લીધે. તેઓ ચોકકસ મૃત્યુનો ગિર્ભત અર્થ કે આંટી ધૂટી નહી સમજયા હોય.

એને પોતાને જ સમજણ પડી હતી ખરી? એણે કયારેય કહયું હશે ખરૂં કે જે વ્યિકત દરરોજ ઘરે હતી તે એકાએક એક દિવસ સાંજે કોઇને આવજો પણ કહયા વગર સાવરણીની બાજુમાં ઢળી પડશે. ઑફિસથી પાછા આવતાં એણે રસોડાની બારીમાંથી અંદર જોયું હતું. એ તો ત્યાં દેખાઇ નહોતી.

આંગણામાં રમી રહેલા છોકરાઓનો અવાજ મોટો થતો ગયો. ઉન્નીએ શાબાશી આપતાં કહયું, વાહ, ફર્સ્ટ કલાસ શૉટ માર્યો છે તેં તો!

એણે ખીસ્સામાંથી ચાવી કાઢી અને આગળનું બારણું ખોલ્યું. ત્યારે એણે જોયું કે પત્ની ભોંય પર સુતેલી પડી છે, એક પડખે, મોં સ્હેજ ખુલ્લું છે.

એને ચત્તા સુવડાવતાં એણે વિચાર્યું કે કદાચ એ પડી ગઇ હશે. પણ દવાખાનામાં ડૉકટરે જણાવ્યું, હાર્ટ ઍટેક! દોઢેક કલાક પહેલા મરણ થયું હશે.

લાગણીઓનો ધોધમારો ચાલુ થઇ ગયો. પત્ની પર ગાંડા થઇ જવાય એવો સખત ગુસ્સો આવ્યો. જરા સરખા અણસારા વગર આમ એની બધી જવાબદારી મારે માથે નાખીને એ જતી રહી!

રજા માટેની અરજી કેવી લાગશે? મારા પત્ની બીમાર છે, એમ નહી, પણ મારા પત્ની મૃત્યુ પામ્યા છે! કદાચ સાહેબ મને એમના રૂમમાં બોલાવશે : મને જાણીને ખૂબ જ દુઃખ થયું છે. હો હો હો હો! એ દુઃખી થયા છે! એ તો એને ઓળખતા પણ નથી. એના વાંકિડયા વાળ, એનો થાક દર્શાવતો મલકાટ કે એની ધીમી ગિતની ચાલ આમાંથી કશાયની એમને ખબર નથી. એ ખરેખર કશું જ જાણતા નથી એના વિશે. આ બધાની ખોટ તો માત્ર અછતને સાલશે.

બારણું ખોલતાંવેંત સૌથી નાનો દીકરો બેડરૂમમાંથી દોડતો આવ્યો અને બોલી ઉઠયો. અમ્મા પાછી નથી આવી?

આટલી જલ્દીથી આ બધું એ લોકો શી રીતે ભૂલી શકે? શું એમને લાગતું હશે કે ટૅકસીમાં જે દેહ ઉંચકીને સૂવડાવવામાં આવ્યો હતો તે એની મેળે પાછો આવી શકે છે?

એનો હાથ પોતાની હથેળીમાં લઇને એ રસોડામાં આવ્યો. ઉન્ની, એણે બૂમ પાડી. શું છે અછા (બાપુજી) પથારીમાંથી ઊભો થઇને ઉન્ની ત્યાં આવ્યો. બાલન સુઇ ગયો છે.

એમ? તમે લોકોએ કંઇ ખાધું છે ખરૂં? ના હો, ઉન્નીએ

જવાબ આપ્યો.

એણે રસોડામાં પડેલા વાસણોનાં ઢાંકણા ખોલી ખોલીને જોયું. એણે તૈયાર કરેલી વસ્તુઓ - રોટલી, ભાત, બટાકાનું શાક, સૂરણના ભજીયા અને દંહી  એને દેખાઇ. અને તે સાથે કાચના વાસણમાં કયારેક બાળકો માટે બનાવવામાં આવતો દૂધપાક પણ હતો.

આ વાનગીઓ પર મૃત્યુનો સ્પર્શ હતો. ના, આ બધું તો ન જ ખાઇ શકાય.

એણે કહયું, હું થોડો ઉપમા બનાવું છું. આ બધું તો સાવ ટાઢું પડી ગયુ છે.

અચ્છા! ઉન્ની બોલી ઉઠયો.

હા, બેટા

અમ્મા કયારે પાછી આવશે? એ હજી સાજી નથી થઈ?

એને વિચાર આવ્યો સત્યને બહાર આવવા માટે એક દિવસ થોભવા જેટલી ધીરજ ઘરવી પડશે. અત્યારે, આજે રાતના છોકરાઓને દુઃખી કરવાનો કોઇ અર્થ નથી.

એણે કહયું, અમ્મા આવી જશે.

એણે થાળીઓ ધોઈને જમીન પર ગોઠવી દીધી. બે થાળી. બાલનને ના બોલાવશો. એને સૂવા દો. રાજને દૂધપાકવાળા કાચના વાટકા તરફ આંગળી ચીંધતા કહયું, અછા, દૂધપાક! એની પત્ની જે નીચા સ્ટુલ પર બેસતી હતી તેના પર એ બેઠો.

ઉન્ની, બેટા, જરા એને ખાવાનું પીરસને. મને સારૂં નથી. સખત માથું દુઃખે છે. જમવા દો બિચારાઓને. આ પછી કયારેય એ લોકો એમની માનું બનાવેલું કશું જમવા નહી પામે. છોકરાઓ દૂધપાક ખાવા લાગ્યા. આ દ્રશ્ય જોતાં એ કશું બોલ્યા વગર બેસી રહયો. થોડીવાર રહીને એણે પૂછયું, ઉન્ની, તારે ભાત નથી ખાવો?

ના, બાપુજી. મારે માટે દૂધપાક જ બસ છે. બહુ સરસ છે.

રાજન મલકાતાં બોલી ઉઠયો, હા, ખરેખર અમ્માએ આજે તો સરસમાં સરસ દૂધપાક બનાવ્યો છે.....

એના આંખમાં પાણી આવી ગયા. છોકરાઓથી આંસુ છૂપાવવા એ જલ્દીથી ઊભા થઈને બાથરૂમમાં જતો રહયો. **મ**


---

# હવે પછી મમતામાં નવો વિભાગ શરૂ થશે

# ‘જીવેલું ને માણેલું’



તમારા જીવનના અનુભવો ૫૦૦ શબ્દોમાં લખી મોકલો. અમને ગમશે તો તમારા નામ સાથે પ્રગટ થશે તમારા શબ્દોમાં તમારી રામકહાણી



## વિક્તોર સ્લાવક્નિ/પરદેશી વાર્તા

# વોર અને પીસ

*ઉપરનો ફોટો મહાન રશિયન લેખક અને ચિંતક લિયો તોલ્સતોયનો છે; વિક્તોર સ્લાવક્નિનું કોઈ ચિત્ર ક્યાંયથી મળતું નથી. રશિયન હાસ્ય/કટાક્ષ/વાર્તાલિખક વિક્તોર યોસિફોવિચ સ્લાવક્નિ* (Victor Yosifovitch Slavkin) *રશિયાના યુનોસ્ત નામના સામયિકમાં કટાક્ષ અને હાસ્ય વિભાગના વડા રહી ચૂકેલા છે. આ વાર્તા પરથી ૧૯૬૫માં એક ફિલ્મ બનેલી.*

***વાર્તા સંકલન અને ગુજરાતી ભાવાનુવાદ:***
***બાબુ સુથાર***
***+૧ ૨૧૫ ૩૩૮ ૩૫૬૯***
**bsutharsas.upenn.edu**

આપણે છૂટાછેડા લઈ લઈએ! મેં અને મારાં પત્નીએ નક્કી કર્યું. આમેય આપણે એક સાથે રહી શકીએ એમ નથી. તો પછી છૂટા થઈનેસ્વતંત્ર જીવન કેમ ન જીવીએ? સરસ. ચાલો છૂટાછેડા લઈએ,

અમારા છુટાછેડાની વાત જાણતાં જ લોકોને એક વાતનું કૌતુક થયેલું કે આ લોકો છૂટા તો થાય છે પણ ભાગલા કઈ રીતે પાડશે?

પણ, સાચી વાત કહું તો અમને અમારી પાસે જે કંઈ ચીજવસ્તુઓ હતી એના ભાગલા પાડવામાં કોઈ જ મુશ્કેલી ન પડી.

અમે એક ઓરડામાં રહેતાં હતાં એટલે અમે સૌથી પહેલાં એ ઓરડાના બે ભાગ પાડ્યા.મેં એક ચોકનો ટુકડો લીધો અને એના વડે અમારા ઓરડાની વચોવચ એક લીટી દોરી દીધી. એક બાજુ તેનો ઓરડો એનો અને બીજી બાજુમારો.

પછી, મેં ચોકના બે ટુકડા કરી નાખ્યા. એક એનો અને એક મારો.

અમારી પાસે જે પુસ્તકો હતાં એના પણ બે ભાગ પાડયા. મેં વાચેલાં મેં રાખી લીધાં અને મેં ન વાંચેલાં પુસ્તકો મેં એને આપ્યાં. જો કે, લિટલ સોવિયેત એનસાઈક્લોપીડિયામાં સહેજ મુશ્કેલી પડેલી. કારણકે એનો થોડો ભાગ જ મેં વાંચેલો; એટલે એમ તો કહેવાય નહીં કે એ પુસ્તક મેં વાંચ્યું નથી. કે એમ પણ ન કહેવાય કે એ પુસ્તક મેં વાંચ્યું છે. પણ મેં ઉદારતાથી કહી દીધું કે ભલે, આ એનસાઈક્લોપીડિયા તું રાખ. મેં મારા ભાગનું લખાણ વાંચી લીધું છે.



તો એ કહે, આમેય એસથી શરૂ થતી એન્ટ્રીઝ તમને ઝાઝી કામ લાગવાની નથી.

આ ભાગલા પાડવાના કામથી અમે થાકી ગયાં હતાં. એટલે અમે ટેબલ પર બેઠાં. ટેબલ પર પત્તાં પડ્યાં હતાં. એના પણ મારે બે ભાગ પાડવાના હતા. એટલે મેં એ પત્તાં લીધાં, પછી ચીપ્યાં અને પછી વહેંચ્યાં. અડધાં એના ભાગમાં, અડધાં મારા ભાગમાં. પણ, વસ્તુ એવી બની કે મારા ભાગે એકેય એક્કો ન આવ્યો. બધ્ધા એક્કા એના ભાગે ગયા. જેવું મારું નસીબ!

મેં મારાં પત્તાં ખૂણામાં ફેંકતાં કહ્યું, મને કાંઈ એક્કાબેક્કાની પડી નથી. હું એક્કા વિના ચલાવી લઈશ.

તમે બણગા ફૂંકવામાંથી ઊંચા નહીં આવો, કહી એણે એનાંપત્તાં ટેબલમાં મૂકી દીધાં.

હવે ટેબલનો વારો આવ્યો. એના પણ બે ભાગ કરવાના હતા. મેં કરવતથી ટેબલના બે ટુકડા કરી

નાખ્યા. એક ભાગ એનો, બીજો ભાગ મારો. દેખીતી રીતે જ અમારા બન્નેમાંથી એકેયનું ટેબલ હવે બે પાયા પર ઊભું રહી શકે એમ ન હતું. પણ, એનો મને વાંધો ન હતો. બે પાયા વાળું તો બે પાયા વાળું પણ એ મારું ટેબલ હતું અને એના બે પાયા મારા ટેબલના હતા.

પછી અમે ટીવીના બે ભાગ પાડવાનું નક્કી કર્યું.પણ, ટીવીને ટેબલની જેમ વહેરી શકાય એમ ન હતો. એટલે ઓરડામાં મેં ચોકથી દોરેલી લીટી ઉપર મેં અમારું ટીવી મૂક્યું. અડધું એનું ભાગમાં અને અડધું મારા ભાગમાં રહે એમ. પણ, એમ કરતાં બન્યું એવું કે ટીવીમાંના પ્રકાશને ઓછોવત્તો આછો કરવાનું ડાયલ તથા પિક્ચર ઊભું કે આડું વિસ્તારવાની કે સંકોચવાનું ડાયલ મારા ભાગમાં આવ્યું, નેઓન/ઓફની સ્વિચ તથા વોલ્યૂમનું ડાયલ એના ભાગમાં ગયાં.

આમ ધીમે ધીમે અમે અમારી તમામ જાયદાદના બે ભાગ પાડી નાખ્યા.

છેલ્લે અમારા નામનો વારો આવ્યો. અમારું નામ ઈવાનોવ. એટલે મેં એક ચબરખીમાં ઈવા અને બીજી ચબરખીમાં નોવ લખી એ બન્ને ય ચબરખીઓ એક ટોપલીમાં નાખી અને મેં આંખો બંધ કરી એક ચબરખી ઉપાડી. મારા ભાગે નોવ આવ્યું અને એના ભાગે ઈવા. અમે નક્કી કર્યું કે એ હવે મને કોમરેડ નોવ કહેશે અને હું એને કોમરેડ ઈવા કહીશ.

આ રીતે અમારું નવું જીવન શરૂ થયું.

બીજા દિવસે હું સાંજે કામ પરથી ઘેર આવ્યો અને મારા ભાગના બાંકડા પર આડો પડ્યો. પછી, પડ્યાં પડ્યાં મને કંઈક વાંચવાનું મન થયું. એટલે મેં ટોલસ્ટોયની નવલકથા વોર એન્ડ પીસલીધી. પણ, ખોલીને જોઉં છું તો એ તો બીજો ભાગ હતો. પહેલા ભાગ તો ઈવાના ભાગમાં ગયેલો.

મેં જરાક ખોંખારો ખાઈને એના ઓરડાના ભાગતરફ મોં રાખીને કહ્યું, કોમરેડ ઈવા, વાંધો ન હોય તો તમે મને વોર એન્ડ પીસનો પહેલો ભાગ આપશો જરા?

ના, નહીં આપું. હું નહીં વાંચતી હોઉં તો પણ નહીં આપું! એણે જવાબ આપ્યો.

સારું. એટલે મેં દીવાલતરફ પડખું ફેરવી બીજો ભાગ વાંચવાનો શરૂ કર્યો.

થોડી વાર પછી ચોકની લાઈનની પેલે પારથી કોમરેડ ઈવાનો ખાંખારો સાંભળ્યો. જોઉં છું એ લાઈનની પાછળ કોમરેડ ઈવા ઊભાં હતાં. એમણે ત્યાંથી જ કહ્યું:

કોમરેડ નોવ, આપણે એકબીજાને પુસ્તકો વાંચવા માટે આપશું કે? મેં પહેલો વાંચી લીધો છે. એ ભાગ આપું, તો તમે મને બીજો ભાગ આપશો? નાજી. હું લેણીદેણીની ઝંઝટમાં પડવા નથી માગતો! મેં કહી દીધું.

તો કાંઈ નહીં; બીજા ભાગ પર બનેલી ફિલ્મ હવે થોડા વખતમાં આવવાની છે. હું એ જોઈ લઈશ. એટલે પહેલા ભાગના સારનો ખ્યાલ આવી જશે.

પછી એણે ક્રોધથી ટીવીના એના ભાગની સ્વિચો આંબળવાનું શરૂ કર્યું. તો મેં પણ સામે ક્રોધથી મારા ભાગનાં ડાયલ મચડવાનું શરૂ કર્યું. એ વખતે ટીવી પર રોમિયો અને જુલિયટનું બેલેનૃત્ય ચાલતું હતું. એ અમારા બન્નેનો માનીતો કાર્યક્રમ હતો. પણ, હવે અત્યારે અમારા બન્નેમાંથી એકેયને એમાં કોઈ રસ ન હતો. ટીવીની સ્વિચો આંબળતાં આંબળતાં અમે બન્ને ક્રોધથી સામસામાં થઈ ગયાં અને ત્યાં જ કશુંક તૂટવાનો અવાજ આવ્યો અને એ સાથે જ વીજળીની શોર્ટ સર્કિટ થઈ અને ઓરડામાં અંધારું થઈ ગયું.

હવે અમારા બન્ને માટે અંધારામાં રહેવા સિવાય બીજો કોઈ ઉપાય ન હતો. દીવો કરી શકાય એમ નહોતું કેમકે ગઈ કાલે ભાગલા પાડ્યા ત્યારે અમે દિવાસળીની પેટીના પણ બે ભાગ પાડ્યા હતા. એના ભાગમાં દિવાસળીઓ અને મારા ભાગમાં ખોખું આવેલું...

એટલે મેં પગ પછાડી પછાડીને મારા ભાગના ઓરડામાં આંટાફેરા મારવાનું શરૂ કર્યું. એણે પણ. સામા પગ પછાડતાં આંટાફેરા કરવા માંડયા. અલબત્ત, એના ભાગના ઓરડામાં. શી ખબર કઈ રીતે મારી આંખો મળી ગઈ ને કેમ અમે રાત પસાર કરી.

પછી બીજા દિવસે સૂર્યનું પહેલું કિરણ અમારા ઓરડામાં પ્રવેશ્યું. અમે જોઈએ છીએ તો અમારા ઓરડાની ફરસ પર હજારો ચોકના આડાઅવળા ને ઊંધાસવળા લીટાલીટા. એ લીટાઓમાં મેં દોરેલી પેલી ભાગલાની રેખા તો ક્યાંય દેખાતી ન હતી. એ બીજી બધી રેખાઓમાં ગરક થઈ ગઈ હતી.

ત્યાં જ કોમરેડ ઈવાએ બૂમ પાડીઃ સાંભળો છો કે? પોતું લઈને આ ફરસ જરા આ લીટાબીટા સાફ કરી નાખો તો.

હું એના પર ધૂવાંપૂવાં થઈ ગયો. ત્યાં જ એ બીજું વાક્ય બોલી...

ચાલો પછી આવો, હું રસોડામાં જઈને ચાનાસ્તો તૈયાર કરું છું.

પછી મને વિચાર આવ્યો. જો અમે બધ્ધું જ બે ભાગમાં વહેંચી નાખ્યું છે તો પછી આ ઘરકામ પણ અમે કેમ બે ભાગમાં ન વહેંચી નાખીએ?


મેં પોતું હાથમાં લીધું.

હું ફરસ પરના ચોકના લીટા સાફ કરતો હતો અને મારાં નસકોરાંમાંરસોડામાંથી ઊકળતી ચા અને રંધાતા નાસ્તાની સોડમ આવવા લાગી.અને સાહેબ, હું ચાનાસ્તા માટે તલપાપડ થઈ ગયો. બસ! **મ**




# વી. એસ. નાયપોલ / રાગ વિશ્વરંજની

# કેફિયત




રવીન્દ્રનાથ ટાગોર પછી જો કોઈ ભારતીય મૂળના લેખકને સાહિત્ય માટે નોબેલ પારિતોષિક મળ્યું હોય તો તે છે વિદ્યાધર સૂરજપ્રસાદ (વી. એસ.) નાયપોલ. જન્મ વેસ્ટ ઇન્ડિઝના ટ્રિનિદાદમાં અને શિક્ષા ઇંગ્લેન્ડમાં. લગભગ એંશી વર્ષના 'સર વિદ્યા'ની આજે ઇંગ્લેન્ડના પ્રમુખ લેખકોમાં ગણના થાય છે. અઢાર વર્ષની ઉંમરથી ઇંગ્લેન્ડમાં સ્થાયી થયેલા આ લેખક પોતાને દેશનિકાલ થયેલો માને છે. પિતા સૂરજપ્રસાદ પત્રકાર અને વાર્તાકાર હતા. ૪૭ વર્ષની નાની વયે ગુજરી ગયા અને ભાઈ શિવ નાયપોલ સારું લખતો હતો, પણ ૫૧ વર્ષની ઉંમરે એનું અવસાન થયું. નાયપોલ કહે છે કે પોતે દસ વર્ષની ઉંમરથી નક્કી કરી લીધું હતું કે મોટા થઈને પિતાની જેમ લેખક બનવું છે. હિન્દુ પરંપરા પ્રમાણે ઉછેર, અંગ્રેજી ભણતર તથા પશ્ચિમના જીવનની અસરના લીધે નાયપોલ પોતાને મિશ્ર સંસ્કૃતિનો માને છે. ઇન્ટરવ્યુ આપવા ખાસ પસંદ નથી, પણ વિવાદાસ્પદ વિધાનોથી થતો વિરોધ કે ઊહાપોહ ગમે છે. હવે વિવાદો ઊભા કરવાની એક આદત પડી ગઈ છે. પોતાની લેખનપ્રવૃત્તિ વિશે નાયપોલે આપેલી મુલાકાતોમાં રજૂ કરેલા થોડા વિચારો-લેખકને હું એટલા માટે શ્રેષ્ઠ પ્રવૃત્તિ ગણું છું, કારણ કે એનો સંબંધ સત્ય સાથે છે. આજે નવલકથાનું એ મહત્ત્વ નથી રહ્યું જે બાલ્ઝાક કે ડીકન્સના સમયમાં હતું. બીજાં માધ્યમોની ગેરહાજરીમાં તે સમયે આ લખાણ વાસ્તવિકતાનું દર્પણ હતું. આજની નવલકથાને હું અર્ધજીવિત માનું છું. એમની સરખામણીમાં ફિલ્મો વધારે જીવંત છે. હું કોઈ પણ પૂર્વગ્રહ વિના સમકાલીન સ્થિતિ પર લખું છું. મેં મારા લેખનને ક્યારેય દુશ્મનો સામે હથિયાર તરીકે નથી વાપર્યું. હું માનું છું કે નૈતિક મૂલ્યો વિના સારા લેખક નથી થઈ શકાતું. મારી પોતાની કોઈ નક્કર માન્યતાઓ નથી. હું સામાન્ય રીતે ઘટનાઓ સામે પ્રતિક્રિયા જ આપતો હોઉં છું.




*વિવિધ સ્રોતોમાંથી સંકલન*
*અને ગુજરાતી રજૂઆત*
*બકુલ બક્ષી*

*ફો. ૦૭૯-૨૬૭૬-૦૬૩૩*
**bakulbakshi@
hotmail.com**

લાંબો સમય ઇંગ્લેન્ડમાં રહ્યા પછી કયા વિષય પર લખવું એની દ્વિધામાં હતો ત્યારે મેં ટ્રિનિદાદના અનુભવો પર લખવાની શરૂઆત કરી. આ બન્ને જીવન વચ્ચે બહુ તફાવત હતો. ઇંગ્લેન્ડનો સમાજ બંધ બારણા પાછળનો છે. જ્યારે ટ્રિનિદાદમાં કંઈ જ ખાનગી નથી. જ્યારે ગંભીરતાથી લખું છું ત્યારે દિવસમાં લગભગ ચૌદ કલાક કામ કરું છું. હું ધીમી ગતિએ લખું છું. શરૂઆતમાં એક દિવસમાં હજાર શબ્દો લખી શકતો હતો. આજે ચારસોથી વધારે નથી લખતી શકતો અને તે પણ નિયમિત રીતે નહીં. એક પુસ્તક લખતાં મને સરેરાશ એક વર્ષ લાગે છે. મારી દૃષ્ટિએ લેખક માટે પ્રવાસ અત્યંત જરૂરી છે. લેખનમાં કેવળ ઘરના નહીં, પરંતુ બહારની દુનિયાના અનુભવો મહત્ત્વના છે. ભારતીય પરંપરાનો મારો અનુભવ દાદા-દાદી સાથે પૂરો થયો હતો. ભારત મારા માટે એક 'એરિયા ઓફ ડાર્કનેસ' (અજાણ્યો પ્રદેશ) રહ્યો

છે. માનું છું કે ભારતીય સંસ્કૃતિની જે સમૃદ્ધ પ્રાચીન પરંપરા છે તેના લીધે વિશ્વસાહિત્યને ત્યાંથી સારા લેખકો મળશે.

હું પુષ્કળ માત્રામાં વાંચું છું, પણ ઉતાવળમાં નહીં. કોઈ પણ લેખક માટે વાંચન મહત્ત્વની પ્રવૃત્તિ છે અને ધ્યેય સાથે વાંચવું જોઈએ. હું ફ્લાઈટમાં નથી વાંચતો, કારણ કે એ સમય પસાર કરવાની પ્રવૃત્તિ નથી. શેક્સપિયરનાં હેન્રી નાટકો મારાં પ્રિય છે. વિશ્વની સુંદરતા હજી સુધી લખાણોમાં પૂરેપૂરી દર્શાવાઈ નથી. દરેક લેખક માટે હજી પણ આ સુંદરતાને પોતાનાં લખાણોમાં વ્યક્ત કરવાની ભરપૂર તક છે. મને મારા લખાણ વિશે ઈન્ટરવ્યુ આપવા નથી ગમતા અને ઈનામોનું પણ ખાસ આકર્ષણ નથી. હું મને ગમતા વિષયોનાં પુસ્તકોનો માત્ર સર્જક છું. બીજા કોઈને ગમે કે નહીં તેની પરવા કર્યા વિના મને પોતાને ગમતું લખવાનો આગ્રહી છું. ઈંગ્લેન્ડસ્થિત ભારતીય મૂળના લેખક ફારુખ ધોન્ડીને આપેલા એક ઈન્ટરવ્યુમાં નાયપોલ કહે છે – લખતી વખતે મારા મનમાં બહુ સીમિત વાચકો હોય છે. વિશાળ વાચકવર્ગ એ લખાણને સ્વીકારશે કે નહીં તેના પર ધ્યાન નથી આપતો. કોઈ પણ લેખકની સફળતા માટે વિશ્વવ્યાપી સ્વીકૃતિ જરૂરી છે. માર્ક ટ્વેઈનને હું એ કક્ષાનો લેખક ગણું છું, જ્યારે મારી દૃષ્ટિએ ફિટ્ઝ્યુરાલ્ડ એક સ્થાનિક અમેરિકન વાચકો પૂરતો લેખક છે.

પત્રકારત્વનું મહત્ત્વ કેવળ સમાચાર પૂરતું છે. સાહિત્ય ભાવનાત્મક હોય છે, જ્યારે પત્રકારત્વમાં ભાવનાઓ ગૌણ બની જાય છે. વિવિધ દેશોના પ્રવાસ પછી મેં ત્યાંની સમકાલીન સ્થિતિ વિશે લખ્યું છે, પણ એ પત્રકારત્વ નથી. મારાં આ પુસ્તકો સાહિત્યિક સર્જન છે. હું પત્રકાર નથી. એક પુસ્તક લખ્યા પછી હું ખાલી થઈ જઉં છું અને બીજું લખતાં પહેલાં થોડો સમય નિષ્ક્રિય રહું છું. મને કળાકૃતિઓ ભેગી કરવાનો શોખ છે, પણ મોગલ કે રાજપૂત ચિત્રશૈલીથી હું પ્રભાવિત નથી. મારી દૃષ્ટિએ આ ચિત્રો રાજાઓની ઈચ્છા પ્રમાણે દોરાયાં છે. કોઈને સમર્પિત કળા મને ક્યારેય ગમી નથી.

૨૦૧૧માં નાયપોલે પોતાના સ્વભાવ પ્રમાણે એક વિવાદાસ્પદ અભિપ્રાય આપ્યો હતો, જે ઘણો ચર્ચાસ્પદ રહ્યો હતો. એણે કહેલું કે સ્ત્રીઓ પુરુષ જેવું સારું નથી લખી શકતી. કોઈ પણ લખાણ વાંચી હું કહી શકું છું કે એ પુરુષ દ્વારા લખાયું છે કે સ્ત્રી દ્વારા. જેન ઓસ્ટીનનાં લખાણો વિશે એ માને છે કે એમાં સાહિત્યનું સ્તર નથી અને તે સમયના અંગ્રેજ સમાજની મેનર્સ જાણવા પૂરતું જ એનું મહત્ત્વ છે. નાયપોલના સ્વભાવની આ ખાસિયત એને હંમેશાં ચર્ચામાં રાખે છે અને આવો વિવાદ એને ગમે પણ છે. **મ**

# ‘ઇન અ ફ્રી સ્ટેટ’

નાયપોલનો ૧૯૭૧માં પ્રકાશિત ત્રણ દીર્ઘકથાઓના સંગ્રહ ‘ઇન અ ફ્રી સ્ટેટ’ને ૧૯૭૧નું બુકર પ્રાઇઝ મળ્યું હતું. એનો કથક શરૂઆતના દિવસોમાં હોડીમાં બેસીને ઇજિપ્ત આવ્યો હતો. અને વર્ષો પછી પાછો પ્રવાસી તરીકે ઇજિપ્ત આવી કથા પૂરી કરે છે.

**પ્રથમ કથા :** જ્યારે માણસને પૈસાના અભાવને કારણે ગુલામ બનાવાતા એ સમયની આ વાત છે. મુંબઇ શહેરનો એક નોકર પોતાની નબળી આર્થિક પરિસ્થિતિને કારણે માલિક સાથે ભારત દેશ છોડી, વોશિંગ્ટન ડી.સી. જવા તૈયાર થઇ જાય છે. ભારતીય રૂપિયો ડોલર સામે નબળો હતો અને તેને કારણે બે ભારતીયો ખુબ જ દયનીય હાલતમાં હતા. પોતાને સધ્ધર કરવા ત્યારે પણ પૈસા સિવાય બીજો કોઇ ઇલાજ નહોતો. એ ગુલામને રહેવાની કોઇ સગવડ થઇ ન શકી અને સાંકડમુકડ કબાટ જેટલી જગ્યા માંડ સૂવા મળતી. થોડાક અઠવાડિયાં મહેનત કરીને ડોલરમાં કમાય છે અને પૈસા ભેગા કરે છે. પણ એ પૈસા તેના જમણમાં ઊડી જાય છે. ત્યાં રેસ્ટોરામાં જ એને હોટલની જમીનના સોદા કરતો વેપારી મળી જાય છે, જેને ત્યાં તે કામ કરવા તૈયાર થઇ જાય છે. પગાર રૂપે ગુલામને વેપારીના ઘરે રહેવાની વ્યવસ્થા મળી જાય છે. આખરે સંકડાશમાંથી તેને મુક્તિ મળે છે. છતાં આ ગુલામને સતત ભીલ રહે છે કે ક્યાંક તેનો અસલ માલિક જો તેને શોધી કાઢશે તો તેને પાછા ફરવું પડશે. પરંતુ ધીમે ધીમે તે રીઢો થઇ છે અને હવે તો ગેરકાયદેસર કામ કરવાની પણ તેને અનુકૂળતા આવી ગઇ છે. એને માથે દેશનિકાલની સજા જાહેર થઇ છે. આ સજામાંથી મુક્ત થવાનો એક જ રસ્તો છે, કે તે પેલી સ્ત્રી સાથે લગ્ન કરી લે. એ સ્ત્રીએ આનું ખૂબ જ શોષણ કર્યું હતુ અને પરિણામે તેને પેલી સ્ત્રી પાસે જતાં શરમ અનુભવાતી હતી પણ બીજો કોઇ રસ્તો નથી.

**બીજી કથા :** આ કથાના કથક પર ભરોસો કરી શકાય તેમ નથી. બીજી કથા પશ્ચિમી ભારતના એક ગ્રામીણ પરિવારની છે. પિતરાઇ ભાઇઓમાં એકની પરિસ્થિતિ સારી છે તેથી તે કથાનાયક પર પોતાની સત્તા જમાવે છે. આ શ્રીમંત પરિવારનો દીકરો કેનોડો જાય છે અને ત્યાં પગભર થાય છે, તે ભાગ્યશાળી હતો. બીજા કુટુંબનો નાનો દીકરો પણ ઇન્જીનીયરીંગનું ભણવા ઇંગ્લેન્ડ જાય છે. ત્યારે એનો મોટો ભાઇ એને પોતાનાથી બનતી બધી જ મદદ કરે છે. થોડા સમય બાદ એ પોતે પણ ઇંગ્લેન્ડ જાય છે, જેથી તે ભાઇને વધુ મદદરૂપ બની શકે. અહીં આવી તે વધુ મહેનત કરે છે અને પોતાનો ધંધો શરૂ કરવા જેટલા પૈસા ભેગા કરીલે છે. પણ અંતે એક વાત તેને સમજાય છે કે આટલા પ્રયત્ન

પછી પણ એનો ભાઈ ભણતો નથી પોતાના જમા કરેલા પૈસાથી એ એક રેસ્ટોરા ખોલે છે. એ હોટલ સતત તોફાની છોકરાઓથી ભરાયેલી રહેતી કથાના અંતે એક જબરજસ્ત વળાંક આવે છે. આ હોટલમાં એક છોકરાનું ખૂન થાય છે અને એ છોકરો એના નાના ભાઈનો મિત્ર હતો કથાના અંતે મોટો ભાઈ હાથમાં હથકડી અને પોલીસની નજરકેદ હેઠળ નાના ભાઈના લગ્નમાં હાજરી આપે છે.

**ત્રીજી કથા :** આ કથા ઈસ્ટ આફ્રિકાની છે. કથાનો નાયક બોબી સજાતીય સંબંધ ધરાવે છે. દેશના શાસનકર્તા એને નબળો રાજા પ્રિય હતો પણ સત્તા દેશના પ્રમુખના હાથમાં હતી ગુલામ દેશના શહેરી વિસ્તારોમાં હિંસાનું પ્રમાણ વધી રહ્યું હતું લોકોએ ગુલામીનો નાશ કરવા હિંસાનો આશ્રય લીધો હતો. આ હિંસાની જવાળા આજુબાજુના પાડોશી પ્રદેશોમાં પણ પ્રસરી હતી. એવું નોધાયું હતું કે એશિયનોને વિદેશમાંથી હાંકી કઢાયા હતા.

આ સમયે રાજધાનીના શહેરમાં બોબી કોન્ફરન્સમાં હાજરી આપવા આવે છે. ઘરે જતી વખતે તેને પોતાની ઓફિસના સાથી-મિત્રની પત્નીને લીફટ આપે છે. આજે બોબીએ હોટલ બારમાં ઝુલુ નામનાં યુવાન સાથે સંબંધ કરવાનો પ્રયત્ન કર્યો ત્યારે યુવાન ઝુલુએ તેને ધુત્કાર્યો હતો. અત્યારે ગાડીમાં લીન્ડા સાથે તે બેઠો હતો ત્યારે તે નોંધે છે કે લીન્ડા પણ કોઈ અન્ય પુરુષ સાથે સંબંધ ધરાવે છે. આ બંનેના સંબંધો અત્યારે બહુ વિરોધાભાસી વર્તાઈ રહ્યા હતા. લીન્ડા શાંત હતી જ્યારે બોબી માનસીક રીતે અસ્વસ્થ. હોટલ પહોંચતા સુધીમાં બોબીની અસ્વસ્થતામાં વધારો જ થયો હતો. હોટલ પહોંચીને જમતી વખતે બોબીને બીજી એક વાત જાણવા મળે છે કે એક એશિયન નોકર પીટર પોતાના માલિકના ખૂનની યોજના બનાવી રહ્યો છે.


લીન્ડા અને બોબી બંને પોતાની નિશ્ચિત મંજીલે પહોંચે છે. પણ એની થોડીવાર પહેલાં જ વૃદ્ધ રાજાની હત્યા થઈ ગઈ છે. બોબી તે ઈજિપ્તમાં સ્થળાંતર કરવાની યોજના બનાવે છે. આ પ્રદેશમાં હવે ધર્મ, રાજકારણ કે સામજિક જેવા કોઈપણ કારણસર હિંસાના પ્રવાહની શરૂઆત થઈ ગઈ છે. સલામતી દળના સભ્યો બોબીને પકડે છે. અને તેને મારવામાં આવે છે. લીન્ડા પ્રથમવાર આવી હિંસાની સાક્ષી બને છે. હવે આ પ્રદેશના લોકો અને તે સમાજ હિંસાના નવા પરિમાણથી પરિચિત થતા જાય છે.

કથા પ્રસ્થાપિત પ્રવાસની પ્રણલિકાને અનુસાર છે.

**સંકલન અને ગુજરાતીકરણ**
**સેજલ શાહ (ફો. ૦૯૮૨૧૫ ૩૩૭૦૨)**
**sej_5874@yahoo.com**



# ‘મમતા’ જાહેર ખબરના દર




## MAMATA
**Monthly Magazine of Gujarati Short Stories**
**Advertising Tariff**

| Size | Four-Colour | B/W |
|---|---|---|
| Full Page | Rs. 8,000 | 5,000 |
| Half Page | Rs. 4,500 | 3,000 |
| Qrt Page | Rs. 3,000 | 2,000 |
| One Inch Strip | Rs. 1,500 | 1,000 |
| Small (2 col. In.) | Rs. 1,500 | 1,000 |
| Second Cover | Rs. 10,000 | |
| Third Cover | Rs. 10,000 | |
| Last Cover | Rs. 15,000 | |

મમતા
વાર્તામાસિક




આવતી કાલના વાર્તાલેખકોનું આજનું માસિક

## મમતાનું વાર્ષિક લવાજમ
## ભારતમાં રૂ. ૨૦૦(૧૨ અંક)

**મોકલવાનું સરનામું :**
**રીડર્સ પેરેડાઇઝ**
**૬, ઉત્સવ રો હાઉસ, સાલ હોસ્પિટલ સામે,**
**થલતેજ, અમદાવાદ.**
**ફોન : ૦૭૯-૪૦૦૭ ૪૩૪૨**

**લવાજમ ચેક/ડી.ડી./મની ઓર્ડરથી સ્વીકારશે.**

સભ્યનું નામ:..............................................................................
સરનામું :..............................................................................
..............................................................................
..............................................................................
પિન કોડ ............................ ફોન/મોબાઈલ :..........................................
ઈ-મેલ :..............................................................................

## તમારા મિત્રો, સ્નેહીઓને પણ 'મમતા'ની ભેટ આપવા માટે નીચેનાં ફોર્મ ભરી શકો

લાભાર્થી સભ્યનું નામ: ____________
સરનામું : ____________
____________
____________
____________
પિન કોડ : ________ ફોન/મોબાઈલ : ________
ઈ-મેલ : ____________

લાભાર્થી સભ્યનું નામ: ____________
સરનામું : ____________
____________
____________
____________
પિન કોડ : ________ ફોન/મોબાઈલ : ________
ઈ-મેલ : ____________

લાભાર્થી સભ્યનું નામ: ____________
સરનામું : ____________
____________
____________
____________
પિન કોડ : ________ ફોન/મોબાઈલ : ________
ઈ-મેલ : ____________

લાભાર્થી સભ્યનું નામ: ____________
સરનામું : ____________
____________
____________
____________
પિન કોડ : ________ ફોન/મોબાઈલ : ________
ઈ-મેલ : ____________




The **GREEN QUESTION**! A formidable reminder of nature's inheritance of Planet Earth.
About sustainability. About life, today and tomorrow. At ONGC, WON Basin,
the universal green question is responded with green harmony, guiding all operations,
respecting the Mother Earth.
For a Greener Tomorrow, **in Thinking, in Actions**.

Goldmine/brd

ओएनजीसी
ONGC

# ONGC Ltd.
## Western Onshore Basin

Retail Price Rs. 20/-
Annual Subscription Rs. 200 (12 issues)
Volume 1 No. 3 February 2012

GUJGUJ13769/06/1/2011-TC

# જીતો

## 'મમતા'નું એક વર્ષનું લવાજમ અમારી શુભેચ્છા સાથે



## આ ચિત્ર ઉપરથી ૫૦૦ શબ્દોની એક વાર્તા લખી મોકલો

mamatamonthly@hotmail.com

Edited, Published & Printed by the Owner A. V. Thakar from 977/2 Sec 7-C, Gandhinagar 382007, India
Printing Press Allied Offset Printer (Gujarat) Pvt Ltd, 14/2 Kalidas Mill Compound, Gomtipur, Ahmedabad 380021, India
Please Return Undelivered Mail to 'Mamata' Administrative Office
c/o Readers Paradise, 6 Utsav Row House, Opp SAL Hospital, Thaltej, Ahmedabad 380052, India
Phone 079 4007 4342